દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 304 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 December 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
સોમવાર, ૨૩ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મોદીનું કુવૈતના સૌથી મોટા અવૉર્ડથી સન્માન

કુવૈત શહેરઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું કુવૈતના સૌથી મોટા મુલકી અવૉર્ડ 'ધિ ઓર્ડર ઑફ મુબારક અલ-કબીર'થી સન્માન કરાયું હતું.

કુવૈતના આમીર શેખ મેશાલ અલ-અહેમદ અલ-જાબેર અલ સબાહ દ્વારા અહીંના રાજમહેલ ખાતે મોદીનું આ અવૉર્ડથી સન્માન કરાયું હતું.

વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે મને કુવૈતના આમીર શેખ મેશાલ અલ-અહેમદ અલ-જાબેર અલ સબાહ દ્વારા અપાયેલા 'મુબારક અલ-કબીર'થી ઘણો ખુશ છું અને તે ભારતની જનતાને તેમ જ ભારત અને કુવૈતની દૃઢ મિત્રતાને સમર્પિત કરું છું.

'ધિ ઓર્ડર ઑફ મુબારક અલ-કબીર' કુવૈતનો નાઇટહુડ જેવો અવૉર્ડ ગણાય છે. વિદેશ (જુઓ પાનું ૨) ▸▸



**સર્વોચ્ચ સન્માનઃ** કુવૈતના આમીર શેખ મેશાલ અલ-અહેમદ અલ-જાબેર અલ સબાહની હસ્તે કુવૈતનું સર્વોચ્ચ સન્માન 'ધિ ઓર્ડર ઑફ મુબારક અલ કબીર' મેળવતા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

## ભારત-કુવૈત વચ્ચે વિવિધ ક્ષેત્રે સહકાર વધારવા સમજૂતી

કુવૈત શહેરઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કુવૈતના આમીર શેખ મેશાલ અલ-અહેમદ અલ-જાબર અલ-સબાહે માહિતી તંત્રજ્ઞાન (ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી), ફિનટૅક, આંતરિક માળખા, સલામતી સહિતના વિવિધ ક્ષેત્રે સહકાર વધારવા મંત્રણા કરીને સમજૂતી સાધી હતી. કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, સઉદી અરેબિયા, ઓમાન, કતારની બનેલી ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલની સાથે ભારતે ૨૦૨૩-૨૪માં ૧૮૪.૪૬ અબજ ડૉલરનો વેપાર કર્યો હતો અને તેમાં વધારો થવાની કુવૈત અને ભારતના નેતાઓએ આશા વ્યક્ત કરી હતી. મોદીએ કુવૈતના આમીરને ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું. કુવૈત ઇન્વેસ્ટમેન્ટ ઑથોરિટી દ્વારા ભારતમાંનું રોકાણ ૧૦ અબજ ડૉલરથી વધી ગયું છે અને તેમાં પણ વધારો કરવા પગલાં લેવાની દ્વિપક્ષી સમજૂતી સધાઇ હતી. (એજન્સી) ■

## ભર શિયાળે ગુજરાતમાં માવઠું ત્રાટકશેઃ

### ૨૦ જિલ્લામાં ત્રણ દિવસ માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કડકડતી ઠંડી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાતના ૨૦થી વધુ જિલ્લાઓમાં કમોસમી વરસાદની શક્યતાઓ છે. ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ અસર જોવા મળી શકે છે. જે બાદ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ અસર જોવા મળી શકે છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદની હાલ કોઇ શક્યતાઓ નથી. હવામાન વિભાગે રાજ્યમાં ૨૫થી ૨૭ ડિસેમ્બર વચ્ચે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી. માવઠાના સંકટના કારણે જગતનો તાત ચિંતિત બન્યો છે. ખેડૂતોને તેમના શિયાળું પાકની ચિંતા સતાવી રહી છે.

મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતાની સાથે જ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ■

## આસામમાં ₹ ૨૦ કરોડનું ડ્રગ્સ જપ્ત

ગુવાહાટીઃ આસામના કચર જિલ્લામાં રૂ. ૨૦ કરોડની કિંમતનો નશીલો પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે એક વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતી પોલીસે રવિવારે આપી હતી.

એક ગુપ્ત માહિતીના આધારે આઇજીપી પાર્થસારથી મહંતના વડપણ હેઠળ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ)એ કાર્યવાહી કરતાં સિલ્કુરી રોડ પર એક ઓપરેશન હાથ ધર્યું હતું. પરિણામસ્વરૂપ રવિવારે સવારે મોટરસાઇકલ પર જઇ રહેલી એક વ્યક્તિ પાસેથી યાબા ટેબ્લેટ (જુઓ પાનું ૨) ▸▸

## સ્મૃતિ મંધાનાએ સર્જ્યો વર્લ્ડ રેકોર્ડ

### મહિલા ક્રિકેટના ઇતિહાસમાં એક વર્ષમાં સૌથી વધુ રન ફટકારનારી પ્રથમ બેટર

વડોદરાઃ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી રમાઈ રહી છે. વડોદરા ખાતે રમાયેલી આ શ્રેણીની પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયાએ પ્રથમ બેટિંગ કરીને ૩૧૪ રન કર્યા હતા. ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ શાનદાર ૯૧ રનની ઇનિંગ રમી હતી. જેના કારણે ભારતીય ટીમ આટલા મોટા સ્કોર સુધી પહોંચી શકી હતી. મંધાનાએ પ્રથમ વિકેટ માટે પ્રતિકા રાવત સાથે ૧૧૦ રન અને બીજી વિકેટ માટે હરલીન દેઓલ સાથે ૫૦ રનની ભાગીદારી કરી હતી. આ મેચમાં તે સદી ફટકારવામાં ચૂકી ગઈ હતી. જોકે સ્મૃતિ મંધાના ભલે આ મેચમાં સદી ચૂકી ગઇ હોય પરંતુ તેણે વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ વનડે મેચમાં એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. તે મહિલા આંતરરાષ્ટ્રીય મેચમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન ફટકારનાર બેટર બની ગઈ છે. તેણે વર્ષ ૨૦૨૪માં ૧૬૦૨ રન કર્યા છે. આ પહેલા આ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડના નામે હતો. તેણે આ વર્ષે આ રેકોર્ડ પણ બનાવ્યો હતો. વર્ષ ૨૦૨૪માં તેના નામે કુલ ૧૫૯૩ રન નોંધાયેલા છે.





મહિલા ક્રિકેટના ઈતિહાસમાં એક વર્ષમાં સૌથી વધુ રન કરવાનો રેકોર્ડ હવે મંધાનાના નામે છે. તેણે ૨૦૨૪માં તમામ ફોર્મેટમાં ૧,૬૦૨ રન કર્યા છે. ભારતના વાઇસ કેપ્ટને પાંચ સદી અને પાંચ અડધી સદી ફટકારી છે. ભારતે ૨૦૨૪માં વધુ બે વનડે મેચ રમવાની છે અને મંધાના ૧,૭૦૦ રનનો આંકડો પણ પાર કરી શકે છે. ૧,૩૪૬ રન સાથે નેટ સાયવર-બ્રન્ટ ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડની આ બેટ્સમેને ૨૦૨૨માં ૧,૩૪૬ રન કર્યા હતા. મંધાના અગાઉ ચોથા અને પાંચમા સ્થાને પણ હતી. તેણીએ ૨૦૧૮માં ૧,૨૯૧ રન અને ૨૦૨૨માં ૧,૨૯૦ રન કર્યા હતા. ■

## કાશ્મીરી આતંકવાદી જૂથના શંકાસ્પદ સભ્યની બંગાળના દક્ષિણ ૨૪ પરગણામાં ધરપકડ

કોલકાતાઃ કાશ્મીર ખીણ પ્રદેશસ્થિત આતંકવાદી જૂથના શંકાસ્પદ સભ્યની બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં રવિવારે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીર પોલીસ અને બંગાળ પોલીસે સંયુક્ત રીતે કાર્યવાહી કરી પ્રતિબંધિત તહેરિકે મુજાહિદ્દીન આતંકવાદી જૂથના શંકાસ્પદ સભ્ય જાવેદ મુનશીની કેનિંગ હૉસ્પિટલ નજીકથી ધરપકડ કરી હોવાનું તેમણે કહ્યું હતું. શહેરમાં અંગત કારણોસર સંબંધીના ઘરે આવ્યો હોવાનો દાવો કરનાર જાવેદ કાશ્મીર ખીણ પ્રદેશમાં દેશવિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો અને લાંબા સમયથી તે જમ્મુ-કાશ્મીર પોલીસની વૉન્ટેડની યાદીમાં હતો.

તહેરિકે મુજાહિદ્દીન આતંકવાદી જૂથનું પાકિસ્તાનથી નિયંત્રણ કરવામાં આવે છે. આ જૂથ કાશ્મીર ખીણ પ્રદેશ, પાકિસ્તાન અને બાંગ્લાદેશસ્થિત અન્ય આતંકવાદી જૂથો સાથે પણ સંપર્ક ધરાવે છે.

જાવેદના સંબંધીઓએ કહ્યું હતું કે તે શ્રીનગરનો રહેવાસી છે, પરંતુ આતંકવાદી જૂથ સાથે સંકળાયેલો છે તેની અમને જાણ નહોતી અને જો તેની સામેના આરોપો પુરવાર થાય તો કાયદેસર તેની વિરુદ્ધ જે પગલાં લેવાતા હોય તે લેવા જોઈએ. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલી વ્યક્તિને ટ્રાન્ઝિટ રિમાન્ડ માટે જલદી જ અલીપોર કોર્ટમાં રજૂ કરવામાં આવશે. (એજન્સી) ■

## ટ્રમ્પે 'ઍપ્રિન્ટિસ'ના નિર્માતા માર્ક બર્નેટને યુકેમાંના ખાસ રાજદૂત બનાવ્યા

વેસ્ટ પામ બીચ (અમેરિકા): અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાના પરની ફિલ્મ 'ઍપ્રિન્ટિસ'ના નિર્માતા માર્ક બર્નેટને પોતાની આગામી સરકારમાં યુનાઇટેડ કિંગડમ ખાતેના અમેરિકાના ખાસ રાજદૂત બનાવ્યા છે.

માર્ક બર્નેટને અત્યાર સુધીમાં ૧૩ 'એમી અવૉર્ડ' મળ્યા છે.

'ઍપ્રિન્ટિસ'એ ટેલિવિઝનના દર્શકોને મોટી સંખ્યામાં આકર્ષવામાં અને ટ્રમ્પની પ્રસિદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે જાહેરાત કરી હતી કે મને આશા છે કે ટેલિવિઝન પરના જાણીતા નિર્માતા માર્ક બર્નેટ રાજદ્વારી તરીકે સારી કામગીરી બજાવી શકશે. લંડનમાં જન્મેલા માર્ક બર્નેટે 'સર્વાઇવર' અને 'વોઇસ' જેવી અનેક જાણીતી ફિલ્મ બનાવી હતી, પણ ૨૦૦૪માં (જુઓ પાનું ૨) ▸▸

## અલ્લુ અર્જુનના ઘરે તોડફોડ

હૈદરાબાદઃ તેલુગુ અભિનેતા અલ્લુ અર્જુનના અહીંના નિવાસસ્થાને ઉસ્માનિયા યુનિવર્સિટીની જોઇન્ટ એક્શન કમિટીના અમુક સભ્યોએ રવિવારે છોડના કુંડા અને અન્ય ચીજો તોડી હતી. દેખાવકારોએ અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-ટૂ' વખતે થિયેટરમાં થયેલી ભાગદોડમાં મરનારી મહિલાને ન્યાય અપાવવા સૂત્રોચ્ચાર કર્યો હતો. પોલીસે દેખાવકારોને અલ્લુ અર્જુનના ઘર પાસેથી દૂર કર્યા હતા. દેખાવકારોના પ્લેકાર્ડમાં લખાયું હતું કે ફિલ્મો બનાવીને કરોડો રૂપિયા કમાવાય છે, જ્યારે તેના દર્શકો મરી રહ્યા છે. ઉસ્માનિયા યુનિવર્સિટીની જોઇન્ટ એક્શન કમિટીએ તેલંગણાને રાજ્યનો દરજ્જો અપાવવાના આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ■





**બચાવ કામગીરીઃ** પંજાબના મોહાલી જિલ્લાના સોહાના ગામ ખાતે બહુમાળી ઈમારત તૂટી પડી, તે પછી ચાલતી બચાવ કામગીરી. આ દુર્ઘટનામાં હિમાચલ પ્રદેશની મૂળ વતની એક મહિલા મૃત્યુ પામી હતી, જ્યારે અનેક લોકો કાટમાળ હેઠળ દટાયા હતા. (પીટીઆઇ)


### મોહાલી ઈમારત દુર્ઘટના

## વધુ એક મૃતદેહ મળતા મૃત્યુઆંક બે થયો

ચંડીગઢઃ પંજાબના મોહાલીમાં ઇમારત ધરાશાયી થવાની ઘટના બાદ રવિવારે કાટમાળમાંથી વધુ એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. આ સાથે દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને બે થવા પામ્યો હતો. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

પંજાબના મોહાલી જિલ્લાના સોહાના ગામમાં શનિવારે સાંજે એક બહુમાળી ઇમારત ધરાશાયી થઇ હતી, જેના કાટમાળમાં પાંચ લોકો ફસાયા હતા. એક સત્તાવાર નિવેદન અનુસાર મોહાલીના ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દમનદીપ કૌરે જણાવ્યું કે બચાવ કામગીરી દરમિયાન એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો અને મૃતદેહની ઓળખ કરવામાં આવી રહી છે. આ પહેલા શનિવારે સાંજે સર્જાયેલી દુર્ઘટનામાં હિમાચલ પ્રદેશની ૨૦ વર્ષની યુવતીનું મોત થયું હતું. ઘટના સ્થળે રાતભર બચાવ કામગીરી ચાલુ રહી હતી અને બચાવ અભિયાન અંતર્ગત અનેક ખોદકામ મશીનોની મદદ લેવામાં આવી હતી.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એનડીઆરએફ), સેના, રાજ્ય બચાવ ટીમો શનિવાર સાંજથી રાહત અને (જુઓ પાનું ૨) ▸▸



**ત્રિવેણી સંગમઃ** પ્રયાગરાજમાં ૨૦૨૫ના મહાકુંભની પહેલાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ ખાતે હોડીમાં પ્રવાસ કરી રહેલા લોકો. મહાકુંભમાં ૪૫ કરોડ લોકો આવવાનો અંદાજ છે. મહાકુંભમાં આવનારા લોકોની ગણતરી માટે 'એઆઇ' આધારિત કેમેરા પણ બેસાડવામાં આવી રહ્યા છે. (પીટીઆઇ)

## રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાની એક વર્ષની ઉજવણી માટે ત્રણ દિવસની ધાર્મિક વિધિ

અયોધ્યાઃ અયોધ્યામાં રામ મંદિરમાં રામલલ્લાની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠાની એક વર્ષની ઉજવણી ત્રણ દિવસ ધાર્મિક રીતરિવાજ સાથે કરવામાં આવશે.

હિન્દુ કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૨૫ની ૧૧ જાન્યુઆરીએ પોષ શુક્લ દ્વાદશીને દિવસે રામલલ્લાનો અભિષેક કરી ૧૨:૨૦ વાગે ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવશે.

આ વર્ષની બાવીસ જાન્યુઆરીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર ખાતે રામલલ્લાની પ્રાણપતિષ્ઠાના સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટી ચંપતરાયે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે તે સમયે પ્રાણપ્રતિષ્ઠાના સમારોહમાં જે સાધુસંતોને આમંત્રણ નહોતું આપી શકાયું કે જેઓ હાજર નહોતા રહી શક્યા તેમને પણ આમંત્રણ આપવામાં આવશે. સામાન્ય પ્રજાજનો પણ આ સમારોહમાં ભાગ લઈ શકે તે માટે મંદિરની બહાર અને અંદર એમ બંને જગ્યાએ વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી માટે પાંચ (જુઓ પાનું ૨) ▸▸

## રાતા સમુદ્રમાં 'ફ્રેન્ડલી ફાયરિંગ' દરમિયાન અમેરિકાના નૌકાદળના બે અધિકારી પર ગોળીબાર

દુબઈઃ રાતા સમુદ્રમાં 'ફ્રેન્ડલી ફાયરિંગ' દરમિયાન અમેરિકાના નૌકાદળના બે અધિકારી પર ગોળીબાર કરવામાં આવ્યો હોવાનું અમેરિકાની સેનાએ કહ્યું હતું.

એક વર્ષ કરતા પણ વધુ સમયથી અમેરિકા યમનના હુતી બળવાખોરોને નિશાન બનાવી રહ્યું હોવા વચ્ચે આ ઘટનાને અમેરિકાના નૌકાદળને ધમકાવતી અતિ ગંભીર ઘટના લેખાવવામાં આવી રહી છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ નહોતી થઈ, પરંતુ એક અધિકારીને નજીવી ઈજા થઈ હતી.

અમેરિકા અને યુરોપની સંયુક્ત સેના રાતા સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહી હોવા છતાં એ વિસ્તારમાં થઈ રહેલા હુમલા દર્શાવે છે કે સમયની સાથે સાથે આ કોરિડોર કેટલો જોખમી બની રહ્યો છે. અમેરિકાની સેના હુતી બળવાખોરોને નિશાન બનાવી સમયાંતરે તેમના પર હવાઈહુમલા કરતી રહે છે

અમેરિકાની સેનાનું કહેવું છે કે અગાઉ અમારા યુદ્ધજહાજ અને વિમાનોએ હુતી બળવાખોરો દ્વારા છોડવામાં આવેલા અનેક ડ્રોન અને ઍન્ટી-શિપ ક્રૂઝ મિસાઈલ તોડી પાડ્યાં હતાં.

અમેરિકાના નૌકાદળમાં એસ. ટ્રૂમેન વિમાનવાહક જહાજનો સમાવેશ કરવામાં આવ્યા બાદ અમે હુતી લોકોને નિશાન (જુઓ પાનું ૨) ▸▸

## શંકરસિંહ વાઘેલાએ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે જ દારૂનું સમર્થન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં આયોજિત 'પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી'ના પ્રદેશ કાર્યાલયનું બાવીસ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ગાંધીનગરના અડાલજ ખાતે ઉદ્ઘાટન કરાયું હતું. આ સાથે જ નવી પાર્ટીના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે દાંતા સ્ટેટ રાજવી રિદ્ધિરાજસિંહ પરમારની વરણી પણ કરાઈ હતી. આ દરમિયાન પાર્ટી અધ્યક્ષ રિદ્ધિરાજસિંહજી પરમારે પક્ષના ભાવિ માટેના તેમના વિઝનની રૂપરેખા આપી હતી. રિદ્ધિરાજસિંહજી પરમારે જણાવ્યું હતું કે, આ પ્રજાની પાર્ટી છે, જ્યાં નેતાનું ભાષણ નહિ, પરંતુ પ્રજા સાથે સીધો સંવાદ અને તેમની સમસ્યા દૂર કરવાના વિઝન સાથેની પાર્ટી છે.

આ દરમિયાન ૮૩ વર્ષીય શંકરસિંહ વાઘેલાએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, પક્ષો આવવાના અને જવાના છે. જે જનતા પાર્ટી ૧૯૭૦માં સરકાર લાવી, ક્યા છે એ પાર્ટી? ક્યા છે એ પાર્ટીઓ? પરંતુ જાહેર જીવનમાં કેવા લોકોના હાથમાં સુકાન છે એ મહત્ત્વનું છે. ક્યારે શું હશે એ કલ્પના હોય, વહીવટની કલ્પના હોય. અમે લોકો જાહેર જીવનમાં ડબલું કૂટવા નથી આવ્યા, એમપી-એમએલએ બનવા નથી આવ્યા. પાર્ટીના હાથમાં છે કે પ્રજાને જીવતી રાખવી, ડરમાં રાખવી, મજા કરાવવી કે મોંઘવારીમાં રાખવી! પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીને ૨૦૨૧માં ભારતના ચૂંટણી આયોગમાં માન્ય પક્ષની મંજૂરી મળી હતી, અને ૨૦૨૩માં રાજ્ય ચૂંટણી આયોગે માન્યતા આપી હતી. ■

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હેલ્થ-મેડિકલ ઈન્સ્યોરન્સ પર ટેક્સ કેમ નથી ઘટાડાતો?

**ગુડ્ઝ** એન્ડ સર્વિસ ટેક્સ જીએસટી કાઉન્સિલની વધુ એક બેઠક યોજાઈ ગઈ અને આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પર જીએસટી ઘટાડવા મુદ્દે આ બેઠકમાં પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહીં. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી તરત જ ૧૮ જુલાઈએ ખુલ્લો પત્ર લખીને જીવન વીમા અને મેડિકલ વીમાના પ્રીમિયમ પરનો ૧૮ ટકા જીએસટી હટાવવાની માગ કરી હતી. એ પછી તરત જ સપ્ટેમ્બરમાં જીએસટીની બેઠક યોજાયેલી પણ ગડકરીની વાત સ્વીકારીને વીમા પરનો જીએસટી દૂર કરવા મુદ્દે કોઈ નિર્ણય લેવાયો નહોતો.

નાણાં મંત્રી નિર્મલા સીતારામને એ વખતે જાહેરાત કરી હતી કે, મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટી દરમાં ઘટાડા અંગેની ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ) ઓક્ટોબરના અંત સુધીમાં રિપોર્ટ સબમિટ કરશે અને તેના આધારે નિર્ણય લેવાશે. નિર્મલા મેડમે દાવો કરેલો કે, લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર લાગુ જીએસટી દૂર કરવા માટે વ્યાપક સર્વસંમતિની જરૂર પડશે. મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવા માટે વ્યાપક સહમતિ જરૂરી હોવાથી હાલ પૂરતો નિર્ણય ટાળવામાં આવ્યો છે.

આ વાતને ત્રણ મહિના થઈ ગયા અને ઓક્ટોબર પણ ક્યારનો પતી ગયો. ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ) દ્વારા તેનો રિપોર્ટ સબમિટ કરાયો કે નહીં એ કોઈને ખબર નથી કેમ કે સરકારે ફોડ પાડીને તેની વાત કરી નથી પણ આ વખતે પણ જીઓએમના નામે બિલ ફાડી દેવાયું. નાણામંત્રી નિર્મલા સીતારામને જાહેર કરી દીધું કે, આરોગ્ય અને જીવન વીમા પ્રીમિયમ પર જીએસટી ઘટાડવા મુદ્દે મંત્રીઓના જૂથે હજુ ઘણું કામ કરવાનું છે તેથી આ મુદ્દે કોઈ નિર્ણય લેવાયો નથી.

ભાજપ સરકારના બીજા મંત્રીઓની જેમ નિર્મલાએ પણ કોઈ સ્પષ્ટતા કરવાની તસદી લીધી નથી કે લોકોને સ્પર્શતા આટલા મોટા મુદ્દે લોકોને જવાબ આપવો જરૂરી હોવાનું મુનાસિબ માન્યું નથી. નાણાં મંત્રી પોતે કશું કહેવા માગતા ના હોય પછી બીજું કોઈ તો જવાબ આપે કે ચોખવટ કરે એવી આશા જ ના રખાય એ જોતાં હાલ પૂરતો આ મુદ્દા પર પડદો પડી ગયો છે ને નાણાં મંત્રીનું વલણ જોતાં કદાચ ભવિષ્યમાં પણ સરકાર આ મુદ્દે કોઈ નિર્ણય લે એવી શક્યતા નથી. લોકોને સ્પર્શતા મુદ્દે નિર્ણય લેવામાં સરકાર ૫ મહિના કાઢી નાંખે પછી તેની પાસેથી શું અપેક્ષા રખાય ? ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ ઓક્ટોબરમાં રિપોર્ટ સબમિટ કરવાના બદલે હજુ ચર્ચા જ કર્યા કરતું હોય તેનો અર્થ શો ?

આ નિર્ણય આમ તો જીએસટી કાઉન્સિલે લેવાનો છે પણ અત્યારે જે સ્થિતિ છે તેમાં તો મુદ્દો જીએસટી કાઉન્સિલ સામે ચર્ચા માટે જ નથી આવતો કેમ કે ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ તેને રમાડ્યા કરે છે. બાકી જીએસટી કાઉન્સિલ સામે મુદ્દો આવે તો કદાચ તાત્કાલિક તેનો નિવેડો આવી જાય એવું બને. મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવા સામે વિપક્ષોમાંથી કોઈને વાંધો નથી જ. કૉંગ્રેસ અને તૃણમૂલ કૉંગ્રેસ સહિતના વિપક્ષો લાંબા સમયથી આ માગ કરી રહ્યા છે તેથી વિપક્ષોમાંથી કોઈ વિરોધ કરવાનું નથી. તેનો મતલબ સાફ છે કે, ભાજપ સરકારને જ લાઈફ અને મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પરનો ટેક્સ ઘટાડવામાં રસ નથી તેથી જીઓએમના નામે ઠાગાઠૈયા કરાઈ રહ્યા છે.

નરેન્દ્ર મોદી સરકાર આ મામલે કેમ ઠાગાઠૈયા કરી રહી છે એ કળવું મુશ્કેલ છે પણ ગડકરીએ આ મુદ્દો ઉઠાવ્યો તેના કારણે નિર્મલા સીતારામનને પેટમાં ચુંક આવતી હોય એવું બને. ગડકરી જશ ના લઈ જાય એટલે વાતને ટલ્લે ચડાવાતી હોય એ શક્ય છે. ગડકરીએ કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારામનને લખેલા પત્રમાં કટાક્ષ કરેલો કે, જીવન વીમા અને આરોગ્ય વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લગાવવામાં આવ્યો છે એ જીવનની અનિશ્ચિતતાઓ પર ટેક્સ લગાવવા જેવું છે.

ગડકરીએ લખ્યું હતું કે એલઆઈસી એમ્પ્લોઇઝ યુનિયને આવેદનપત્ર આપીને જીવન-સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમ પરનો જીએસટી હટાવવાની માગ કરી છે તેથી સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ. ગડકરીએ લખેલું કે યુનિયનનું માનવું છે કે મેડિકલ ઇન્સ્યોરન્સ પર ૧૮ ટકા જીએસટી આ બિઝનેસના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઇ રહ્યો છે અને સિનિયર સિટિઝન માટે આ ટેક્સ બોજારૂપ છે.

ગડકરીએ સિનિયર સિટિઝનની વાત કરેલી પણ આ ટેક્સ બધાં માટે બોજારુપ છે. લાઈફ, ટર્મ અને મેડિકલ ઈન્સ્યોરન્સમાં કુલ પ્રીમિયમની રકમ પર ૧૮ ટકા જીએસટી લાગે છે. મતલબ કે, ૧૦ હજાર રૂપિયાનું પ્રીમિયમ હોય તો સીધો ૧૮૦૦ રૂપિયા જીએસટી લાગી જાય. ૨૦૧૭માં જીએસટી અમલી બન્યો પછી આ ટેક્સ લાગે છે તેથી એ પહેલાં વીમો લેનારા બિચારા પણ દંડાઈ ગયા છે. જીએસટી લાગુ કરવામાં આવ્યો એ પહેલાં વીમા પર ૧૫ ટકા ટેક્સ લાગતો હતો પણ ૧ જુલાઈ ૨૦૧૭થી જીએસટીનો અમલ શરૂ થયો પછી ૧૮ ટકા ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે. વેરાના દરમાં ૩ ટકાના આ વધારાની સીધી અસર પ્રીમિયમ પર પડી છે અને પ્રીમિયમ વધી ગયું છે. તેના કારણે સરકારને ફાયદો થયો પણ લોકોની હાલત બગડી ગઈ છે.

મોદી સરકારની દાનત પ્રીમિયમ પરના જીએસટીમાંથી થતી આવક પણ ખોવાની નથી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, કેન્દ્ર અને રાજ્યોએ આરોગ્ય વીમા પ્રીમિયમ દ્વારા ૮,૨૬૨.૯૪ કરોડ રૂપિયાની કમાણી કરી હતી જ્યારે હેલ્થ રિ-ઇન્સ્યોરન્સ પ્રીમિયમમાંથી ૧,૪૮૪.૩૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બંનેની મળીને લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાની કમાણી થયેલી કે જે છોડવાની સરકારની તૈયારી નથી. આ રકમ બહુ મોટી નથી પણ સવાલ સરકારની દાનતનો છે. કોઈ પણ લક્ઝુરીયસ આઈટમ પર જીએસટી નાંખીને ૧૦ હજાર કરોડ ઊભા કરી શકાય છે, પણ સરકાર જાણે છે કે, લોકો જખ મારીને પણ મેડિકલ હેલ્થ પોલિસી લેશે જ એટલે સરકાર લોકોને ખંખેરી શકાય એટલા ખંખેરવા માગે છે.

આ દેશના મિડલ ક્લાસ લોકોએ ભાજપ સરકારની આ માનસિકતાને સમજવા જેવી છે. આ સરકાર ખેડૂતોના ખાતામાં દર ચાર મહિને બે-બે હજાર જમા કરાવી શકે છે, ગરીબોને પાંચ વર્ષથી મફત અનાજ આપીને પોષે છે ને હજુ બીજાં પાંચ વર્ષ પોષવાની છે, પણ મધ્યમ વર્ગનાં લોકોને નાની રાહત પણ આપતાં તેનો જીવ નથી ચાલતો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, સોમવાર, તા. ૨૩-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની ૦૯-૦૮ સુધી, પછી હસ્ત.
- ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : સાંજે ક. ૧૮-૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૩ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૧૧-૫૬, રાત્રે ક. ૨૩-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - અષ્ટમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, અર્યમા પૂજન, શીવપાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજન, જુઇના પુષ્પથી સૂર્ય ચંદ્ર દેવતાનું પૂજન, વિનાયક પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, ધજા ,કળશ,પતાકા ચઢાવવી. પરદેશનું પસ્તાનું, રાજયાભિષેક, પાટ અભિષેક પૂજા,મુંડન કરાવવું નહી.નામકરણ,દેવ દર્શન,નવા વસ્ત્રો, આભૂષણ, મિત્રતા કરવી. નોકરી-વેપાર,સર્વશાંતિ,શાંતિ પૌષ્ટિક પૂજા,બગીચો બનાવવો, બી વાવવું. ધાન્ય ભરવું.ગાય બળદની લેવડ-દેવડ. નવાં વત્રો આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ
- આચમનઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ નાણાવ્યવહારમાં સંભાળવું, ચંદ્ર-ગુરુ ત્રિકોણ શેરબજારમાંથી લાભ થાય.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૨૪), ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ત્રિપુરામાં ભાજપનો ૧૦ વર્ષનો રિપોર્ટ કાર્ડ માર્ક્સવાદી પક્ષની ત્રણ દાયકાની કામગીરી પર ભારે પડશેઃ અમિત શાહ

અગરતલાઃ કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૮ની વિધાનસભાની ચૂંટણી સમયે હું ત્રિપુરામાં ભાજપ અને માર્ક્સવાદી પક્ષના શાસનકાળની કામગીરીનો રિપોર્ટ રજૂ કરીશ અને મને ખાતરી છે કે ભાજપનો ૧૦ વર્ષનો રિપોર્ટ કાર્ડ માર્ક્સવાદી પક્ષની ત્રણ દાયકાની કામગીરી પર ભારી પડશે.

અહીંના રવીન્દ્ર ભવન ખાતે યોજાયેલી નેશનલ કોઓપરેટિવ પરિષદને સંબોધન કરતાં શાહે આક્ષેપ કર્યો હતો કે ડાબેરીઓની સરકાર માત્ર માર્ક્સવાદીઓના સભ્યો માટે જ કામ કરતી હોવાને કારણે ડાબેરીઓના શાસનકાળ દરમિયાન ત્રિપુરા ૩૫ વર્ષ પછાત રહ્યું હતું.

ત્રિપુરાએ ભાજપને બે વખત શાસનની ધૂરા સંભાળવાની તક આપી હતી અને વર્ષ ૨૦૨૮ની વિધાનસભાની ચૂંટણીમાં હું ભાજપના દસ વર્ષના અને માર્ક્સવાદી પક્ષના ૩૫ વર્ષના શાસનકાળના રિપોર્ટ સાથે આવીશ. મને આશા છે કે ભાજપનો ૧૦ વર્ષનો રિપોર્ટ કાર્ડ માર્ક્સવાદી પક્ષની ત્રણ દાયકાની કામગીરી પર ભારી પડશે.

વર્ષ ૨૦૧૮માં ભાજપના પાઈપલાઈન મારફતે લોકોને ઘર સુધી પાણી પહોંચાડવાના પ્રમાણમાં ૨.૮૬ ટકાનો વધારો થયો હતો, પરંતુ વર્ષ ૨૦૨૪માં ભાજપ સત્તા પર આવ્યા બાદ આ પ્રમાણ વધીને ૮૭ ટકા થઈ ગયું છે એમ જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે આને કહેવાય સુચારુ વહીવટ.

ત્રિપુરા તેની કુલ ખેતપેદાશોમાંથી ૭૦ ટકાનું ઉત્પાદન ઑર્ગેનિક પદ્ધતિથી કરે છે, પરંતુ તેના સર્ટિફિકેશનની સમસ્યા છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા હું ખેડૂતોને નેશનલ ઑર્ગેનિક કોઓપરેટિવ લિ. સાથે જોડાવાની વિનંતી કરું છું, એમ અમિત શાહે કહ્યું હતું. (એજન્સી) ■

## કાશ્મીરીઓમાં ઠંડીથી બચવા માટે 'કાંગડી' અને 'હમામ'નો ઉપયોગ વધ્યો

શ્રીનગરઃ કાશ્મીરમાં અત્યારે અસહ્ય ઠંડી પડી રહી છે, ત્યારે વીજ પુરવઠો પણ અવારનવાર ખોરવાઇ જાય છે અને હિટર બંધ થઇ જાય છે અને તેથી સ્થાનિક લોકોમાં પારંપરિક 'કાંગડી' અને 'હમામ'નો ઉપયોગ વધ્યો છે.

શ્રીનગર શહેરમાં શનિવારે લઘુતમ તાપમાન છેલ્લાં ૩૩ વર્ષમાંનું સૌથી ઓછું (માઇનસ ૮.૫ અંશ સેલ્સિયસ) હતું. કાશ્મીરીઓ ગરમીથી બચવા માટે પારંપરિક વસ્ત્ર 'ફેરન'ની નીચે માટીનું વાસણ રાખે છે, તેને કાંગડી કે કાંગિડ કહે છે. માટીના વાસણમાં કોલસા રાખીને તેને ચારે બાજુથી વૃક્ષોની છાલ કે પાંદડાંથી ગૂંથવામાં આવે છે. કાશ્મીરમાં ચિનારનાં વૃક્ષોના મેપલ જેવા પાંદડાં લાલ થાય ત્યારે શરદ ઋતુના આગમનનો સંકેત મળે છે અને તે વખતે કાંગડી તૈયાર કરાય છે. ગરમ કાંગડીને ફેરન (લાંબું ગાઉન જેવું ઢીલું ઊનનું વસ્ત્ર)ની પાસે રખાય છે. અમુક લોકો કાંગડીને આખી રાત જાડી રજાઇની નીચે રાખે છે. નવવિવાહિત મહિલાને પહેલા શિયાળાની અગાઉ કાંગડી આપવાની અહીં પરંપરા છે. બાંદીપોરા અને અનંતનાગની કાંગડી લોકપ્રિય છે. શ્રીનગરથી ૬૫ કિલોમીટર દૂર કુલગામના કેટલાક ગામમાં કાંગડી બનાવવાની કળા પ્રચલિત છે. કાશ્મીરમાં શિયાળામાં લાકડાં, કોલસા જેવી ચીજોની માગ ઘણી વધી જાય છે. 'હમામ' અને 'બુખારી' લાકડીથી બનાવાય છે, જ્યારે 'કાંગડી' માટીમાંથી બને છે. (એજન્સી) ■

બાંગ્લાદેશમાં આતંક અટકતો નથી

## બદમાશોએ હિન્દુ પૂજારીની હત્યા કરીઃ મંદિરમાં લૂંટ ચલાવી

ઢાકાઃ બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારના પતન બાદ હિન્દુ લઘુમતીઓનું જીવન મુશ્કેલ બની ગયું છે. હાલમાં જ સમાચાર જાણવા મળ્યા છે કે અહીં એક હિન્દુ પૂજારીની હત્યા કરવામાં આવી છે અને મંદિરમાં પણ લૂંટ ચલાવવામાં આવી છે. બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધનો આતંક ઓછો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. હાલમાં જ અહીં ફરી એક હિન્દુ પૂજારીની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, તે બાંગ્લાદેશના કાશિમપુર સેન્ટ્રલ સ્મશાનગૃહમાં સ્થિત મંદિરમાં પૂજા કરતો હતો. પૂજારીની હત્યા કર્યા બાદ બદમાશોએ મંદિરમાં લૂંટ પણ ચલાવી હતી.

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકાર સામેના બળવા પછી હિંદુઓ પર અત્યાચાર અને હિંદુ મંદિરોની તોડફોડની અનેક ઘટનાઓ સતત જોવા મળી રહી છે, પરંતુ યુનુસ સરકાર માત્ર મૂક પ્રેક્ષક બનીને જોઈ રહી છે. આ ઘટના બાદ ઈસ્કોનના કોલકાતા યુનિટે ઉગ્રવાદીઓ દ્વારા હિન્દુ પૂજારીની કરવામાં આવેલી 'હત્યા'ની નિંદા કરી છે અને આ માટે બાંગ્લાદેશ સરકારને જવાબદાર ઠેરવી છે. ઇસ્કોન કોલકાતાના પ્રવક્તા રાધારમણ દાસે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને કહ્યું હતું કે, બાંગ્લાદેશના નાટોરમાં કાશીમપુર સેન્ટ્રલ સ્મશાનગૃહ સ્થિત મંદિર પર થયેલા હુમલા વિશે સાંભળીને આઘાત લાગ્યો. મંદિરમાંથી કીમતી વસ્તુઓ લૂંટી લેવામાં આવી હતી અને મંદિરના સેવક તરુણ ચંદ્ર દાસની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. તેના હાથ-પગ બાંધેલા જોવા મળ્યા હતા. બાંગ્લાદેશમાં હિંદુ સ્મશાનગૃહ પણ હવે સુરક્ષિત નથી. ■

## કોંગોમાં બુસિરા નદીમાં બોટ પલટી જતાં ૩૮નાં મોતઃ ૧૦૦થી વધુ ગુમ

કિંશાસાઃ કોંગોની બુસિરા નદીમાં યાત્રીઓથી ખચોખીચ ભરેલી બોટ પલટી ગઇ હતી. આ દુર્ઘટનામાં નાતાલની ઉજવણી કરવા માટે ઘરે પરત ફરી રહેલા ૩૮ લોકોનાં મોત થયા હતા. જ્યારે ૧૦૦થી વધુ લોકો ગુમ થયા છે. આ દુર્ઘટના શુક્રવારે મોડી રાત્રે બુસિરા નદીમાં બની હતી. મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ જાણકારી સ્થાનિક અધિકારીઓ અને પ્રત્યક્ષદર્શીઓએ આપી હતી.

નોંધનીય છે કે લગભગ ચાર દિવસ પહેલા દેશના ઉત્તર-પૂર્વમાં વધુ એક બોટ ડૂબવાને કારણે ૨૫ લોકોનાં મોત થયા હતા. કોંગોમાં બોટ પલટી જવાની તાજેતરની ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦ લોકોને બચાવી લેવાયા હોવાની પુષ્ટિ થઇ છે. દુર્ઘટના સ્થળ નજીક આવેલા ઇંગેન્ડે શહેરના મેયર જોસેફ કોંગોલીન્ગોલીના જણાવ્યા અનુસાર બોટ કોંગોના ઉત્તર-પૂર્વમાં જળક્ષેત્રમાં હતી. જેમાં મોટાભાગે વેપારીઓ સવાર હતા જે નાતાલની ઉજવણી કરવા માટે ઘરે પરત ફરી રહ્યા હતા. ઇંગેન્ડેના રહેવાસી એનડોલો કેડીના જણાવ્યા અનુસાર બોટમાં ૪૦૦થી વધુ લોકો સવાર હતા અને બોટ બોએન્ડેના માર્ગ પર આવતા બે બંદરો ઇંગેન્ડે અને લુલોમાંથી પસાર થઇ હતી. તેથી મૃત્યુઆંક વધુ હોવાની આશંકા છે.

કોંગોના અધિકારીઓ વારંવાર ઓવરલોડિંગ બોટ માટે ચેતવણીઓ આપતા રહે છે અને જળ પરિવહન સલામતીના પગલાંનું ઉલ્લંઘન કરનારાઓને સજા ફટકારે છે. પરંતુ અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા મોટાભાગના યાત્રીઓ રોડ માર્ગે મુસાફરી કરવાનો ખર્ચ વહન કરી શકતા નથી. ગત ઓક્ટોબરમાં દેશના પૂર્વ ભાગમાં ઓવરલોડ બોટ પલટી જતાં ઓછામાં ૭૮ લોકોનાં મોત થયા હતા. તેમજ જૂનમાં કિંશાસા નજીક આવી જ દુર્ઘટનામાં ૮૦ લોકોનાં મોત નીપજ્યા હતા. ■

## પંજાબ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આપ-કૉંગ્રેસનો દબદબો

જલંધઃ પંજાબની પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર કોણ બનશે તે નક્કી કરવા માટે શનિવારે મતદાન થયું હતું. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને બીજેપી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. પટિયાલામાં આમ આદમી પાર્ટીને બહુમતી મળી છે. પટિયાલા મ્યુનિસિપલ કોર્પોરેશનની ૬૦માંથી ૪૫ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં આપે ૩૫ બેઠકો જીતી હતી. જ્યારે કોંગ્રેસ અને ભાજપે ચાર-ચાર બેઠકો જીતી હતી અને શિરોમણિ અકાલી દળના બે ઉમેદવારો જીત્યા છે. એટલે પટિયાલામાં આપ મેયર બનશે.

અમૃતસરમાં કોંગ્રેસનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. અમૃતસરમાં કોંગ્રેસને બહુમતી મળી છે અને અહીં કોંગ્રેસના મેયર બનશે. કોંગ્રેસને ૪૩, આપને ૨૪, ભાજપને નવ અને અકાલી દળને ચાર બેઠકો મળી છે. પાંચ પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો હતો.

ફગવાડામાં કોંગ્રેસે મોટી જીત નોંધાવીને સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. ફગવાડામાં આમ આદમી પાર્ટીએ ૧૨ વોર્ડમાં, કોંગ્રેસને ૨૨માં, ભાજપને પાંચમાં, અકાલી દળને ૨ વોર્ડમાં, બસપાને ૧ અને અપક્ષોને ૩ વોર્ડમાં જીત મળી છે. કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી તો આવી છે, પરંતુ મેયર પદ માટે તેને અપક્ષો અને નાના પક્ષોનો ટેકો મેળવવો જરૂરી બનશે. ■

## આસામમાં બાળલગ્ન વિરુદ્ધ અભિયાનના ત્રીજા તબક્કામાં ૪૧૬ની ધરપકડ

ગુવાહાટીઃ આસામમાં બાળલગ્ન વિરુદ્ધ અભિયાનના ત્રીજા તબક્કામાં ૪૧૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી ૨૧-૨૨ ડિસેમ્બરની રાત્રે શરૂ કરવામાં આવી હતી. આ જાણકારી આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાએ રવિવારે આપી હતી. પોલીસે ૩૩૫ કેસ નોંધ્યા છે અને ધરપકડ કરાયેલા લોકોને રવિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવનાર હતા. મુખ્ય પ્રધાને એક્સ પર જણાવ્યું કે આસામે બાળલગ્નો વિરુદ્ધ લડાઇ ચાલુ રાખી છે. ૨૧-૨૨ ડિસેમ્બરની રાત્રે શરૂ કરવામાં આવેલા ત્રીજા ચરણના તબક્કામાં ૪૧૬ ધરપકડ કરવામાં આવી હતી અને ૩૩૫ કેસ નોંધવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા લોકોને રવિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. અમે આ સામાજિક દૂષણને ખતમ કરવા માટે સાહસિક પગલાં લેતા રહીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ૨૦૨૩માં ફેબ્રુઆરી અને ઓક્ટોબરમાં બે તબક્કામાં બાળલગ્નો વિરુદ્ધ અભિયાન હાથ ધર્યું હતું. ફેબ્રુઆરીમાં પ્રથમ તબક્કામાં ૩,૪૮૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૪,૫૧૫ કેસ નોંધાયા હતા. જ્યારે ઓક્ટોબરમાં બીજા તબક્કામાં ૯૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૭૧૦ કેસ નોંધાયા હતા. ■

## ટેક્સાસમાં ગોળીબારમાં વાહનચાલકનું મોત

કિલીનઃ અમેરિકાના ટેક્સાસમાં ભાગી રહેલા એક પીકઅપ વાહન ચાલકે એક વ્યસ્ત શોપિંગ મોલમાં ઘૂસીને લોકોને ઇજાગ્રસ્ત કર્યા હતા. આ શંકાસ્પદને કાયદા અમલીકરણ અધિકારીઓ દ્વારા ગોળી ધરબી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. આ પહેલા વાહન ચાલકે મોલમાં પાંચ લોકોને ઘાયલ કર્યા હતા. આ માહિતી અધિકારીઓએ આપી હતી. ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીના સાર્જન્ટ બ્રાયન વાશ્કોના જણાવ્યા અનુસાર ઘાયલોમાંથી ચારને કિલીન મોલમાંથી હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### મોદીનું

મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે 'એક્સ' પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે મોદીજીના આ સન્માનથી બન્ને દેશ વચ્ચેના સંબંધ વધુ દઢ બનવાની આશા રખાય છે.

મોદીને મળેલો આ વીસમો આંતરરાષ્ટ્રીય અવૉર્ડ છે.

અગાઉ, કુવૈતે બિલ ક્લિન્ટન, પ્રિન્સ (હાલમાં રાજા) ચાર્લ્સ અને જ્યોર્જ બુશનું 'ધિ ઓર્ડર ઑફ મુબારક અલ-કબીર'થી સન્માન કર્યું હતું. મોદી શનિવારે કુવૈતની બે દિવસના પ્રવાસે પહોંચ્યા હતા. તેઓ અખાતના આ દેશની છેલ્લાં ૪૩ વર્ષમાં મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન બન્યા છે. મોદીને અગાઉ સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, બહરીન, ગયાના, ડોમિનિક, નાઇજીરિયા જેવા દેશો દ્વારા આવા અવૉર્ડથી સન્માન કરાયું હતું. ભારત અને કુવૈત વચ્ચે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં ૧૦.૪૭ અબજ ડૉલરનો વેપાર થયો હતો. ભારતને ખનિજ તેલ પૂરું પાડતા દેશોમાં કુવૈત છઠ્ઠા ક્રમે છે. (એજન્સી) ■

### આસામમાં

અને હેરોઇન જપ્ત કરવામાં આવ્યા હતા. મહંતે જણાવ્યું કે જપ્ત કરવામાં આવેલી સામગ્રીમાં ૬૦,૦૦૦૦ યાબા ટેબ્લેટ અને ૧૨૫ ગ્રામ હેરોઇન સામેલ છે. યાબા ઉત્તેજક પદાર્થોનું સંયોજન છે, જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ મેથામ્ફેટામાઇન અને કેફીન છે. તેના ઘણા ઉપનામ છે જેમ કે થાઇ નામ 'ક્રેઝી મેડિસિન', 'મેડનેસ મેડિસિન' અથવા 'નાઝી સ્પીડ'. પોલીસે સાહિલ અહેમદ લસ્કર નામના એક વ્યક્તિની ધરપકડ કરી મોટરસાઇકલ કબજે કર્યું હતું. પોલીસ મહાનિરીક્ષકે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત ૨૦ કરોડ રૂપિયા છે. ■

### ટ્રમ્પે

એનબીસી પર સૌપ્રથમ વખત પ્રસારિત કરાયેલી ટ્રમ્પને લગતી ફિલ્મ 'ઍપ્રિન્ટિસ'ને લીધે તેમની લોકપ્રિયતા વધી હતી.

ડોનલ્ડ ટ્રમ્પ રિયલ એસ્ટેટ અને પોપ કલ્ચર સર્કલ્સમાં દાયકાઓથી જાણીતા છે. (એજન્સી) ■

### રામલલ્લાની

સ્થળે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

બીજા અને ત્રીજા કાર્યક્રમનું આયોજન અનુક્રમે યજ્ઞ મંડપ અને મંદિર પરિસરમાં આવેલા યાત્રાળુ સુવિધા કેન્દ્રમાં કરવામાં આવશે.

સામાન્ય જનતા માટે મંદિરની બહાર અંગદ ટીલા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. મંદિર પિરસરમાં યોજવામાં આવનારાં કાર્યક્રમમાં માત્ર આમંત્રિતો જ ભાગ લઈ શકશે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં વર્ષ ૨૦૨૪ની બાવીસ જાન્યુઆરીએ રામલલ્લાની નવી પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

દેશના કરોડો લોકોએ આ ઐતિહાસિક ક્ષણનું જીવંત પ્રસારણ ટીવી પર જોયું હતું. (એજન્સી) ■

### રાતા સમુદ્રમાં

બનાવતા હુમલાઓ વધારી દીધા હોવાનું તેમણે કહ્યું હતું. ઑક્ટોબર ૨૦૨૩માં આઝારાયલહમાસ વચ્ચે ગાઝાપટ્ટીમાં યુદ્ધ શરૂ થયા બાદ હુતી બળવાખોરોએ ૧૦૦ કરતાં પણ વધુ વેપારી જહાજને મિસાઈલ અને ડ્રોનથી નિશાન બનાવ્યા છે.

બળવાખોરનું કહેવું છે કે ગાઝામાં ઈઝરાયલ દ્વારા હમાસ પર કરવામાં આવી રહેલા હુમલાઓના વિરોધમાં અમે માત્ર, અમેરિકા, યુકે અને ઈઝરાયલ સાથે સંકળાયેલાં જહાજોને જ નિશાન બનાવીએ છીએ. (એજન્સી) ■

### મોહાલી ઈમારત દુર્ઘટના

બચાવ કામગીરીમાં લાગેલા છે. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સની સાથે મેડિકલ ટીમ પણ તહેનાત કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર આ ઇમારતમાં એક જીમ પણ હતી. બાજુના પ્લોટમાં ખોદકામના કારણે ઇમારત ધરાશાયી થઇ હતી.

ભારતીય સેનાના પશ્ચિમી કમાન્ડે એક્સ પર જણાવ્યું કે એન્જિનિયર ટાસ્ક ફોર્સ ઘટનાસ્થળ પર કામ કરી રહી છે. સાથે કાટમાળ હટાવવાના મશીન અને ખોદકામ મશીનની મદદ લેવામાં આવી રહી છે. ઉપરનો કાટમાળ હટાવી દેવામાં આવ્યો છે અને બેસમેંટ સુધી પહોંચવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. શનિવારે ઘટનાસ્થળે હાજર પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવે જણાવ્યું હતું કે વિવિધ એજન્સીઓ દ્વારા બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ■

# સમાજમાં દૂષણ ફેલાવતાં તત્ત્વોને મૂકદર્શક બન્યા વિના હકારાત્મકતા ફેલાવી કાઉન્ટર અટેક કરવો જરૂરીઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસ્કૃતિ, સદાચાર અને સામાજિક મૂલ્યો માટે અનન્ય યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના ૮ વ્યક્તિ વિશેષને સુરત ખાતે 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' અર્પણ કરતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સમાજમાં દૂષણ ફેલાવનાર તત્ત્વોની અસામાજિક પ્રવૃત્તિઓને મૂકદર્શક બનીને જોવાના બદલે હકારાત્મકતા ફેલાવીને કાઉન્ટર એટેક કરવો જરૂરી છે. નકારાત્મકતા સામે હકારાત્મક બનીને સાંસ્કૃતિક મૂલ્યોના મૂળ પર હુમલો કરનારા લોકો સામે લડવું અને સાથે સાથે સમાજને પણ જાગૃત્ત કરવો જરૂરી છે.

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં આયોજિત એવોર્ડ સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રભાવનાથી મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરવામાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સાંવરપ્રસાદ રામપ્રસાદ બુધીયા, સુધા કાકડિયા નાકરાણી, નંદકિશોર શર્મા, કેશવભાઈ ગોટી, ગીતાબેન શ્રોફ, તરુણ મિશ્રા, કોમલબેન સાવલિયા અને પ્રતિભા દેસાઈને 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર'થી સન્માનિત કરાયા હતા. પુરસ્કારની સાથે પ્રત્યેક સમાજ સેવકને ૧ લાખનો રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિ ચિહ્‌ન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે, સમજણ, મર્યાદા, વ્યવહારુ જ્ઞાન અને જવાબદારીના ગુણો શીખીશું તો નવી પેઢીમાં મૂલ્યનિષ્ઠાનું સરળતાથી સિંચન કરી શકીશું. યુવાધનને સાચી દિશા આપવા અને દૂષણોને નાથવા પણ એટલા જ જરૂરી છે. નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારે મૂલ્યો સાથેના શિક્ષણ પર સતત ભાર મૂક્યો છે. યુવાનોને સાચા રસ્તે આગળ વધારવા અને જવાબદાર નાગરિક બનાવવાના સરકારના પ્રયાસોમાં સાંસ્કૃતિક યોદ્ધાઓનો સતત સહયોગ મળી રહ્યો છે.

રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે કુટુંબો વિભક્ત થઈ રહ્યા છે. છેલ્લા વર્ષમાં પોલીસ કાન્સેલીંગ થકી વૃદ્ધાશ્રમોમાં રહેતા ૧૬ જેટલા વડીલોને અને તેમના સંતાનોને એક કરવામાં, સ્વગૃહે પરત લઈ જવામાં સફળતા મળી છે. દાદા-દાદી સમાન કોઈ મોટી યુનિવર્સિટી નથી. સંતાનોને ભૌતિક સુખ-સુવિધાની સાથે સંસ્કાર, વ્યવહારદક્ષ પણ બનાવીને પરિવાર, અભ્યાસ પ્રત્યે સભાન બનાવવા પણ જરૂરી છે. ■

# ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ૮૦૦ સરકારી સેવાઓ નાગરિકોના ઘરઆંગણે ઉપલબ્ધ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શી, સરળતાથી અને ઝડપથી મળી રહે તેવા હેતુસર ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ કાર્યરત છે. રાજ્યમાં નવી ટેક્નોલોજી સાથે જનહિતલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ મહત્ત્વનું પગલું સાબિત થયું છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને ૮૦૦થી વધુ સરકારી સેવાઓ-યોજનાઓ વિવિધ પ્લેટફોર્મ્સ જેવા કે ઓનલાઇન, જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો, સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે તેમજ આંગળીના ટેરવે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ડિજિટલ ગુજરાત અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ મળી છે. સ્કોલરશિપ કાર્યક્રમ હેઠળ, ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડની માતબર રકમની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફિશરી ટ્રાન્સફર દ્વારા સીધા તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી છે. આ ઉપરાંત સેવા સેતુ કાર્યક્રમ થકી ગુજરાત સરકારે નાગરિકોના ઘર આંગણે જઈ ૧૦ તબક્કામાં કુલ ૩.૦૭ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરી વિવિધ સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે. ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ સાથે વધુમાં વધુ નાગરિકો જોડાય તેવા ઉમદા હેતુથી સતત નવા-નવા સુધારા કરવામાં આવી રહ્યા છે.

જેમાં નાગરિકોને વ્હોટ્સએપ પર સીધી સરકારી સેવાઓની માહિતી મેળવવા માટે વ્હોટ્સએપ ચેટબોટ પણ બનાવવામાં આવ્યું છે તેવી જ રીતે ડિજિટલ ગુજરાત ચેટબોટ નાગરિકોના પ્રશ્નોના જવાબ આપી તેમને માર્ગદર્શિત કરશે. દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાને દૂર કરીને સમય બચતની સાથે પારદર્શી રીતે પ્રમાણપત્રો સરળતાથી મેળવવાં માટે ઈ-સાઈન અને ઈ-સીલની સુવિધા પણ આપવામાં આવી રહી છે. ડિજિટલ ગુજરાત ૨.૦ હેઠળ અદ્યતન ટેક્નોલોજી અને આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી સરકારની સેવાઓ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે તેનાં લાભાર્થી સુધી પહોંચાડવામાં આવશે. ■

# ૬૮૦ સરકારી યોજનાઓની વિગતવાર માહિતી 'મારી યોજના' પોર્ટલ પર ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર સાથે સંયુક્ત રીતે મારી યોજના પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી સામાન્ય નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી મારી યોજના પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦થી પણ વધુ યોજનાઓની માહિતી આ પોર્ટલ પર નાગરિકોને ઉપલબ્ધ થશે. આ પોર્ટલની મદદથી રાજ્યના નાગરિકો વિવિધ યોજનાઓથી માહિતગાર થશે તેમજ પોતાને લાગુ પડતી યોજનાઓનો લાભ પારદર્શક રીતે અને સરળતાથી મેળવી શકશે.

આ પોર્ટલ દ્વારા નાગરિકો એક જ સિંગલ સ્રોતમાંથી સરળતાથી સરકારી યોજનાઓ સંબંધિત માહિતી મેળવી શકાશે. સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે અરજીની પ્રક્રિયા આ પોર્ટલ થકી સરળ બનશે. રાજ્યના છેવાડાના નાગરિકો કોઈપણ કચેરીના ધક્કા ખાધા વગર, સમય અને અંતરના બાધ વિના ઘરેબેઠા યોજનાઓની માહિતી સરળતાથી મેળવી શકશે. ડિજિટલ સશક્તીકરણ થકી સરકાર અને નાગરિકો વચ્ચે એક સેતુ બંધાશે, જે નાગરિકો માટે સુવિધા ઊભી કરશે.

આ પોર્ટલ પર વિવિધ સરકારી યોજનાઓ, તેનો સારાંશ, પાત્રતાના માપદંડો, મળવાપાત્ર લાભો અને જરૂરી બિડાણો, અરજી પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે. નાગરિકો શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવાં વિવિધ ક્ષેત્રોની યોજનાઓને સરળતાથી આ પોર્ટલ પર શોધી શકે છે. આ ઉપરાંત, નાગરિકો આ પોર્ટલ પર મલ્ટિપલ પર્સનલાઇઝ્ડ ક્રાઇટેરિયા એટલે કે વિવિધ વ્યક્તિગત માપદંડોના આધારે પોતાને ઉપયોગી માહિતીની શોધ કરી શકે છે. નાગરિકો પોતાની વ્યક્તિગત વિગતો અને સામાજિક-આર્થિક પરિબળોના આધારે સરકારી યોજનાઓ માટે પાત્રતા ધરાવે છે કે કેમ તે જાણી શકશે.

રાજ્ય સરકાર દ્વારા સંબંધિત યોજનાઓને લગતા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે મારી યોજના પોર્ટલ માટે એઆઈ સંચાલિત ચેટબોટનો વિકાસ પણ કરવામાં આવી રહ્યો છે. તેના થકી રાજ્ય સરકાર પોતાના નાગરિકો સુધી સરળતાથી પહોંચી શકશે અને નાગરિકોને રાજ્યની તમામ યોજનાઓ સંબંધિત માપદંડો, અરજી પ્રક્રિયા, સમયમર્યાદા સહિત તમામ માહિતીઓ વાસ્તવિક સમય પર અને પોતાની માતૃભાષામાં મેળવવા માટે સક્ષમ બનાવશે. મારી યોજના પોર્ટલ સરકારી કાર્યપદ્ધતિને વધુ સમાવિષ્ટ, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાની દિશામાં એક પહેલ છે. ■

# વડોદરામાં વાસણા જંક્શન બ્રિજનો વિવાદ વકર્યો

## શહેરમાં ભાજપ વિરોધી પોસ્ટર લાગતા તંત્રમાં દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં વાસણા જંક્શનના બ્રિજ મુદ્દે શરૂ થયેલો વિરોધ હવે સતત વધી રહ્યો છે. શહેરમાં રવિવારે ભાજપ કાર્યાલયના તકતી અનાવરણ પ્રસંગે મુખ્ય પ્રધાન સહિતના નેતાઓ આવે તે પહેલાં જ ક્રાંતિકારી સેનાના નામે ભાજપ વિરોધી બેનરો લાગતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.વાસણા જંક્શન બ્રિજના વિરોધમાં આંદોલન કરી રહેલી ક્રાંતિકારી સેના દ્વારા વડોદરાના નારાજ લોકોની વેદના વ્યક્ત કરતાં બેનરો લગાડવામાં આવતાં ભાજપના નેતાઓમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરા કલેક્ટર કચેરી સામે અને વાસણા રોડ પર બેનરો લગાડવામાં આવ્યાં હતાં. જેમાં મોદી સાહેબ તમારા બનાવેલા નેતા લોકોને ઉલ્લુ બનાવે છે, જનતા વોટ આપે, જનતા વિરોધ કરે, તો નેતાઓ શું કરશે? જેવા લખાણ સાથેનાં બેનરો લગાડવામાં આવતા તંત્રમાં દોડધામ મચી ગઇ હતી. વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરમાં સમા, વૃંદાવન ચાર રસ્તા, ખોડિયાર નગર, સોમા તળાવ અને વાસણા રોડ જંક્શન ઉપર નવા ફ્લાયઓવર બ્રિજ બનાવવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ બ્રિજ બનાવવા સામે સ્થાનિક લોકો દ્વારા વિરોધ શરૂ કરાયો છે. તાજેતરમાં પણ સ્થાનિક લોકો દ્વારા ફ્લાયઓવર બ્રિજના વિરોધમાં બેનરો લગાડવામાં આવ્યાં હતાં. બેનરોમાં લખાયું હતું કે, આ બ્રિજ બનાવવામાં આવશે તો કોઇ રાજકીય નેતાઓએ આગામી ચૂંટણીમાં વોટ માંગવા આવવું નહીં.

આ મામલે સ્થાનિકોએ જણાવ્યું હતું કે, ભાયલી કેનાલ ઉપર બ્રિજની જરૂર જ નથી. આ નાણાંનો વેડફાટ છે. અમે અગાઉ રજૂઆત કરી ચૂક્યા છીએ. જો બ્રિજનું કામ બંધ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરતાં ખચકાશું નહીં. કોર્પોરેશન દ્વારા ૧૨ ફૂટની કેનાલ ઉપર ૭૨ કરોડના ખર્ચે બ્રિજ બનાવવા જઇ રહ્યો છે જેની કોઇ જરૂરિયાત નથી.આ બ્રિજની કામગીરી તાત્કાલિક બંધ કરવામાં આવે તેવી અમારી માગણી છે. ■

# ગુજરાતમાં સાયબર ક્રાઈમની ઘટનાઓ વધતાં અલગથી સાયબર ક્રાઈમ યુનિટ શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની ઉપસ્થિતિમાં ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રાઈમ કોન્ફરન્સ હવે આવતા મહિને સુરતમાં યોજાશે. રાજકોટમાં યોજાયેલી કોન્ફરન્સમાં અલગ અલગ મુદ્દાઓ પર ચર્ચાઓ કરાઈ હતી. જેમાં સાયબર ક્રાઈમના મુદ્દે ડીજીપી વિકાસ સહાય દ્વારા વિગતે ચર્ચાઓ થઈ હતી. રાજ્યમાં સાયબર ક્રાઈમના વધી રહેલા બનાવોને રોકવા માટે અલગથી સાયબર ક્રાઈમ યુનિટની સ્થાપના કરવાની ચર્ચાઓ થઈ હતી.

દેશમાં આઈબી, એસીબી, સીઆઈડી ક્રાઈમ સહિતના વિભાગો કાર્યરત છે. જે રાજ્યોમાં પણ કાર્ય કરી રહ્યાં છે. તેમ હવે રાજ્યમાં સાયબર ક્રાઈમ સ્પેશિયલ યુનિટની સ્થાપના કરાશે. તેવું ડીજીપીએ ચાર મહાનગરોના પોલીસ કમિશ્નર સાથેની ચર્ચાઓમાં કહ્યું હતું. સાયબર ક્રાઇમ ડીજી, એસપી સહિત વ્યવસ્થિત માળખું ટૂંક સમયમાં ઊભું કરાશે તેવી ચર્ચા થઈ હતી. દર વર્ષે મહાનગરોમાં સાયબર ક્રાઈમની ઘટનાઓની હજારો અરજીઓ પોલીસને મળે છે. જેથી આ અરજીઓ મુદ્દે તાત્કાલિક પગલાં લઈ શકાય તે માટે નવું માળખું ઊભું કરવા ડીજીપીએ પોલીસ કમિશ્નરોને જણાવ્યું હતું.

આ કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં કન્વીકશન રેટ વધારવા માટે અલગ-અલગ પ્રકારનાં પગલાંઓ લેવામાં આવ્યા છે અને કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેકટ હાલ અમલમાં છે. એ જ પ્રયાસના ભાગરૂપે તમામ એસડીપીઓ અને એસીપીની કચેરીમાં ક્રાઇમ સીન મેનેજરની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે ઉપરાંત રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમને અટકાવવા માટે પણ એક નવા માળખાની જરૂર છે. જેથી તે અંગે આગામી સમયમાં કામગીરી કરાશે. ■

# આઈ-ખેડૂત પોર્ટલ પર ૬૦.૩૩ લાખ ખેડૂતોએ યોજનાકીય સહાય માટે ૧.૪૨ કરોડ અરજીઓ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગથી ખેડૂતોને સંપૂર્ણ પારદર્શિતા, સરળતા અને ઝડપથી વિવિધ કૃષિલક્ષી યોજનાના લાભ મળી રહે તે માટે રાજ્ય સરકારે આઈ-ખેડૂત પોર્ટલનો નવતર અભિગમ અપનાવ્યો હતો. ગુજરાત સરકારની કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન સંબંધિત તમામ યોજનાઓનો અમલ અને સહાય ચૂકવણું આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી થઈ રહ્યો છે. પોર્ટલ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યના ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતો દ્વારા વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે કુલ ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરવામાં આવી છે.

આ ૬૦.૩૩ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ આશરે ૨.૧૫ લાખ ખેડૂતોને વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૬૪૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આટલી માતબર સંખ્યામાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજીઓ જ આઈ-ખેડૂત પોર્ટલની સ્વીકૃતિ પુરવાર કરે છે.

ખેડૂત પારદર્શક રીતે પોતાની મરજી મુજબ સરકારી યોજનાઓનો સીધો લાભ મેળવી શકે છે. ઓનલાઇન અરજી થતી હોવાથી ખેડૂત કોઈપણ અન્ય માધ્યમો ઉપર આધારિત રહેતો નથી. કોઇપણ સ્થળેથી ઇન્ટરનેટના માધ્યમથી સેવા મળતી હોવાથી સમય અને નાણાંનો બચાવ થાય છે. ખેડૂત પોતાની અરજીનું ઓનલાઈન સ્ટેટસ જાણી શકે છે. ખેતીવાડી માટે જરૂરી બિયારણ, ખાતર તથા દવાઓનું વેચાણ કરતા સરકાર માન્ય વિક્રેતાઓની માહિતી મળે છે. ખેત ઓજારો, ખેતી વિષયક ઇનપુટોની માન્ય કંપનીઓ, વિક્રેતાઓની તેમજ કૃષિ ઇનપુટોની સરકાર દ્વારા નક્કી થયેલી કિંમત સંબંધિત માહિતી મળે છે. ■

# અમદાવાદમાં મ્યુનિ.સ્કૂલની જગ્યાએ કોમ્પ્લેક્સ બનતા ધારાસભ્ય અમિત શાહની તપાસની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે શહેરના જમાલપુર કાચની મસ્જિદ નજીક આવેલી મ્યુનિસિપલ ઉર્દૂ સ્કૂલની જગ્યામાં બિલ્ડર સલીમ પઠાણે કોમ્પલેક્સ બનાવી દીધું હોવાનો આક્ષેપ કરતા રાજકારણ ગરમાયું હતું, આ બંને શાળાઓની જગ્યા કરોડોની કિંમતની છે. ગેરકાયદે બાંધકામ દૂર કરી આ જગ્યાનો કબજો લેવા મ્યુનિ.કમિશનરને રજૂઆત પણ ધારાસભ્ય દ્વારા કરવામા આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસનની અધ્યક્ષતામાં સાંસદો ,ધારાસભ્યોની સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે જણાવ્યું હતું કે, જમાલપુર કાચની મસ્જિદ પાસે ૨૦ વર્ષ પહેલાં ઉર્દુ સ્કૂલ આવેલી હતી. જ્યાં ૨૦૦ બાળકો ભણતાં હતાં. આ શાળાને જે તે સમયે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા બંધ કરવામાં આવ્યા પછી શાળાની બાજુમાં રહેતા સલીમ જુમ્માખાન પઠાણ દ્વારા ૧૦ જેટલી દુકાન ગેરકાયદે બનાવી ૧૨ હજાર રૂપિયા લેખે ભાડું વસૂલે છે.

આ મામલે તેમણે અધિકારીને પૂછ્યું હતું કે, આ શાળાની અત્યારે શું સ્થિતિ છે? ત્યારે અધિકારીએ જણાવ્યું કે, એ બંધ છે. આ જવાબ મળતા ધારાસભ્ય અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે, મ્યુનિસિપલ શાળાની જગ્યાએ શોપિંગ સેન્ટર બની ગયું છે. હાલ જ તપાસ કરાવો. જો શાળા બંધ હશે તો હું ધારાસભ્ય તરીકે રાજીનામું આપી દઈશ. આમને ખબર જ નથી કે ત્યાં શોપિંગ સેન્ટર બની ગયું છે. તેમને કાઢી મૂકવા જોઈએ. કોમ્પલેક્સ તોડી પાડો કે નહીં એ પછીની વાત છે પણ મૂળ માલિકને (કોર્પોરેશનને) તો જાણ કરો. આ દુકાનોનું બાંધકામ શરૂ થયું એ સમયથી લોકો તરફથી રજુઆત કરી હોવા છતાં મ્યુનિ.તંત્રે કોઈ કાર્યવાહી કરી નથી. ■

# ગાંધીનગરના દહેગામમાં દંપતી વચ્ચેનો ઝઘડો લોહિયાળ બન્યોઃ બેનાં મોત, ૧૩ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના દહેગામમાં મદારી દંપતી વચ્ચે છેલ્લા ઘણા વખતથી ચાલતો ઝઘડો લોહિયાળ બન્યો હતો, પતિ અને પત્ની વચ્ચે સમાધાન માટે શનિવારે સમાજનું પંચ ભેગું થયું હતું. જે બાદ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જમાઈએ મળતિયાઓ સાથે મળીને ઘાતકી હુમલો કરતાં સાળા તેમજ પંચના એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે નાનાં બે બાળકો સહિત ૧૩ જેટલા લોકોને ઈજાઓ થઈ હતી. જે પૈકી મહિલા સહિત ચારેક જણાને અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહ્યા છે.

આ મામલે દહેગામ પોલીસે જણાવ્યું હતું કે, દહેગામના મદારી નગરમાં રહેતા જાનનાથ જીજુનાથ મદારીની દીકરીનાં લગ્ન વનરાજ ઉર્ફે વનિયો કંચનનાથ મદારી સાથે થયા હતા. આ લગ્નથી તેમને બે જોડિયા બાળક છે. વનરાજને અન્ય એક મહિલા સાથે અવૈદ્ય સંબંધો હોવાથી છેલ્લા ચાર-પાંચ વર્ષથી ઝઘડો ચાલી રહ્યો છે. એકાદ મહિના અગાઉ વનરાજ તેમજ તેના પિતા સહિતના સાસરિયા ઉપર તેની પત્નીના પરિવારજનોએ હુમલો કર્યો હતો જે મામલે સદાનાથ મદારી, ધારાનાથ મદારી, ભૂપતનાથ મદારી તેમજ જાનનાથ મદારી વિરોધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુનાની જામીન સહિતની કાનૂની પ્રક્રિયા અર્થે તેઓ પોલીસ સ્ટેશનને આવ્યા હતા બાદમાં કાનૂની પ્રક્રિયા પૂર્ણ થઈ જતા બધા ઘરે જવા રવાના થયા હતા. આ દરમિયાન વનરાજ સહિતના સાસરિયાઓએ ગાડીઓનો પીછો કર્યો હતો અને લાકડી વડે બોલેરો ગાડીને મારતા અકસ્માત સર્જાયો હતો. જે બાદ વનરાજ સહિતના લોકોએ ઉપરોક્ત લોકો ઉપર હુમલો કર્યો હતો. જેમાં વનરાજના સાળા સચિન મદારી અને મુન્નાનાથ મદારીનું મોત નીપજ્યું છે. આ અંગે વધુમાં જાણવા મળ્યું કે, થોડા દિવસો અગાઉ દહેગામના મદારી નગરમાં બંને પક્ષે માથાકૂટ થઇ હતી. જેથી બંને પક્ષે એકબીજાનાં ઘરોમાં તોડફોડ કરી હતી. વનરાજ ઉર્ફે વનિયા વિરુદ્ધ અગાઉ પણ ગંભીર ગુના પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. ■

# અમદાવાદ એનસીબીએ બે કિલો કેટામાઈન સાથે ત્રણ નાઈજીરિયન સહિત ચાર શખસની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા થોડા વર્ષોમાં ડ્રગ્સની તસ્કરી વધી છે, ડ્રગ્સ માફિયાઓ કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સમુદ્ર કિનારાનો ઉપયોગ ડ્રગ્સની તસ્કરી માટે કરે છે. ડ્રગ્સનો જથ્થો દેશના અન્ય ભાગોમાં સપ્લાય કરવામાં આવે છે. જો કે પોલીસ સતત ડ્રગ્સની તસ્કરી રોકવા પ્રયાસો કરતી રહે છે, અમદાવાદ એનસીબીએ વિવિધ બ્રાન્ડના ગરમ મસાલાનાં પેકેટમાં ડ્રગ્સ પેક કરી અમેરિકા મોકલવાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે બે કિલો કેટામાઈન ડ્રગ્સ સાથે એકને બેંગ્લોરથી અને ત્રણ નાઈજીરિયનને દિલ્હીથી ઝડપી પાડ્યા હતા.

અમદાવાદ એનસીબીએ બાતમીના આધારે અદનાન ફર્નિચરવાલાની નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. અદનાન એક સમયમાં પુણેમાં રહેતો હતો પરંતુ બાદમાં તે અમેરિકા ગયો હતો. અમેરિકામાં ડ્રગની હેરાફેરીના તેના ઉપર ત્રણ કેસ નોંધાયા હતા.તેથી તેને ભારત પરત મોકલવામાં આવ્યો હતો. ભારત પરત આવ્યા બાદ તે ડ્રગની હેરાફેરી કરી રહ્યો હતો. આ દરમિયાન ગયા વર્ષે એનસીબી મુંબઈ દ્વારા તેના પર વધુ એક કેસ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. જે કેસમાં તે પેરોલ ઉપર બહાર હતો. અદનાન ડ્રગની હેરાફેરી કરતો અને પોતાનું છુપાવવાનું સ્થળ બદલતો રહેતો હતો.

અમદાવાદ એનસીબી દ્વારા અદનાનને ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યોમાં ટ્રેક કરવામાં આવ્યો હતો. ૮ ડિસેમ્બરે કર્ણાટકના બેંગ્લોરના વિસ્તારમાંથી એક એપાર્ટમેન્ટમાંથી અદનાનની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કર્યા બાદ તપાસમાં સામે આવ્યું કે અદનાન નાઈજીરિયન સિન્ડિકેટની સાથે મળીને ડ્રગ્સ સપ્લાય કરવાનું ચાલુ કર્યું હતું. જે દિલ્હીથી સિન્ડિકેટ ચાલતી હતી. કુરિયર એજન્સી દ્વારા ભારતથી અમેરિકા ડ્રગ્સ મોકલાતું હતું. અમદાવાદ એનસીબીએ ૧૮ ડિસેમ્બરે દિલ્હીના વિસ્તારમાંથી ઈમેન્યુઅલ અને તેના બે સાથી એકલેમે અને ઇમેન્યુઅલ ઓસાજાની ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ કરીને વિવિધ બ્રાન્ડના મસાલા પેકેટમાં છુપાયેલા બે કિલો ડ્રગ કબજે કરવામાં આવ્યું હતું. ચારેય આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# ક્ષત્રિય મહાસંમેલનમાં રાજ શેખાવતની સરકારને વિધાનસભામાં કૂચ કરવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ક્ષત્રિયોએ ફરી એક વખત શક્તિ પ્રદર્શન કર્યું હતું, અમદાવાદના કુંજાડ ગામ નજીક ખોડિયાર ફાર્મમાં ક્ષત્રિય એકતા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય કરણી સેનાના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ રાજ શેખાવત દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, મહાસંમેલનમાં ગરાસદાર, કાઠી, કારડિયા, નાડોદા, હાટી, મહિયા, જાગીરદાર, ખાંટ, વાઘેર, પાલવી, ઠાકોર સહિતના ક્ષત્રિયોના આગેવાનો હાજર રહ્યા હતા. ભાજપ સરકાર દ્વારા ક્ષત્રાણીઓની અસ્મિતા પર નિંદનીય ટિપ્પણી, સ્વાભિમાનનું પ્રતીક કેસરિયા પાઘડી પર પ્રહાર, આગેવાનોના વ્યાપાર પર થયેલા પ્રહાર તથા રાજનૈતિક ક્ષેત્રમાં ઘોર ઉપેક્ષા સંદર્ભે જવાબ આપવા આ સંમેલન બોલાવાયું હોવાનો દાવો ક્ષત્રિય કરણી સેનાના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ રાજ શેખાવતે કર્યો હતો. ક્ષત્રિય સંમેલનમાં આવેલા તમામ લોકો પર રાજ શેખાવત દ્વારા ગુલાબની પાંખડીઓનો વરસાદ કરવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્રના ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજા, મહિલા આગેવાન પદ્મિનીબા વાળા આ મહાસંમેલન કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. હિંદુવાદી નેતા એવા હિન્દુ સનાતન સંઘના ઉપદેશ રાણા પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

મહાસંમેલનના મંચ પરથી રાજ શેખાવતે ચેતવણી આપતાં કહ્યું હતું કે, પોલીસ પ્રસાશન કાન ખોલીને સાંભળી લો અમને મજબૂર ના કરો નહીં તો અહીંથી વિધાનસભામાં કૂચ કરી દઈશું. અમને મજબૂર ના કરો, નહીં તો મુખ્યમંત્રીના ઘરમાં ઘૂસી જઈશું. અમને મજબૂર ના કરો નહીં તો ગૃહરાજ્ય મંત્રીના ઘરમાં ઘૂસી જઇશું. અમને મજબૂર ના કરો નહીં તો ક્રાંતિ આવશે ક્રાંતિ. પોલીસ તંત્ર કાન ખોલીને સાંભળી લે. રાજ શેખાવતે વધુમાં જણાવ્યું હતું કે, આજે અમે એક થયા છીએ. પાઘડીનું અપમાન થયું હતું જેના બદલો લેવા માટે ભેગા થયા છીએ. મારી કંપનીનું લાઇસન્સ પણ રદ કરી દેવાયું હતું. સામાજિક આગેવાન લડે છે તો તેમનો અવાજ દબાવી દેવામાં આવે છે. આજે સમસ્ત ક્ષત્રિય સમાજને એક કરવામાં આવ્યો છે. ક્યારેય આગેવાન પર પ્રહાર થાય તો ક્યારેક સરકારી સંપત્તિને નુકસાન કરવું નહીં. તમારે મોટી સંખ્યામાં ધારાસભ્યના ઘરમાં ઘૂસી જવાનું છે. સાંસદના ઘરમાં ઘૂસી આક્રમકતા બતાવવાની છે. જેથી આ બધા ગાંધીનગર અને દિલ્હી ફોન કરશે. ધારાસભ્ય-સાંસદોના ઘરમાં ઘૂસી જવાનું જેથી આગેવાનને છોડવા માટે ફોન કરશે.

મારો સમાજ ક્ષત્રિયોના નામે કેમ એક ના થાય? ભાજપના નેતાની ટિકિટ રદ કરવાની હતી તો પાટીદાર એક હતા. પાટીદારે એક્તાનો લાભ લીધો તો આપણે ક્ષત્રિયો એક કેમ થયા નહીં. આપણે પણ એકતાનો લાભ લેવો જોઇએ. તમામ ક્ષત્રિયો આજે સ્ટેજ ઉપર ઉપસ્થિત છે. હું તમામને દંડવત કરી અને પાઘડીને ઝૂકાવું છું. પાઘડીનું સન્માન રાખી અને એક થાઓ. ■

# ખેડા નગરપાલિકાનું એક કરોડ ૬૪ લાખનું વીજ બિલ બાકીઃ એમજીવીસીએલએ નોટિસ ફટકારી

અમદાવાદઃ ખેડા નગરપાલિકાએ વિવિધ કારણોથી ચર્ચામાં રહે છે, છેલ્લા ઘણા સમયથી પાલિકા તંત્રએ એક કરોડ ૬૪ લાખનું વીજ બિલ ના ચૂકવતા મધ્ય ગુજરાત વીજ કંપની (એમજીવીસીએલ) દ્વારા નોટિસ ફટકારવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. એમજીવીસીએલએ ખેડા નગરપાલિકાને અલ્ટિમેટમ આપી નોટિસ ફટકારી હતી. ૪૮ કલાકનું અલ્ટીમેટમ પૂર્ણ થતા પાલિકાએ કાકલૂદી કરતા સોમવાર સુધીની આખરી મહેતલ અપાઈ હતી. એમજીવીસીએલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જો નાણાંની ભરપાઈ નહીં કરે તો વોટર વર્ક્સ અને સ્ટ્રીટ લાઈટનું કનેક્શન કાપી નાખવામાં આવશે. પાલિકા દ્વારા છેલ્લે એપ્રિલ મહિનામાં બિલ ભરવામાં આવ્યું હતું. જેથી વીજ કંપનીએ ખેડા પાલિકાના ગેરવહીવટને ઉઘાડો પાડી દીધો હતો. ■

# ટેક્સ ઈન્સ્પેક્ટરની ૩૦૦ જગ્યાઓ માટે ૧.૮૫ લાખ ઉમેદવારોઃ પરીક્ષાર્થીઓનો બાયોમેટ્રિકથી પ્રવેશ

અમદાવાદઃ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્ટેટ ટેક્સ ઇન્સ્પેક્ટર વર્ગ-૩ની ૩૦૦ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. આ માટેની લેખિત પરીક્ષા બાવીસ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાજ્યભરમાં યોજાઈ હતી આ પરીક્ષા માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ૧.૮૫ લાખ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં અલગ અલગ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી, આ પરીક્ષા અંગે સૌથી રસપ્રદ બાબત એ હતી કે, આ વખતે પહેલીવાર બાયોમેટ્રિક ફિંગરપ્રિન્ટ ચકાસણીના આધારે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી પરીક્ષાઓમાં પેપર લીક અને ચોરીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આ બાબતોને રોકવા માટે આ વખતે બાયોમેટ્રિક ચકાસણીથી ઉમેદવારોને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. પરીક્ષા શરૂ થઈ તે પહેલા ગેરરીતિ અટકાવવા માટે તમામ કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ત્રણ તબક્કામાં પરીક્ષાર્થીઓનું ચેકિંગ કરીને જ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાયો હતો. પોલીસ દ્વારા સ્પષ્ટ સૂચનાઓ સાથે ઉમેદવારોને પ્રતિબંધિત વસ્તુઓ જેવી કે મોબાઈલ ફોન અથવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો ન લઈ જવા અપીલ કરવામાં આવી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટક્કર મારનારી ટૅક્સીને રોકવા યુવાન કેરિયર પર બેસી ગયો




મુંબઈઃ વાહનને ટક્કર મારનારી ટૅક્સીને રોકવા માટે યુવાન ટૅક્સીના કેરિયર પર બેસી ગયો હોવાની ઘટના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સાંતાક્રુઝ નજીક બની હતી. યુવાન ટૅક્સીના કેરિયર પર બેઠો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખાસ્સો વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ થયેલા વીડિયોમાં યુવાન ટૅક્સી પર બેસેલો નજરે પડે છે અને ડ્રાઈવર ટૅક્સી પૂરપાટ વેગે દોડાવી રહ્યો છે. ટૅક્સી પર બેસેલો યુવાન ટૅક્સીને રોકવાનું કહે છે, પરંતુ ડ્રાઈવર તેની વાત સાંભળતો નથી. પોતાના વાહનને ટક્કર મારીને ટૅક્સી ડ્રાઈવર ભાગી રહ્યો હોવાનું યુવાન વીડિયોમાં બોલી રહ્યો છે.

વીડિયોમાં ટૅક્સીનો વિન્ડશીલ્ડ તૂટેલો પણ નજરે પડે છે. વાકોલા પોલીસના કહેવા મુજબ આ વીડિયોની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસને વીડિયો મળ્યો છે, પણ આ અંગેની કોઈ ફરિયાદ આવી નથી, એમ અધિકારીનું કહેવું છે.

# છગન ભુજબળને વડા પ્રધાન બનાવો

## કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ ભુજબળની ફિરકી લેતા કહ્યું

મુંબઈઃ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી બાદ ફરીથી મહાયુતિની સરકાર બની છે. મુખ્યપ્રધાન, નાયબ મુખ્યપ્રધાનના શપથ લીધા બાદ શિયાળુ સત્રની શરૂઆતમાં પ્રધાનમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. જોકે અજિત પવારની એનસીપીએ વરિષ્ઠ નેતા છગન ભુજબળને સ્થાન ન આપ્યું તેનાથી તેઓ ખાસ્સા રોષે ભરાયા છે અને છેલ્લા થોડા દિવસથી બળવાના સૂરમાં વાત કરી રહ્યા છે. તેમણે માત્ર અજિતદાદા નહીં પણ પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરેને પણ આડેહાથ લીધા છે.

એનસીપીએ ભુજબળને બદલે નાસિક જિલ્લાના માણિકરાવ કોકાટેને કેબિનેટમાં સામેલ અને તેમને કૃષિ ખાતું મળ્યા એ પછી પહેલી વાર પોતાના મતિવસ્તાર સિન્નરમાં આવેલા કોકાટેએ ભુજબળની નારાજગી વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, મને લાગે છે કે ભુજબળે દેશના વડા પ્રધાન બનવું જોઈએ.

ભુજબળને અજિત પવાર દ્વારા રાજ્યસભાની બેઠકનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ એ પૂરું નથી કરાયું એ વિશે પત્રકારોએ પૂછતા કોકાટેએ કહ્યું હતું કે, વચન પૂરું થશે. સરકાર બન્યાને હજી ચાર દિવસ થઈ ગયા છે. રાજ્યસભા ક્યાં ભાગી રહી છે? થોડો તો રાહતનો શ્વાસ લો...

આ સમયે પત્રકારોએ કૃષિ મંત્રી માણિકરાવ કોકાટેને પૂછ્યું કે શું તમને લાગે છે કે ભુજબળે રાજ્યસભામાં જવું જોઈએ? આ સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે, તેમને જે જોઈતું હોય તે તેમણે માગવું જોઈએ. હું શું વિચારું છું તેનાથી કોઈ ફરક પડતો નથી. મને લાગે છે કે ભુજબળ દેશના વડા પ્રધાન હોવા જોઈએ. મને લાગે છે કે દેશમાં, વિશ્વને તેમની જરૂરી છે.

તેમની પાર્ટીને મહાગઠબંધન સરકારમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારની સાથે દસ પ્રધાનપદાં મળ્યાં છે.

જેમાં એનસીપીએ છગન ભુજબળ, દિલીપ વળસે-પાટીલ અને ધર્મરાવ બાબા અત્રામ જેવા વરિષ્ઠ નેતાઓને કેબિનેટમાં તક આપી નથી. આ વખતે તેમણે હસન મુશ્રીફ, ધનંજય મુંડે, અદિતિ તટકરે, દત્તા મામા ભરને, નરહરિ ઝિરવાલ, માણિકરાવ કોકાટે, બાબાસાહેબ પાટીલ, મકરંદ પાટીલ અને ઈન્દ્રનીલ નાઈકને મંત્રી પદ આપ્યું છે.

# અરિજિત સિંહ તો બહુ મોંઘોઃ તેના કૉન્સર્ટની ટિકિટના ભાવ દિલજિત દોસાંજ કરતા વધારે

મુંબઈઃ સુપરસ્ટાર ગાયક અરિજિત સિંહે તાજેતરમાં ૩૦ નવેમ્બર, ૨૦૨૪ થી ૨૭ એપ્રિલ, ૨૦૨૫ વચ્ચે પાંચ શહેરોમાં તેના શોની જાહેરાત કરી, જ્યાં તે તેના હિટ ગીતો રજૂ કરશે. રવિવારે, ૨૨ ડિસેમ્બર, તેમના મુંબઈ કોન્સર્ટ માટેની ટિકિટો ઝોમેટો દ્વારા ડિસ્ટ્રિક્ટ પર લાઈવ થઈ હતી, જેમાં અગાઉ સૌથી મોંઘી ટિકિટની કિંમત ૮૫,૦૦૦ રૂપિયા હતી, જે ટિકિટો લાઈવ થયાની માત્ર ચાર મિનિટમાં વેચાઈ ગઈ. જો કે, આયોજકોએ નવી બેઠકો ઉમેરી, સૌથી વધુ કિંમતવાળી ટિકિટ હવે ૯૫,૦૦૦ રૂપિયા છે.

સૌથી મોંઘી ટિકિટમાં ઓપન બાર (આલ્કોહોલિક અને નોન-આલ્કોહોલિક) અને નાસ્તાના બુફેનો સમાવેશ થાય છે. અરિજિતની ટિકિટની શરૂઆતી કિંમત ૧૩,૫૦૦ રૂપિયા ગોલ્ડ સેક્શન માટે છે, જેમાં ઉભા રહીને શો જોવા મળશે અને ગાયકને નજીકથી જોવા મળશે. તે પછી, પ્લેટિનમ વિભાગની ટિકિટની કિંમત ૨૫,૦૦૦ રૂપિયા છે, જ્યાં ચાહકો રીઝર્વ્ડ બેઠક સાથે શોનો આનંદ માણશે. અરિજિત હવે એક નવો રેકોર્ડ સ્થાપિત કરી રહ્યો છે, કારણ કે સૌથી મોંઘી ટિકિટો ગાયક-અભિનેતા દિલજીત દોસાંજની દિલ-લુમિનાટી ટૂરના ભાવને વટાવી ગઈ છે.

અરિજિતના ચાહકોને જણાવી દઈએ કે, અરિજિત સિંહ ૨૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ મુંબઈમાં જિયો વર્લ્ડ ગાર્ડન, બાંદ્રા ખાતે સાંજે ૬ વાગ્યાથી પરફોર્મ કરશે.

તેના ભારત પ્રવાસ વિશે બોલતા, અરિજિતે જણાવ્યું હતું કે, દેશમાં સ્ટેજ પર લાઈવ પર્ફોર્મન્સ આપવા, તથા લોકોના પ્રેમ અને આનંદના સાક્ષી બનવા આતુર છે. તેણે ચાહકોની ઉત્તેજના વધારતા ઉમેર્યું હતું કે, અમે સ્ટેજ પર કંઈક નવું લાવવા માટે હિટ સહિત લગભગ દરેક ટ્રેક પર ખાસ પુનઃકાર્ય કર્યું છે, અને મારી પાસે પ્રેક્ષકો માટે થોડા આશ્ચર્ય છે!

# એમએમઆરમાં વેર હાઉસ નિર્માણમાં ૧૩,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ

મુંબઈ હાઉસિંગ ક્ષેત્રે દેશમાં અગ્રેસર છે અને હવે તે ખાનગી રોકાણમાં પણ નંબર વન છે. આ વર્ષે રહેણાંક મકાનોના નિર્માણમાં ખાનગી ક્ષેત્ર દ્વારા આશરે ૩,૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. એમએમઆર વિસ્તારમાં વેરહાઉસના નિર્માણમાં સૌથી વધુ ૧૩ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થયું છે. ત્યારબાદ બેંગલુરુ, દિલ્હી, હૈદરાબાદ, પુણે અને ચેન્નઈનો નંબર આવે છે. રિપોર્ટમાં 'નાઇટ ફ્રેન્ક' કંપની દ્વારા કરવામાં આવેલા સંશોધનની વિગતો આપવામાં આવી છે.

દેશના મોટા શહેરોમાં હાઉસિંગ સેક્ટરમાં ખાનગી રોકાણમાં ગયા વર્ષની સરખામણીએ ૩૨ ટકાનો વધારો થયો છે. રહેણાંક મકાનોના નિર્માણમાં ખાનગી રોકાણ આ વર્ષે બમણું થયું છે. વર્ષ ૨૦૧૭માં કમર્શિયલ ઓફિસના નિર્માણમાં સૌથી વધુ ખાનગી રોકાણ નોંધાયું હતું. અહેવાલમાં એમ પણ નોંધવામાં આવ્યું છે કે ખાનગી રોકાણકારો હવે રહેણાંક મકાનોમાં રસ લઈ રહ્યા છે. મુખ્યત્વે સંયુક્ત આરબ અમિરાત અને સિંગાપોરના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય રોકાણકારોએ મુંબઈના ગૃહ નિર્માણમાં રસ દાખવ્યો છે. રિપોર્ટમાં એવું પણ નોંધવામાં આવ્યું છે કે રહેણાંક ક્ષેત્ર ઉપરાંત વેરહાઉસમાં પણ મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું છે. વ્યવસાયિક કાર્યાલયોમાં નિર્માણમાં રોકાણ કરવામાં બેંગલુરુ મોખરે છે. એના પછી હૈદરાબાદ, દિલ્હી અને ત્યારબાદ મુંબઇનો નંબર આવે છે. છેલ્લા બે વર્ષમાં મુંબઈમાં રેસિડેન્શિયલ હાઉસિંગ પ્રોજેક્ટ્સની માગમાં વધારો થયો છે. સરખામણીએ કમર્શિયલ ઑફિસોની માગણી ઘટી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રહેણાંક મકાનો તરફ ખાનગી રોકાણકારોનો રસ વધ્યો છે. નાણાકીય સ્થિરતા અને વૃદ્ધિ વિદેશી રોકાણકારોને આકર્ષિત કરી રહી છે. નવાઈની વાત એ છે કે વેરહાઉસ મેન્યુફેક્ચરિંગમાં ખાનગી રોકાણ પણ વધ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, દેશમાં ગ્રાહકોના વધતા પ્રતિસાદ અને ઓનલાઇન શોપિંગને કારણે વેરહાઉસની મોટા પાયે માગ ઊભી થઈ છે. અલબત્ત, તેના કારણે કોમર્શિયલ ઓફિસોની માગમાં ઘટાડો થયો છે. જેના કારણે તેમાં રોકાણ કરતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. નાઇટ ફ્રેન્ક ઇન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં હાઉસિંગ સેક્ટરમાં ખાનગી રોકાણમાં વધુ વધારો થવાની શક્યતા છે.

# જોગેશ્વરીથી માલવણ જઈ રહેલી બસમાં આગઃ તમામ ૩૪ મુસાફરોનો આબાદ બચાવ

મુંબઈઃ મુંબઈ-ગોવા હાઈવે પર કોલાદમાં એક ખાનગી પેસેન્જર બસમાં આગ લાગી હતી. આ ઘટના શનિવાર રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ બસ સહિત મુસાફરોનો તમામ સામાન બળી ગયો હતો.

એમઆઇડીસીની ફાયર બ્રિગેડ, દીપક નાઈટ્રેટ કંપની, કોલાદ રેસ્ક્યુ ટીમ અને પોલીસે બચાવ કામગીરી હાથ ધરી આગને કાબૂમાં લીધી હતી. બસમાં ડ્રાઈવર અને ક્લીનર સહિત ૩૪ મુસાફરો સવાર હતા. ખાપરોબા ટ્રાવેલ્સની આ એસી સ્લીપર કોચ બસ મુંબઈના જોગેશ્વરીથી માલવણ જઈ રહી હતી. કોલાદ રેલવે બ્રિજ પાસે પહોંચતા જ બસના પાછળના ભાગેથી જોરદાર અવાજ સંભળાયો. જ્યારે ડ્રાઈવરે બસ રોકી ત્યારે તેણે જોયું કે બસના પાછળના ભાગમાં આગ લાગી હતી. બસમાં સવાર તમામ મુસાફરોને તરત જ નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. જે બાદ આખી બસમાં આગ ફાટી નીકળી હતી.

# ગાંધીજી તો પાકિસ્તાનના રાષ્ટ્રપિતાઃ ગાયક અભિજીતના વિધાનથી વિવાદ

મુંબઈઃ બોલિવૂડના જાણીતા ગયાક અભિજીત ભટ્ટાચાર્ય તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. એક ઈન્ટરવ્યુમાં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અંગે આપેલા નિવેદનને કારણે હાલ અભિજીત ચર્ચામાં છે. અભિજીત તાજેતરમાં જ એક પોડકાસ્ટમાં તેની પ્રોફેશનલ લાઈફ વિશે ઘણી વાતો શેર કરી હતી. અભિજીત ભટ્ટાચાર્યએ પોડકાસ્ટ દરમિયાન બોલિવૂડ સ્ટાર્સ સાથે તેમના અનુભવો વિષે વાત કરી હતી. સાથે સાથે તેમણે મહાત્મા ગાંધી વિશે એક વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યું. અભિજિત ભટ્ટાચાર્યએ કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના નહીં પરંતુ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા હતા. આ નિવેદનને કારણે તેમની ટીકા થઇ રહી છે. અભિજીત ભટ્ટાચાર્યએ કહ્યું કે સંગીતકાર આર.ડી. બર્મન મહાત્મા ગાંધી કરતા મહાન હતા. આર.ડી. બર્મન રાષ્ટ્ર સંગીતના પિતા હતા.

# મીરા રોડમાં જાણીતી બ્રાન્ડનાં બનાવટી શૂઝ વેચનારી દુકાનો પર કાર્યવાહી

મુંબઈઃ મીરા રોડમાં જાણીતી બ્રાન્ડના લોગો અને નામ સાથે શૂઝ-ચંપલ વેચનારી ત્રણ દુકાનો પર કાર્યવાહી કરી પોલીસે ૧૨.૨૫ લાખની કિંમતનાં શૂઝ-ચંપલ જપ્ત કર્યાં હતાં. જાણીતી બ્રાન્ડ સાથે સંકળાયેલા અધિકારીઓની ફરિયાદને આધારે મીરા રોડની નયા નગર પોલીસે આ કાર્યવાહી કરી હતી. પોલીસ અને અધિકારીઓની ટીમે ત્રણેય દુકાનમાં તપાસ કરી હતી.

દુકાનમાં અદિદાસ અને નાઈકી બ્રાન્ડના લોગો અને નામનો ઉપયોગ કરીને શૂઝ-ચંપલ વેચવામાં આવતાં હોવાનું તપાસમાં જણાયું હતું. પોલીસે ૧૨.૨૫ લાખની કિંમતના ૯૮૦ જોડી શૂઝ-ચંપલ જપ્ત કર્યાં હતાં. પોલીસને દુકાનોમાંથી ૩૦૦ ખાલી બૉક્સ પણ મળી આવ્યાં હતાં, જેના પર આ બન્ને બ્રાન્ડના લોગો હતા. ત્રણેય દુકાનના માલિકોને તાબામાં લઈ વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. આ પ્રકરણે નયા નગર પોલીસે કૉપીરાઈટ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# બાળમજૂર મામલે ભિવંડીની કંપનીના માલિક સામે ગુનો

થાણેઃ કંપની પરિસરમાં બાળકો પાસે કથિત મજૂરી કરાવવા બદલ પોલીસે કંપનીના ૪૯ વર્ષના માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

લેબર, વૂમન અને ચાઈલ્ડ વેલ્ફેર ડિપાર્ટમેન્ટ્સના અધિકારીઓએ પોલીસની ટીમ સાથે ભિવંડીના વેહાલે ગામમાં પેકેજિંગ કંપની ચલાવતા આરોપીની માલિકીની ચાર દુકાનો પર રેઇડ કરી હતી. દુકાનોમાં ઈલેક્ટ્રોનિક સામાન પેકિંગ કરતાં સગીર છોકરા-છોકરી મળી આવ્યાં હતાં, એવું નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે કંપનીના માલિક વિરુદ્ધ જુવેનાઈલ જેસ્ટિસ ઍક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

નવમાં પાનાનું ચાલુ

## બીએમસીની ચૂંટણી

કહેવાય છે. તે માટે નવા નીમાયેલા પ્રધાન વિધાનસભ્યોની હાજરીમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિધાનસભામાં મળેલી જીતને કારણે સરકાર, લોકપ્રતિનિધિ અને પક્ષની જવાબદારી વધી ગઈ છે. તેથી તમામ લોકોએ જવાબદારીપૂર્વક વર્તન કરવું આવશ્યક હોવા પર દેવેન્દ્ર ફડણવીસે ભાર આપતા કહ્યું હતું કે સરકાર અને જનતા વચ્ચે સંઘટન મારફત સમન્વય સધાવો આવશ્યક છે. ત્રણેમાં યોગ્ય સમન્વય હોવાનું પરિણામ વિધાનસભાની ચૂંટણીમાં મળી ગયું છે.

આ દરમ્યાન જોકે ફડણવીસે અપ્રત્યક્ષરીતે લોકપ્રતિનિધિઓના અને પક્ષના કાર્યકર્તાઓના કાન પણ આમળ્યા હતા અને પક્ષ સંઘટનમાં ફક્ત અમુક કાર્યકર્તા અને જિલ્લાઓ જ કામ કરે એવું નહીં ચાલે. તમામ પદાધિકારીઓએ કામ કરવાનું રહેશે. આ દરમિયાન સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં વિજય મેળવવો હોય તો અમુક દિવસ સભ્યોની નોંધણી પર ભાર આપવો પડશે. રાજ્યમાં દોઢ કરોડ સભ્યોનો નોંધણી આવશ્યક હોવાનું તથા દરેક બૂથ પર દોઢસો સભ્યોના રજિસ્ટ્રેશનનું ટાર્ગેટ આપવામાં આવ્યું હતું. પાંચ જાન્યુઆરીના તમામ પદાધિકારી-કાર્યકર્તા નાગરિકો પાસે ગયા અને ૫૦ લોકોની નોંધણી કરી તો ૫૦ લાખનો તબક્કો પાર કરી શકાશે એવું પણ આ ફડણવીસે કહ્યું હતું.

## હવે પાલક પ્રધાનપદાં

શંભુરાજે દેસાઈએ સ્પષ્ટતા કરી છે કે મહાગઠબંધનમાં પાલક પ્રધાનપદાને લઈને કોઈ ખેંચતાણ નથી.

શંભુરાજ દેસાઈએ એમ પણ કહ્યું કે, તાજેતરમાં જ ખાતાંની વહેંચણીની પ્રક્રિયા પૂરી થઈ છે. અમે એકાદ-બે દિવસમાં ખાતાઓનો અખત્યાર સંભાળી લેશું. હવે આપણા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર એ બે દિવસમાં મુંબઈ જશે. તેઓ સાથે બેસીને ત્યાં ચર્ચા કરશે. તે ચર્ચા દરમિયાન, પાલક પ્રધાનોની પસંદગી કરવામાં આવશે.

શંભુરાજ દેસાઈએ કહ્યું કે, રાજ્યની જનતાએ અમને બહુમતી આપી છે. હવે અમારી પાસે તેમની અપેક્ષાઓ પૂરી કરવાનો પડકાર છે. અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ઇચ્છિત કામ બતાવીશું. પ્રધાનપદાંને લઈને અમારી કોઈ તકરાર નહોતી, ખાતાની વહેંચણી પર કોઈ ઝઘડો નથી અને હવે પાલક પ્રધાનના મુદ્દે પણ કોઈ ઝઘડો નથી.

## ફૅરી દુર્ઘટનામાં

વેસ્ટર્ન નેવલ કમાન્ડરના વાઈસ એડમિરલ સંજય સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે આ જીવલેણ અકસ્માત વિશે ચર્ચાવિચારણા કરી હતી.

એડમિરલ ત્રિપાઠીએ પદભાર સંભાળ્યો ત્યારથી સુરક્ષા અને શિસ્ત પર ભાર આપી રહ્યા છે. અગાઉ ચોથી જૂને તેમણે આ અંગે આખા નૌકાદળ માટે એક પત્ર પણ જારી કર્યો હતો.

દરમિયાન પ્રાથમિક તપાસમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. ૪૫ નોટિકલ માઈલની સ્પીડથી દોડતી નેવીની બોટ નીલકમલ ફૅરી સાથે અથડાઈ ત્યારે તેનું એન્જિન અને રડરમાં ખોટકાયું હોવાનું જણાવાયું હતું. જોકે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે બોટના ચાલકે અન્જિન બંધ કરવાનું ક્રેશ સ્ટોપ બટનનો ઉપયોગ શા માટે ન કર્યો? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે નેવીના એક જખમી અધિકારીના નિવેદનની રાહ જોવાઈ રહી છે. તે હાલમાં આઈસીયુમાં છે. અકસ્માતમાં એક નેવલ મરીન કમાન્ડોએ પણ જીવ ગુમાવ્યો હતો. અકસ્માતમાં બચી ગયેલા પ્રવાસીઓનાં નિવેદન પોલીસે નોંધ્યાં છે.

## વધુ પડતા પ્રધાનો

હોવાથી, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દરેક મંત્રીને એક-એક વિભાગ આપવો પડ્યો છે અને સ્વાભાવિક છે કે ઘણાં નાખુશ છે, એમ અજિત પવારે કહ્યું હતું. તેમણે નિર્દેશ કર્યો કે રાજ્ય મંત્રીમંડળમાં ફક્ત છ રાજ્યમંત્રીઓનો સમાવેશ થાય છે, જ્યારે બાકીના ૩૬ કેબિનેટ મંત્રીઓ છે. નાણા મંત્રાલય જાળવી રાખનારા પવારે કહ્યું કે તેઓ સોમવારે કાર્યભાર સંભાળશે.

# હિન્દુ મરણ

### હાલાઇ લોહાણા

મુળ ગામ દ્વારકા હાલ મુંબઇ નિવાસી સ્વ. જયંતિલાલ મોનજી ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. ઉર્મિલાબેન (ઉં. વ. ૮૫) શનિવાર તા. ૨૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉજમબેન રામદાસ મોરઝરીયા (ભીવંડીવાળા)ના દીકરી. તે દિલીપ, રાજેશ, જયશ્રી શૈલેશકુમાર બથીયાના માતુશ્રી. તે હિના, હર્ષાના સાસુમાં. તે સાગર, કરણ, જય, નિધિના દાદીશ્રી. તે આસના, શિખા તથા મિહીરકુમારના દાદીજી સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઔદિચ્ય બ્રાહ્મણ

ઔદિચ્ય બ્રાહ્મણ સતર તાલુકા મૂળ વાંકાનેરના હાલ વિલેપાર્લે સરોજબેન ઠાકર (ઉં. વ. ૭૯) તે સ્વ. રમેશભાઇ ભોગીલાલ ઠાકરના ધર્મપત્ની. તે રાજીવ, બિંદી, મેઘનાના માતુશ્રી. અને અલ્પાબેન ઠાકર, ઉદયભાઇ શુકલ તથા હિરેનભાઇ ત્રિવેદીના સાસુ. તે હર્ષીના દાદી. તથા પુરુષોતમ, પ્રત્યુશ, અનન્યા, અનીકાના નાની. તે સ્વ. હંસાબેન શકુન્તભાઇ રાવલના સુપુત્રી. શનિવાર તા. ૨૧ ડિસેમ્બર ૨૪ના દેવલોક પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. ઠે. રાજેશ્વરી ભુવન, ૩જે માળે, શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લે (ઇસ્ટ).

### કચ્છી લોહાણા

સ્વ. કલ્યાણબાઈ (મૈયાબાઈ) નેણશી દેવજી ભગદે કોઠારાવાલા હાલે (બેન્ગલોર) ના સુપુત્ર રવિલાલ (ઉં.વ. ૭૬) તેઓ સ્વ. મંદાકિનીના પતિ. તે ગં. સ્વ શાન્તાબેન ખેરાજ લક્ષ્મીદાસ ધીરાવાણી કોઠારાવાલાના જમાઈ તે ગં.સ્વ મેઘનાબેન કિરણભાઈ ભીંડે (મોટી વમોટી), સૌ. પૂનમબેન દિપેશભાઈ ભીંડે (મોટી વમોટી), ચિ. નિકિતા તથા ચિ. રાજેશના પિતાશ્રી. તે સ્વ. શંકરલાલ, સ્વ. કસ્તૂરબેન લક્ષ્મીદાસ સેજપાલ, સ્વ. મોહનલાલ, શ્રી કરમશી ભાઈ, શ્રી વલ્લભદાસ, સ્વ. ચંદુલાલ, ગં. સ્વ કમળાબેન મણિલાલ સોનેતાના ભાઈ તે પ્રાચી, રોશની, અને કિષ્નાના નાનાજી તે તાઃ ૧૮/૧૨/૨૦૨૪ ને બુધવાર રોજ બેન્ગલોર મધ્યે શ્રીરામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા - સોમવાર તાઃ ૨૩/૧૨/૨૦૨૪નાં રોજ સાંજે ૫:૩૦ થી ૭ કલાકે શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ગાઉન્ડ ફ્લોર, મુલુન્ડ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### હાલાઈ લોહાણા

મુંબઇ નિવાસી હાલ ચારકોપ કાંદિવલી, સ્વ. મગનલાલ લીલાધર ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ લીલાબેન (ઉં.વ. ૯૨) તારીખ ૧૯-૧૨-૨૪ ને ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે, તે ઉમેશ , સ્વ દિનેશ, મનોજ, સંદીપ તથા જ્યોતિના માતુશ્રી. મેધા, વત્સલા, રેખા, બીના અને નીતિન ઠક્કરના સાસુ, વલસાડ નિવાસી સ્વ ડાહ્યાલાલ ભવાનભાઈ દાવડા ના દિકરી, સ્વ કાન્તિલાલ, ધીરુભાઈ, અનિલભાઈ, ઇન્દુબેન, સ્વ.પ્રભાબેન, ઉર્મિબેન , હસુબેન, કનુબેનના બહેન , પ્રાર્થનાસભા અને લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### પુષ્કર્ણા બ્રાહ્મણ

અ. સૌ. સરોજ પ્રશાંત વૈદ્ય (ઉં. વ ૭૮) તે પ્રશાંત અજીતકુમાર વૈદ્યના ધર્મપત્ની. સ્વ. ગુણવંતીબેન અજીત કુમાર વૈદ્ય ના પુત્રવધુ, સ્વ. નિર્મલા વલ્લભદાસ જોશીના પુત્રી, સ્વ.પારુલ રુપાલી દિલીપ પિંકીના માતા. યોગેશ શેખર, અંજનાના સાસુ શુક્રવાર તા. ૨૦/૧૨/ ૨૦૨૪ ના શ્રીજી ચરણ પામ્યા છે તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૨૩/૧૨/ ૨૦૨૪ રાખેલ સાંજે ૪ થી ૬ સ્થળ : ભાટિયા ભગીરથી ૮૮ દાદિશેઠ અગ્યરી લેન મુંબઈ ૨. લૌકિક વ્યવહાર બંધ છે

### કપોળ

જૂના સાવરવાળા હાલ કાંદિવલી તુલસીદાસ હરિલાલ હંસરાજ મહેતા (ઉં.વ.૮૫) તે સ્વ. ઇન્દુબેનના પતિ, હિના જીતેન્દ્રકુમાર મહેતા, જીજ્ઞા હિતેશકુમાર મહેતા, તૃપ્તિ હિમાંશુ મહેતા તથા ભાવિકના પિતા, પ્રણાલીના સસરા. સ્વ. દ્વારકાદાસ, સ્વ. વૃજલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. રમણીકભાઇ, સ્વ. ગંગાદાસ, સ્વ. મનસુખભાઇ, સ્વ જયાબેન ચંપકલાલ ગાંધીના ભાઈ, મહુવાવાળા સ્વ જયંતીલાલ લવજી ગાંધી ના જમાઈ. તા.૨૧/૧૨/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૩/૧૧/૨૪ ના રોજ ૫ થી ૭ કલાકે એન. એલ. કોલેજ હોલ, નરસિંહ લેનની સામે, એસ. વી રોડ મલાડ વેસ્ટ રાખેલ છે.

### હલાઈ લોહાણા

થાણા નિવાસી સ્વ.મંજુલાબેન હરિદાસ રાજા (આરજી ઠક્કર)ના સુપુત્ર. અનિલભાઈ (ઉ.વ.૬૮) શુક્રવાર તા.૨૦.૧૨.૨૪ના શ્રીજી ચરણ પામેલ છે. તે કામિનીબેનના પતિ. તે ચિરાગ તથા હેતલ નિકુંજકુમાર કેશરીયાના પિતાશ્રી. મીનાબેનના જેઠ. તે પૂજા તથા વેનિસાના સસરા. તે સ્વ.ગોકલદાસ જાદવજી બારાઇના જમાઈ. બંને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.૨૩.૧૨.૨૪ ના ૪.૩૦ થી ૬. ઠે. એન.કે.ટી. કોલેજ સભાગૃહ, ખારકર આળી થાણા પશ્ચિમ ખાતે રાખેલ છે.

### લોહાણા

હરમડિયા નિવાસી હાલ કલ્યાણ ઠા. કિશોરભાઈ મૂળજીભાઈ તન્ના ( ઉં. વ. ૮૦ ) શનિવાર, તા.૨૧/૧૨/૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેઓ માલતીબહેનના પતિ, સ્વ.ગીરીશભાઈ. સ્વ.ભરતભાઈના ભાઈ, ધર્મેશભાઈ, જીજ્ઞેશભાઈ, જયશ્રીબહેન જયેશભાઈ રાજા, સ્વ.વંદનાબહેન જસ્મીનભાઈ દાવડાના પિતા, સ્વ. ચંચળબહેન નરસિંહદાસ ભગદેવના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૨૩/૧૨/૨૪, ૪:૩૦ થી ૬. ઠે. માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ - પશ્ચિમ ખાતે રાખેલ છે.

### શ્રી દશા સોરઠીયા વણીક

બગસરા નિવાસી હાલ મુંબઈ શામળજી પાનાચંદના સુપુત્ર સૂર્યકાંત શામળજી માંડાણી (ઉં.વ.૮૬) શનિવાર તા.૨૧/૧૨/૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. તે સ્વ. ખુશાલદાસ ચત્રભૂજ ગાંધીના જમાઈ તે બકુલેશ, ચેતનના પિતાશ્રી. તે રાધા, અક્ષય, કશિશ અને યશના દાદા. તે સ્વ.બટુકભાઈ, સ્વ.કાલાબેન તથા જમનાબેનના ભાઈ. (લૌકિક પ્રથા બંધ રાખેલ છે.)

# પારસી મરણ

બીનાઇફર યઝદી દલાલ તે યઝદી દારાબશા દલાલના ધણિયાની. તે રતી તથા પરવેઝ જમશેદ મિસ્ત્રીના દીકરી. તે યાસ્મીન મહેરનોશ માલેગામવાલાના બહેન. તે વસપારના માસી. તે પાઝદીન ને પરીનાઝ ના કાકી. તે મરઝબાન દલાલના ભાભી. તે મહેરનોશ માલેગામવાલાના સાળી. તે વિરા દલાલના દેરાણી. તે મરહુમો વિલી તથા દારબશા દલાલના વહુ. (ઉં. વ. ૪૭) રે. ઠે. શેઠ નશરવાનજી તાતા બિલ્ડિંગ નં-૧, ફલેટ નં-૪, તાતા બ્લોકસ, બાંદ્રા-પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૩-૧૨-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

અસ્પી સોરાબ નીરૂમવાલા તે અરન અસ્પી નીરૂમવાલાના ખાવીંદ. તે મરહુમો રોદા તથા સોરાબ ડી. નીરૂમવાલાના દીકરા. તે શીરામ ઝેડ. કાંગા, કયો એ. નીરૂમવાલાના પપ્પા. તે ઝુબીન એમ. કાંગાના સસરા. તે કેરસી એસ. નીરૂમવાલા તથા મરહુમો મરઝી ને એડી એસ. નીરૂમવાલાના ભાઇ. તે કેહાન ઝેડ. કાંગાના મમાવાજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. એફ-૧, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે લાલબાગ મધે વાડીયા અગિયારીમાં.

# જૈન મરણ

### ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન

લિંબડી નિવાસી હાલ મુંબઇ કલ્પનાબેન હર્ષદરાય શાહના પુત્ર હિમાંશુભાઇના પત્ની પ્રિતીબેન (ઉં. વ. ૫૨) શનિવાર, તા. ૨૧-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પાર્શ્વ, ધ્રુવીના માતા. તીર્થા, વંશામકુમારના સાસુ. મેહુલ-મીરા, મનીષ-કિન્નરીના ભાભી. મંડાર નિવાસી સ્વ. કંચનબેન અમીચંદભાઇ દોશીના સુપુત્રી. નયનાબેન, દિલીપભાઇ અને રાજેશભાઇના બેન. વિક્રમભાઇના સાળી. રૂપાબેન-છાયાબેનના નણંદ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૩-૧૨-૨૪ સવારના ૧૦થી ૧૨. ઠે. પાટીદાર સમાજ હોલ, ફેંચ બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઇ-૪૦૦૦૦૪.

### દશા શ્રીમાળી જૈન

સ્વ. ચંદ્રકાંત ઝવેરચંદ દોશીના પુત્રવધૂ અ. સૌ. ભારતીબેન ભરતભાઇ દોશી (ઉં. વ. ૬૨) તા. ૨૧-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભરતભાઇના ધર્મપત્ની. રિદ્ધિબેન દેવાંગભાઇ દોશીના સાસુ. દેવાંગ ભરતભાઇ દોશીના માતુશ્રી. મિશિકાના દાદી. સુશીલભાઇ, પીયુષભાઇ અને પ્રકાશભાઇના ભાભી. પીયર પક્ષે સ્વ. જયંતિલાલ મણીલાલ મહેતાના સુપુત્રી. તથા નિરવભાઇ, સંધ્યાબેન, રીટાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા ભાવયાત્રા તા. ૨૩-૧૨-૨૪ના બપોરે ૩થી ૫. ઠે. વ્હાઇટ સ્વાન બેન્કવેટ હોલ, (રેવાબેન ઘડિયાળી હોલ), અપર ગોવિંદનગર, મલાડ-પૂર્વ, બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા ઉપરોક્ત સ્થાને રાખેલ છે.

### ઝાલાવાડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન

સુરેન્દ્રનગર નિવાસી હાલ વસઈ, અતુલભાઈ કાલિદાસ કપાસીના ધર્મપત્ની, કીર્તિકાબેન (ઉં.વ. ૬૭) તા. ૨૨/૧૨/૨૦૨૪ રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે વિરેન્દ્રભાઈના ભાઈના પત્ની. સ્વ. સુમનલાલ છબીલદાસ નારીચાણીયાના સુપુત્રી તેમજ ફાલ્ગુની નિમેષકુમાર શાહ અને શ્રદ્ધા શાહના માતુશ્રી. તેમજ દીપિકા મુકુંદ મણિયાર, સોનલ યોગેશ શાહ, બિંદુ નિલેશ દોશીના મોટાબેન. તેમની પ્રાર્થનાસભા અને લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

હાલાપુરના દેવરાજ રવજી હરીયા (ઉં. વ. ૮૬) ૨૧-૧૨ના અવસાન પામેલ છે. આસબાઇ રવજી વસાઇયાના પુત્ર. દમયંતીના પતિ. હસમુખ, કલાના પિતા. લક્ષ્મીચંદ, નારાણપુરના ભચીબાઇ નરશી, ગઢશીશાના લધીબાઇ નરશી, નરેડીના દમયંતી મેઘજીના ભાઇ. વિઢના ભાણબાઇ ખેરાજ ભાણજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હસમુખ હરીયા, ૩/૧૨, ગણેશ એપાર્ટમેન્ટ, રામનગર, ડોંબીવલી (ઇ.)

વડાલાના તલકશી કોરશી શાહ (નીસર) (ઉં.વ.૮૯) તા. ૨૧/૧૨/૨૪ દેહપરિવર્તન કરેલ છે. માંકબાઈ કોરશીના પુત્ર. અમૃતબેનના પતિ. ધીરેન, હિના, નિશાના પિતાશ્રી. રતનબેન, ચીમન, દેવકાબેન, નેમચંદના ભાઈ. કપાયાના મેઘબાઈ રામજી રવજી કોરાણીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધીરેન શાહ, ૬૦૧, ૧૪ મા માળે, વિષ્ણુચંદ્ર સ્કાય, આર. એ. કીડવાઈ રોડ, વડાલા. મુંબઈ-૩૧.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોરબી નિવાસી હાલ મુંબઈ, સ્વ. ચંપાબેન ભોગીલાલ મહેતા ના પુત્રવધુ ને સ્વ. અનિલકુમાર ભોગીલાલ મહેતાના ધર્મપત્ની તે ગૌ. સ્વ. જ્યોત્સનાબેન (ઉં.વ.૮૯) તા.૨૨.૧૨.૨૪ રવિવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે નીલાબેન વિક્રમભાઈ મહેતા, સ્મિતાબેન દીપકભાઈ જસાણી, પ્રીતિબેન પિયુષભાઈ શાહ, ભારતીબેન નીતિનભાઈ ટોલીયાના માતૃશ્રી, ને અલ્પનાબેન દીપકભાઈ મહેતા તથા અવનીબેન રોનકભાઈ મહેતાના સાસુ. ને બગસરા નિવાસી સ્વ. પ્રભાબેન છગનલાલ ઝાટકિયાના પુત્રી, તથા સ્વ. દુલેરાઈભાઈ, સ્વ. નિરંજનભાઇ, સ્વ. ભીખુભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. મંગળાબેન, સ્વ. કાન્તાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. જ્યોતિબેન તથા ગં. સ્વ. ભાનુબેનના બેન.લૌકિક વ્યવહાર બંધ છે.

### સુથાર મિસ્ત્રી

કિર્તિકુમાર ઈશ્વરલાલ મિસ્ત્રી (ગામ પલસાણા, હાલ બોરીવલી પશ્ચિમ) (ઉં.વ.૬૨)તે ૧૯ ડિસેમ્બર ૨૪ના રોજ સ્વર્ગવાસી થયા. પૂનમબેનના પતિ, શેજલ, રિકી અને અવનીના પિતા, ધવલકુમાર, કુશલકુમાર અને અનના સસરા. જેઝલિન અને જોઆનાના દાદા. રતિલાલભાઈ અને સ્વ. કિશોરભાઈ, ચંદ્રિકાબેને, દીપાલિબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૩ ડિસેમ્બર ૨૪ના રોજ સાંજે ૪ થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકી સામે, રાધા કૃષ્ણ હોટેલની બાજુમાં, બોરીવલી પશ્ચિમ, લૌકિક વ્યવહાર બંધ છે.

## એડવાન્ટેજ એકનાથ

તમામ સત્તા હશે. એકનાથ શિંદેએ ગૃહ વિભાગનો આગ્રહ રાખ્યો હતો. જોકે, હાઉસિંગ પોર્ટફોલિયો મળી જતાં શિંદેની દબાણની રણનીતિ સફળ રહી હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.શિવસેનાના શિંદે જૂથના ૧૧ વિધાનસભ્યોએ ગયા અઠવાડિયે નાગપુરમાં પ્રધાન પદના શપથ લીધા હતા. એકનાથ શિંદેને અર્બન ડેવલપમેન્ટ, હાઉસિંગ એન્ડ પબ્લિક વર્ક્સના મહત્ત્વના ખાતા આપવામાં આવ્યા છે. ઉદય સામંતને ઉદ્યોગ અને મરાઠી ભાષાના ખાતાની જવાબદારી આપવામાં આવી છે. પ્રકાશ આબિટકર અને દાદા ભુસેને અનુક્રમે જાહેર આરોગ્ય અને કુટુંબ કલ્યાણ તેમજ શાળા શિક્ષણ જેવા મહત્ત્વપૂર્ણ ખાતા સોંપવામાં આવ્યા છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## એક સમય થાય પછી સૌની સાથે સંબંધો ટકાવી રાખીને ફેલાવેલા પાથરણાં સંકેલી લેવા

માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

બાપ ! તમારા શહેરમાં કોઈ મંદિર હોય ત્યાં તમે કદાચ રોજ જતા હો, તમને વંદન. પણ કદાચ રોજ સમય ન મળે તો અઠવાડિયે જતા હશો, વાર-તહેવારે જતા હશો, ધન્યવાદ. પણ ઘરમાં પણ એક મંદિર હોય છે, ત્યાં તમે રોજ જતા હશો. ભલે પૂજા-પાઠ ન કરતાં હો. પણ રોજ સવારે ઓફિસ જતા હશો ત્યારે ભગવાનને પગે લાગતા હશો, સાંજે આવીને પગે લાગતા હશો. ગામનું મંદિર અને ઘરનું મંદિર, બને છે પણ બે માંથી એકેય આપણે જ્યાં જઈએ છીએ ત્યાં સાથે નથી આવતા.


આપણી પાસે એક મંદિર છે-હૃદય મંદિર. અને આ મંદિર આપણે જ્યાં જઈએ છીએ ત્યાં સાથે સાથે સાથે આવે છે. એ મંદિર જ્યારે ખળભળે છે ત્યારે સાવધાન થઈ જાઓ. એનો જિર્ણોદ્ધાર કેવળ હરિનામથી થશે. હરિ બોલ. આ મંદિર ખળભળે એ પહેલાં ખૂબ ભજન કરી લો.

દેશમાં જ્યારે વાવણી થઇ જાય, ફસલ પાકી જાય અને શરદઋતુમાં દિવાળી પર લણાય, ડુંડા ખેતરમાં આવી જાય પછી તો માણા જ ભરવાના હોય. એમ અમુક ઉંમર થાય અને બધું ખેતરમાં આવી જાય પછી હરિ ભજી લ્યો. કવિએ ગાયું છે-

કોટ રે કાયાના બેલી ખળભળ્યા,
કાળે ચાંપી છે સુરંગો.
ખાંગા રે થયા છે કોટ-કાંગરા,
ડૂક્યા છે ઉધમાતી અંગો, કોટ રે કાયાનાં બેલી...

બહુ સરસ વાત છે બાપ ! સમજણ આવે ને અમુક ઉંમર થાય, એટલે બધાની સેવા કરતાં કરતાં, સમજણને ટકાવી રાખી, બધાની સાથે રહી અને મનથી બધા પાથરણાને સંકેલી લેવા. બહુ પહોળા પથારા જે કર્યા હોય એ સંકેલી લેવા. અને હવે તો સ્વયંસેવકો મળી રહે, સહાયકો મળી રહે. બાકી તો પહેલાં તો જે પાથર્યું હોય એ બધું સંકેલવું હોય ત્યારે એકલાએ જ કરવું પડતું. કાચબાના અંગોની જેમ બધું સંકેલી લેવું.

મેં દેશમાં, ભારતમાં કહી દીધું છે કે અમારા ટ્રસ્ટો વિખેરી નાંખો, સંકેલી લો. જે જરૂરી છે તેટલું જ રાખો. એમાંથી જેટલી પ્રવૃત્તિ થાય એટલી કરો. વધારવાનું નહીં, સંકેલવા માંડો. ભજન કરો, બસ. જે કામો કરવાના હતાં તે કરી લીધા. કથા પાછળ પણ કોઈ હેતુ નહીં, પૈસા ઊભા કરવા, નહીં. ક્યારેક બાંધ-છોડ કરું તે અલગ વાત છે. કથાને માટે કથા થાય. કથાની વળી જાહેરાત પણ શું ? બધાને ખબર પડી જ જાય છે કે કથા છે. કોઈ અનિવાર્ય કારણ હોય તો બાંધછોડ કરવી પડે. બાકી પહોળા પથારા મૂકી દેવા. મારી વ્યાસગાદી જડ નથી. જે અનિવાર્ય હોય અને બાંધછોડ કરવી પડે. હરિ ભજો, કારણ કે કોટ રે કાયાના બેલી ખળભળ્યા.



પ્રવૃત્તિ કરો, સારું કરતાં હો તો ચલાવો, જે કરવું હોય તે કરો પરંતુ સેલ્ફ રિઅલાઈઝેશન કરો. Realization એટલે શું ? આત્માની, પોતાની જાતની ઓળખાણ. રમણ મહર્ષિનું વાક્ય છે- હૂ એમ આઈ ? લોકો કહે છે કે સમાજસેવા કરવી જોઈએ,કરવી જોઈએ જરૂર, પણ મોટામાં મોટી સમાજસેવા છે- જાતને જાણવી, જે રમણ બોલ્યા છે. દુનિયાની સર્વોત્તમ સમાજસેવા છે, જેણે આત્માને ઓળખી લીધો. મારો નરસિંહ મહેતો કહે છે-

જ્યાં લગી આત્મ તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગ સાધના સર્વ જૂઠી.

હરિ ભજી લ્યો. સૌ પોતપોતાની રીતે ભજે. આ છોકરાઓ માટે કંઈ નથી કહેતો કે એ બધું મૂકી દે. સંસારમાં એવી રીતે રહેવું જોઈએ જાણે મહેમાન ફરતો હોય. મહેમાનની જેમ રહેતાં શીખી જાઓ. કોઈને ખબર ન પડે એમ, જાણે અતિથિ આંટા મારતો હોય, એવી રીતે જીવન જીવતાં શીખી જાવ. પોતાના પાથરેલા પાથરણાઓ સંકેલી લેવા. મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું. આ મોકો જવા ન દેવો બાપ!

(સંકલનઃ જયદેવ માંકડ)■

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

## સ્વાધ્યાયથી ઈષ્ટદેવની પ્રાપ્તિ



**પતંજલિના** યોગદર્શનમાં જણાવ્યું છે કે ‘સ્વાધ્યાયા’ ઇષ્ટ દેવતાસમ્પ્રયોગઃ અર્થાત સ્વાધ્યાય ઇષ્ટદેવતા સાથે સંબંધ થાય છે. અહીં સ્વાધ્યાયનું મહત્ત્વ સમજાવાયું છે, ઇષ્ટદેવતા સાથે સંબંધ શક્ય છે તે પણ દર્શાવાયું છે, અને આ બે વચ્ચેનો સંબંધ સ્થાપિત કરાયો છે.

સ્વાધ્યાય એટલે પોતાના દ્વારા કરાયેલ અધ્યયન. આ ક્રિયા પોતાના દ્વારા જ થઈ શકે. સ્વાધ્યાય એ સ્વ કેન્દ્રિત ઘટના છે. સ્વાધ્યાયના વિશ્વમાં કોઈનો સહકાર, કોઈની મદદ કારગત ન નીવડે. ‘આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય’ જેવી આ વાત છે. ગુરુદેવ જ્ઞાન આપે પણ તે જ્ઞાન પર મનન અને ચિંતન વ્યક્તિએ જાતે કરવું પડે. શાસ્ત્રો દ્વારા દિશા સૂચન થયા પછી તે દિશામાં પ્રયાણ તો જાતે જ કરવું પડે. જેને સત્યનો અનુભવ થઈ ચૂક્યો હોય તે સંત થોડી પ્રેરણા આપી શકે, થોડો ટેકો આપી શકે, માર્ગ બતાવી તે માટે ખાતરી આપી શકે, પણ અંતે તો વ્યક્તિએ જાતે જ પ્રયત્ન કરવાનો છે. ઈશ્વર પ્રાપ્તિ માટેના આ પ્રયત્ન એટલે સ્વાધ્યાય.

ગીતામાં કામ અને ક્રોધ જેવા ભાવથી મુક્ત થવા અભ્યાસ અને વૈરાગ્યની વાત થઈ છે. આ અભ્યાસ એટલે જ એક પ્રકારનો સ્વાધ્યાય. જે કંઈ કરવું છે તે માટે સતત પ્રયત્ન કરવો જોઈએ, અભ્યાસ એટલે સફળતા માટે વિશ્વાસ રાખીને લગનથી નિષ્ઠાપૂર્વક તે કાર્ય માટેની પ્રવૃત્તિ. આ અભ્યાસ જ્યારે માત્ર સ્વ આધારિત હોય ત્યારે તે સ્વાધ્યાય બને.

સ્વાધ્યાયમાં લક્ષ્ય જાતે નક્કી કરવાનું હોય, એ સિદ્ધ કરવાનો માર્ગ જાતે જ ચિન્હિત કરવાનો હોય, આ સમગ્ર પ્રક્રિયામાં જે જે ક્ષમતા જરૂરી હોય તે સ્વયં હાંસીલ કરવાની હોય, સમગ્ર પ્રક્રિયામાં જો કોઈ ઉપકરણો જરૂરી હોય તો તેની પ્રાપ્તિ પણ જાતે જ કરવાની હોય, જાતે જ ધીરજ ધારણ કરી સતત પ્રયત્ન કરતાં રહી લક્ષ્યને પામવા માટે એકાગ્રતા સ્થાપિત કરવાની હોય - આ આખી પ્રક્રિયાને સમગ્રતામાં સ્વાધ્યાય કહી શકાય.

નિષ્ઠાપૂર્વક કરેલ સ્વાધ્યાય હંમેશા સફળ થાય. આ સ્વાધ્યાય થકી લક્ષ્ય જો ઈશ્વર પ્રાપ્તિનું હોય તો તે પણ સિદ્ધ થાય. ગીતામાં જણાવાયું છે કે અનન્ય ચિત્તથી જ્યારે ઈશ્વર સાથે સંધાનનો પ્રયત્ન થાય ત્યારે ચોક્કસ પણે તે સફળ થાય. સ્વાધ્યાય દ્વારા આવી સ્થિતિ પ્રાપ્ત થઈ શકે. જે વ્યક્તિ સ્વાધ્યાયમાં સંપૂર્ણપણે લીન હોય, અન્ય કોઈ બાબત તેના મનમાં પ્રવેશી શકતી ન હોય, કાચબો જેમાં અંગોને સંકેલી લે તેમ તેની ઇન્દ્રિયો સંકેલાઈ ચૂકી હોય, જેનું ચિત્ત માત્ર ઈશ્વર-ચિંતનમાં સંમિલિત હોય તે વ્યક્તિ માટે સ્વાભાવિક રીતે ઈશ્વર પ્રાપ્તિ સહજ બની રહે.

ચિત્તની આ પ્રકારની એકાગ્રતાને કારણે અન્ય કોઈ બાબત તરફ તેનું ધ્યાન જ ન જાય. વિષય સાથે સંલગ્ન રાગદ્વેષ, હોવાપણાનો અભિમાન, હું અને મારું પ્રત્યેનું મમત્વ, પરિણામ-લક્ષી કાર્યનો આરંભ કરવાની વૃત્તિ, સંસારના પ્રપંચમાં લિપ્તતા, માયાના આવરણથી ઊભી થતી પરિસ્થિતિ, શ્રદ્ધાના અભાવથી સ્વચ્છંદતા તરફની રુચિ - આ અને આવી બાબતો સ્વાધ્યાયીને ક્યારેય વિચલિત ન કરી શકે. સ્વાધ્યાયી જ્યારે ઉચ્ચ સ્થિતિને પામે ત્યારે તેને સ્વયંના દેહના અસ્તિત્વનું પણ ભાન ન હોય. આ અસ્તિત્વ સાથે સંકળાયેલો અહંકાર પણ ક્ષીણ ક્ષીણ થઈ નાશ પામે. સ્વાધ્યાયી જ્યારે ઉચ્ચ સ્થિતિને પામે ત્યારે ઈશ્વર સ્વયં તેના તરફ ડગલા માંડે.

ઈશ્વર છે અને તેની સાથે સંધાન શક્ય છે. ઈશ્વર છે અને તેની પ્રાપ્તિ પણ શક્ય છે. ઈશ્વર છે અને તેના એશ્વર્યાને અનુભવી શકાય છે. આત્માની પ્રતીતિ દ્વારા ઈશ્વરને સમજી પણ શકાય છે. ઈશ્વરની આધ્યાત્મિકતા સાથે આધ્યાત્મિક સમીકરણ સ્થાપી શકાય છે. ઈશ્વરનું ધ્યાન આપણા તરફ ફેરવી શકાય છે. આ બધું શક્ય એટલા માટે છે કે તે માટે સ્વાધ્યાય નામનું સાધન પ્રાપ્ય છે.

ઈશ્વરને પામવાનો સતત પ્રયત્ન એટલે સ્વાધ્યાય. ઈશ્વરને સમજવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ એટલે સ્વાધ્યાય. સાત્ત્વિકતા જાળવી રાખીને નૈતિકતાના ઉચ્ચ ધોરણો સાથે આધ્યાત્મિકતાના માર્ગ પરનો પ્રવાસ એટલે સ્વાધ્યાય. શાસ્ત્ર દ્વારા સ્થાપિત વિચારધારા સંપૂર્ણતામાં સ્વીકારી તે પ્રકારનો વ્યવહાર એટલે સ્વાધ્યાય. ગુરુદેવના પ્રત્યેક વચનમાં શ્રદ્ધા રાખી તે મુજબનું વર્તન કરવાનો સતત પ્રયત્ન એટલે સ્વાધ્યાય.

સંત-જનો દ્વારા સ્થાપિત કરવામાં આવેલ માર્ગનું સંપૂર્ણતામાં અનુસરણ એટલે સ્વાધ્યાય. આ બધી પ્રક્રિયા જાતે કરવાની હોય. ગુરુકૃપા હોઈ શકે, ઈશ્વરની કરુણા પણ હોઈ શકે, ક્યારેક સંજોગો પણ સાથ આપી શકે, ક્યારેક સમયનો પ્રવાહ અનુકૂળ હોય શકે, પણ તે માટે પણ વ્યક્તિગત સ્વ-અધ્યાયમાં લેશમાત્ર પણ કચાસ ન હોવી જોઈએ.


દરેક કાર્ય સંભવ છે, માત્ર તે માટેની નિષ્ઠા હોવી જોઈએ. કોઈપણ મંઝિલ સુધી પહોંચી શકાય છે, તે માટે માત્ર માર્ગ વ્યવસ્થિત રીતે નિર્ધારિત થયેલો હોવો જોઈએ. સિદ્ધિ પામી શકાય છે, તે માટે માત્ર નિર્વિકલ્પ યોગની સ્થિતિ માટેના પ્રયત્નો હોવા જોઈએ. બધું જ શક્ય છે - ઈશ્વરની પ્રાપ્તિ પણ શક્ય છે, માત્ર સ્વાધ્યાય અને, અડચણ રૂપી બાબતો પ્રત્યે, વૈરાગ્ય માટે મન તૈયાર હોવું જોઈએ. સ્વાધ્યાયથી વૈરાગ્ય પણ પ્રાપ્ત થઈ શકે અને વૈરાગ્યનો ભાવ જાગ્રત થયા પછી સ્વાધ્યાયમાં રૂચિ વધી જાય.

જીવનનું અંતિમ ધ્યેય ઈશ્વર પ્રાપ્તિનું હોઈ શકે. આ જન્મમરણના ફેરામાંથી તેનાથી મુક્તિ મળી શકે. ઈશ્વરનું સાનિધ્ય પ્રાપ્ત થતાં પ્રત્યેક નકારાત્મક બાબત નાશ પામે. પૂર્ણ પુરુષોત્તમ માટે જ્યારે લગાવ જાગે ત્યારે સૃષ્ટિની અન્ય દરેક બાબતો નિરર્થક બની રહે. આ બાબતોની નિરર્થકતા માટે કાયમ જાળવી રાખવી પડતી સભાનતા એટલે જ સ્વાધ્યાય. માયાના પ્રપંચને, અજ્ઞાનના અંધકારને, ઇન્દ્રિયોની માયાજાળને અને માનવ સહજ મર્યાદાઓને ઓળખવા માટે સ્વાધ્યાય જરૂરી છે. ■

## જાગૃત માનવી અર્થહીન ને અસંગત વર્તન ને વિચાર કરે નહીં

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

**પ્રાણાયામ વિશે વિશેષઃ**

(૧) પ્રાણાયામનો અભ્યાસ સવાર-સાંજ ખાલી પેટે કરવો જોઇએ.

(૨) અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણના દરદીએ કુંભક કરવો નહીં. તેમના માટે માત્ર પૂરક-રેચકનો અભ્યાસ જ પર્યાપ્ત છે.

(૩) સમયમર્યાદા અને આવર્તનોની સંખ્યાનું પ્રમાણ અહીં જે બતાવ્યું છે તે કોઇ દરદી માટે મુશ્કેલ હોય તો સમયમર્યાદા અને તેમની સંખ્યા ઓછી કરવી જોઇએ. અભ્યાસ વધતાં બંનેનું પ્રમાણ ધીમેધીમે વધારતા જવું જોઇએ. સમયમર્યાદા અને આવર્તનોની સંખ્યાનું પ્રમાણ વ્યક્તિગત ભિન્નતાને ખ્યાલમાં રાખીને નિર્ધારિત કરવું જોઇએ.

પ્રાણાયામના અભ્યાસથી શું થાય છે અને કેવી રીતે થાય છે તેની વિગતવાર વિચારણા ‘‘ડિપ્રેશનની યૌગિક ચિકિત્સા’’ નામના પ્રકરણમાં વિગતવાર કરવામાં આવેલ છે. અહીં મનોદબાણ -કૃતિદબાણના દરદીને પ્રાણાયામનો અભ્યાસ કઇ રીતે સહાયક થાય છે તે સંક્ષેપમાં જોઇએ.

અનિવાર્ય મનોદબાણ અને કૃતિદબાણમાં પ્રાણ અને મનની નબળાઇ ભાગ ભજવે જ છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ અને મનની શક્તિમાં સુધારો થાય છે. પ્રાણમનના સામર્થ્ય સુધારો થવાની દરદીને આ રોગાંથી મુક્ત થવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

પ્રાણાયામનો અભ્યાસ ધ્યાનમાં પ્રવેશ પામવાનું એક મૂલ્યવાન સાધન છે. પ્રાણાયામના અભ્યાસથી દરદીના ચિત્તમાં ધ્યાનની એક ઝલક ઊતરી આવે તેવો સંભવ છે. આમ બને તો દરદીની સમજ અને આંતરિક જાગૃતિનું ધોરણ ઘણું ઊંચું આવે છે.

પ્રાણાયામના અભ્યાસથી દરદીના ચિત્તમાં વિષાદને સ્થાને પ્રસન્નતા પ્રગટે છે. આ બને એટલે દરદીને અનિવાર્ય મનોદબાણ અને કૃતિબદાણનો આશારો લેવાની જરૂર રહેતી નથી અને દરદી ધીમેધીમે આ બંને બીમારીની પકડમાંથી મુક્ત થવા માંડે છે.

૩. શવાસનઃ

શવાસનની વિગતવાર વિચારણા ‘‘તાણની યૌગિક ચિકિત્સા’’ નામના પ્રકરણમાં કરવામાં આવી છે, તેથી અહીં પુનરાવર્તન નહીં કરીએ. અહીં આપણે એટલું જોઇશું કે શવાસનના અભ્યાસ દ્વારા અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણની બીમારીમાંથી કઇ રીતે રાહત પ્રાપ્ત થાય છે.

અનિવાર્ય મનોદબાણ અને કૃતિદબાણના દરદીના મનમાં કોઇક સ્વરૂપની તાણ રહ્યા કરે છે. દરદી સતત દબાણ હેઠળ જીવે છે. દરદી આ તાણમાંથી મુક્ત થાય અને દરદીનું મન હળવું થાય તો દરદીને આ રોગમાં ઘણી રાહત મળે છે. શવાસન શરીર અને મન બંનેને પ્રગાઢ વિશ્રાંતિ આપે છે. આ પ્રગાઢ વિશ્રાંતિને કારણે મન પ્રસન્ન અને તાણમુક્ત બને છે. શવાસનના અભ્યાસ દરમિયાન બનતી આ ઘટના લાંબા ગાળે નિત્યજીવનનો ભાગ બની જાય છે. આમ બનવાથી દરદી તાણ અને દુઃખદ મનોદશામાંથી મુક્ત થવા માંડે છે. તાણ અને વેદનાયુક્ત મનોદશા તો અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણ પેદા થવામાં ભાગ ભજવે છે. તેમનું નિવારણ થતાં દરદી મનથી સ્વસ્થ બનવા માંડે છે.

શવાસન સીધી અને સરળ પ્રક્રિયા હોવા છતાં મનના સ્વાસ્થ્ય માટે ઘણી ઉપકારક છે.

૪. યોગાસનોઃ

અનિવાર્ય કૃતિદબાણ અને અનિવાર્ય મનોદબાણનાં દરદી થોડી હળવાં યોગાસનોનો અભ્યાસ કરે તો તેમને ફાયદો થશે.

જાણકાર યોગશિક્ષક પાસેથી સારી રીતે શીખીને નીચેનાં યોગસાનોનો અભ્યાસ કરવો જોઇએ.

(૧) વિપરીતકરણી અથવા સર્વાંગાસન
(૨) ભુજંગાસન
(૩) અર્ધશલભાસન
(૪) વક્રાસન અથવા અર્ધમત્સ્યેન્દ્રાસન
(૫) યોગમુદ્રા.

૫. સમજઃ

દરદી પોતાની બીમારીનું સ્વરૂપ અને તે માટે કારણભૂત પોતાના મનની ગતિવિધિને સમજ શકે તો આ સમજ મનની બીમારીમાંથી મુક્ત થવા માટે ખૂબ મૂલ્યવાન ઉપાય છે.

પ્રશ્ન એ છે કે દરદી પોતાના મનની ગતિવિધિને પારખે કેવી રીતે? દરદી પોતાની જાતને સમજે કેવી રીતે? દરદીના ચિત્તમાં પોતાની જાતને સમજવા માટે થોડી દૃષ્ટિ (in-sight) વિકસે તો બહુ મોટું કામ થાય.

આ હેતુ સિદ્ધ કરવા માટે યોગચિકિત્સકે યૌગિક પરામર્શકનું કાર્ય કરવાનું છે. યૌગિક પરામર્શ દ્વારા દરદીના મનમાં પોતાની જાતને સમજવાની એક દૃષ્ટિ વિકસાવી શકાય છે.

‘‘યૌગિક પરામર્શ’’ વિશે વિગતવાર વિચારણા એક અલગ પ્રકરણમાં કરવામાં આવી છે.

૬. જાગૃતિ (awareness)નો વિકાસઃ

માણસ પોતાની જાત વિશે, પોતાના વ્યવહાર વિશે, પોતાના મનના પ્રવાહો વિશે અને પોતાની આજુબાજુના વાતાવરણ વિશે જાગૃત નથી. થોડીઘણી જાગૃતિ હોય તોપણ આ જાગૃતિ ઘણી આંશિક હોય છે. મહદંશે વ્યક્તિ અભાન હોય છે. આ અભાનપણું અનેક સમસ્યાઓને જન્મ આપે છે.

અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિકદબાણની બીમારી પેદા થવામાં આ અભાનપણું અર્થાત્ જાગૃતિનો અભાવ પાયારૂપ કાર્ય કરે છે. ક્રિયા કે વિચાર અવશપણે ચાલ્યા કરે છે, તે જ તો આ બંને બીમારીઓની મૂળ લાક્ષણિકતા છે. આ અવશપણાના પાયામાં આંશિક અભાનપણું હોય છે. જાગૃત માનવી અર્થહીન અને અસંગત વર્તન અને વિચાર કરે નહી. પરિસ્થિતિ આવી છે, તેથી જો કોઇક રીતે મનોદબાણ- કૃતિદબાણના દરદીમાં જાગૃતિનો વિકાસ થઇ શકે તો તેની બીમારીની તીવ્રતા આપોઆપ ઘટવા માંડશે. જાગૃતિ પ્રકાશનું કાર્ય કરશે અને પ્રકાશ પ્રગટતાં જેમ અંધકાર ઓસરવા માંડે છે તેમ જાગૃતિરૂપી પ્રકાશ પ્રગટતાં દરદીની અભાનાવસ્થામાં પ્રગટેલી સમસ્યાઓ પણ આપોઆપ ઓસરવા માંડશે.

હવે પ્રશ્ન એ છે કે દરદીમાં કે કોઇ પણ વ્યક્તિમાં જાગૃતિનો વિકાસ કેવી રીતે કરી શકાય.

જાગૃતિ શું છે અને જાગૃતિની વિકાસ કેવી રીતે થઇ શકે તેની વિચારણા ‘જાગૃતિ’ નામના એક અલગ પ્રકરણમાં કરવામાં આવેલ છે.

જાગૃતિવિકાસના જે ઉપાયો બતાવેલ છે, તે ઉપાયો સર્વ વ્યક્તિઓને સમાન પદ્ધતિથી કે સમાન ક્રમે આપી શકાય નહીં. વ્યક્તિની અવસ્થાનો વિચાર કરીને અર્થાત્ તેની વ્યક્તિગત ભિન્નતાને લક્ષમાં લઇને જે-ત વ્યક્તિને જાગૃતિવિકાસની પદ્ધતિઓ આપવી જોઇએ.

જાગૃતિવિકાસની માત્રા પણ સર્વ વ્યક્તિઓમાં સમાન સ્વરૂપે, હોઇ શકે નહીં. વ્યક્તિ કઇ રીતે કેટલી ગતિથી વિકાસ સાધી રહી છે તે નજર સમક્ષ રાખીને જે-તે વ્યક્તિ માટે જાગૃતિવિકાસનો કાર્યક્રમ નિર્ધારિત કરવો જોઇએ અને તદનુરૂપ આગળનાં સોપાનો નિશ્ચિત કરવાં જોઇએ. જાગૃત શિક્ષક શીખનારની અવસ્થાને ખ્યાલમાં રાખીને જાગૃતિવિકાસની જે-તે પદ્ધતિમાં પણ આવશ્ક પરિવર્તન કરી શકે છે.

૧૨. વિકૃત ચિંતા અને વિકૃત ભીતિની યૌગિક ચિકિત્સા

આધુનિક મનોવિજ્ઞાનના વર્ગીકરણ પ્રમાણે વિકૃત ચિંતા (anxiety) અને વિકૃત ભીતિ (phobia)- આ બંને ભિન્નભિન્ન મનોવિકૃતિઓ છે. આમ છતાં યૌગિક દૃષ્ટિકોણથી બંનેની કારણમીમાંસા અને ચિકિત્સામાં ઘણી સમાનતા છે. આમ હોવાથી આપણે અહીં આ બંનેનો સાથે વિચાર કરીએ છીએ. પ્રથમ આપણે બંનેનો સ્વરૂપ અને કારણને સમજીએ.

૧. વિકૃત ચિંતા (anxiety) :

પ્રત્યેક માનવીના જીવનમાં ચિંતાનું તત્ત્વ હોય છે. પરંતુ આવી સર્વ જનની નિત્ય અનુભવાતી સામાન્ય ચિંતાને આપણે વિકૃતિ ગણતા નથી. અકારણ કે અલ્પકારણસર સતત અનુભવાતી તીવ્ર સ્વરૂપની ચિંતા એક વિકૃતિ છે અને તેને આપણે વિકૃત ચિંતા (anxiety) કહીએ છીએ.

ચિંતા એટલે અનિષ્ટની આશંકા. આમ ચિંતાનો સંબંધ મહદંશે ભવિષ્ય સાથે છે. ચિંતા સૌથી વ્યાપક વિકૃતિ છે. દરેક માનસિક રોગના મૂળમાં કોઇ ને કોઇ રૂપે ચિંતાનો પ્રવેશ હોય છે. કેટલાક મનોવૈજ્ઞાનિકો ચિંતાને બધી વિકૃતિઓના મૂળ તરીકે એટલે કે બધી વિકૃતિઓનું પ્રવેશદ્વાર માને છે. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



# હજુ તો શરૂઆત પણ નથી થઈ

જો એમ માની લેવામાં આવે કે આધ્યાત્મના માર્ગમાં સારી પ્રગતિ થઈ ચૂકી છે, તો એ માન્યતાથી એમ તો સાબિત થઈ જ જાય કે હજુ તો શરૂઆત પણ નથી થઈ. આજકાલ સોશિયલ મીડિયામાં કુંડલિની જાગ્રત થવાના, શાંભવી મુદ્રા સિદ્ધ કરવાના, ૩૦૦ વર્ષ કે તેથી વધુ આયુષ્ય ધરાવનાર સિદ્ધપુરુષને મળવાના દાવા વારંવાર થતાં જોવા મળે છે. તે સાચા પણ હોઈ શકે, પરંતુ સામાન્ય સ્થાપિત સમજ એમ કહેવા માગે છે કે જે વ્યક્તિ ને જે તે સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય તે સિદ્ધિ બાબતે વ્યક્તિ ભાગ્યે જ વાત કરે. સાધનાનો આ એક નિયમ મહત્ત્વનો છે.

દેહ વાસનાનો ત્યાગ થયો હોય પરંતુ હજુ લોક વાસના બાકી હોય. એમ બની શકે કે હજુ પણ લોકોમાં પ્રસિદ્ધિ મેળવવાની ખેવના હોય, પોતાની જાતને સ્થાપિત કરવાની ઈચ્છા હોય, ચોક્કસ પ્રકારનું માન-સન્માન મેળવવાની અપેક્ષા હોય, સમાજના ચોક્કસ વર્ગમાં મહત્ત્વ સ્થાપિત કરવાની ચાહના હોય કે સૂક્ષ્મ અહંકાર હજુ પણ કાર્યરત હોય. આવા સંજોગોમાં આ પ્રકારના દાવા થવાની સંભાવના વધુ રહે. છતાં પણ અહીં એ વાત ફરીથી કહી દેવી જરૂરી છે કે, આ પ્રકારના દાવા કરનાર દરેક વ્યક્તિ અધૂરાશ-યુક્ત ન હોય, અને હોઈ પણ શકે.

ઊંડાણમાં જોતાં જણાશે કે હજુ તો શરૂઆત પણ નથી થઈ. કામ-ક્રોધ હજુ પણ પોતાનું પ્રભુત્વ દર્શાવે છે. જે તે શ્રેણીની વસ્તુઓ માટે હજુ પણ રાગ-દ્વેષ છે, હજુ પણ મોહનું વર્ચસ્વ છે. માયા અને પ્રપંચ હજુ પણ મનને ભ્રમિત કરે છે. હું અને મારુંમાંથી છૂટાતું નથી. ઇન્દ્રિયોના વિષયોમાં હજુ પણ મન ભ્રમણ કરે છે. મન હજુ પણ ખેંચાણ અનુભવે છે, તે શાંત નથી થતું. બુદ્ધિ ક્યારેક વિવેક અને સંયમની બહારના ક્ષેત્રની અસર હેઠળ રહે છે. ચિત્ત અપાર અશાંતિ અનુભવે છે. હરખ અને શોકની હેડકી ચાલુ જ છે. અજ્ઞાન અને અવિદ્યાથી જીવન નિયંત્રિત થઈ રહ્યું છે. વાસ્તવમાં હજુ શરૂઆત પણ નથી થઈ.

ક્યારેક મન એમ માની બેસે કે ઈશ્વરની કૃપા થવા માંડી છે. પણ સ્વયંની સ્થિતિ જોતાં એમ જણાય છે કે આ તો માત્ર માન્યતા છે. હજુ તો નિયતિ પોતાના કાર્યક્ષેત્રમાં જ કાર્યરત છે. જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયનો તફાવત દૂર નથી થયો. શાસ્ત્રો સાથે ભાવનાત્મક સંબંધ નથી બંધાયો. ઈશ્વરના અસ્તિત્વ વિશે શ્રદ્ધા છે, ગુરુદેવ દ્વારા ત્યાં સુધી પહોંચવાનો માર્ગ પણ પ્રશસ્ત કરાયો છે, તો પણ તે તરફ હજી સુધી ડગલાં નથી મંડાતાં. ખબર નથી કોને જઈને કહેવું કે હજુ તો શરૂઆત પણ નથી થઈ.

ગુરુદેવે આપેલા દીક્ષા-મંત્રનો અભ્યાસ ચાલુ નથી થયો. ગુરુદેવના સૂચન પ્રમાણે જીવનનાં સિદ્ધાંતો સ્થાપિત નથી થયા. ગુરુદેવના જીવનને એક આદર્શ ઉદાહરણ તરીકે અનુસરવાની ઈચ્છા શક્તિ જાગ્રત નથી થઈ. ગુરુદેવની કૃપા માટે હજુ લાયકાત નથી કેળવાઈ. ગુરુ પરંપરામાં હજુ તેટલો વિશ્વાસ નથી બેઠો. ગુરુ વિશે પણ અમુક પ્રશ્નો ઉદ્ભવ્યા કરે છે. ગુરુની ઈચ્છા પ્રમાણે ઠરીને કશે બેસાતું નથી - મન પણ કૂદકા મારે છે અને શરીર પણ ચંચળતા જાળવી રાખે છે. ઘણીવાર તો એમ લાગે છે કે, શરૂઆત થવાની વાત તો દૂર રહી, આ તો પછીત-પગલાં ભરવાં જેવી સ્થિતિ છે.

આમ જોવા જઈએ તો બધી બાબતો સ્પષ્ટ છે. અસંખ્ય ઋષિમુનિઓએ પ્રત્યેક માર્ગનું વ્યવસ્થિત રીતે નિર્દેશન કર્યું છે. શાસ્ત્રો દ્વારા દરેક માર્ગ વિશે વ્યવસ્થિત વિગતીકરણ કરાયું છે. જુદા જુદા માર્ગના જુદા જુદા ગુરુઓએ સચોટ વિવરણ કરેલું છે. ગુરુદેવ અને ઈશ્વર ક્યાંકથી પ્રેરણા થાય તેવી વ્યવસ્થા પણ કરે છે. ક્યારેક ગૂઢ સંકેત આપીને પ્રોત્સાહન માટે પ્રયત્ન પણ થતો રહે છે તો ક્યારેક શિક્ષાત્મક ભાવથી ઘડતર કરવા માટેની ચેષ્ટા કરાય છે. કુદરત અને તેનાં સ્થાપિત સમીકરણો પણ અમુક બાબતોનું સૂચન કરે છે. કર્મના સિદ્ધાંતને આધારે ઊભરતું પરિણામ પણ આધ્યાત્મને લગતી ઘણી બાબતો સ્પષ્ટ કરી દે છે. એકંદરે એમ કહી શકાય કે વ્યવસ્થા સંપૂર્ણતામાં અનુકૂળ છે, પણ ક્યાંક અસ્તિત્વ નાશવંત બાબતોના આકર્ષણમાં ખેંચાઈ જાય છે.

જિંદગીમાં બધાને ખબર છે કે શું કરવું જોઈએ ને શું ન કરવું જોઈએ. બધાં જાણે છે કે સત્ય અને ધર્મનું પાલન સમગ્રતામાં આવકારદાયક છે. બધાં જાણે છે કે કોઈપણ સ્વરૂપે પાપનો દંડ તો મળશે જ અને સત્કાર્યનું શુભ પરિણામ પણ પ્રાપ્ત થશે જ, તો પણ તત્કાલીન લાભ તથા સગવડતા માટે અયોગ્ય નિર્ણય લેવાતાં રહે છે. અંત સમયે થનારી વ્યથા પણ લગભગ બધાં જ જાણે છે, તો પણ તે સમય માટે કોઈ ગંભીર નથી. જે નશ્વર છે તેના પ્રત્યે ધ્યાન નથી અને જે નાશ પામે છે તેના પ્રત્યેનો મોહ વધતો જ જાય છે. એમ જણાય છે કે જ્યાં હતા ત્યાં જ છીએ, એક ડગલું પણ આગળ વધાયું નથી.

છતાં પણ જાત વિશે જાતજાતની કલ્પના સ્થાપિત કરવામાં આવે છે. જે વાસ્તવિકતા નથી તેને વ્યક્ત કરવામાં આવે છે. જે મનની સૃષ્ટિ સમાન માત્ર છે તેને સત્ય ગણવામાં આવે છે. અધર્મથી પ્રાપ્ત થતી પરિસ્થિતિને સફળતા માનવામાં આવે છે. મનના સંકુચિત વલણને વ્યાપક તરીકે પ્રસ્તુત કરવામાં આવે છે. ધર્મ અને આધ્યાત્મની પરિભાષા પોતાની રીતે ગોઠવવામાં આવે છે. સૌથી મજાની વાત તો એ છે કે, આમાંનું કશું જ યોગ્ય નથી તેની જાણ હોવા છતાં આ જ પ્રમાણેનો વ્યવહાર ચાલુ રહે છે. જિંદગીનું આ કડવું સત્ય છે. હજુ તો શરૂઆત પણ નથી થઈ અને અંતિમ મુકામ સુધી પહોંચવાના - અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવાના દાવા થાય છે. આમાં અપવાદ પણ છે, તે જ આશા છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નિષ્કુળાનંદસ્વામી : વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કપૂત ઉદ્ગાતા

**રામાનંદ** સ્વામીના નિર્વાણ પછી સહજાનંદ સ્વામી ઉત્તરાધિકારી રૂપે નિયુક્તિ પામીને વિચરણ આરંભેલું એના ભાગરૂપે સંવત ૧૮૬૦માં ઈ.સ. ૧૮૦૪માં હાલાર પ્રદેશમાં જામનગર તરફ વિચરણ કરતા-કરતા હરિભક્ત લાલજી ભગતને ત્યાં શેખપાટ મુકામે ઉતારો કર્યો. વસંત પંચમીનો ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવીને કચ્છ વિસ્તાર તરફ જવાનું પ્રયાણ કર્યું. કોઈ ભોમિયો સાથે રાખવા માટે શોધવાનું કહ્યું. લાલજી કહે કોઈ શા માટે હું જ આપની સાથે આવું.

વિચરણની તૈયારી કરી. સાથે ખાદ્ય સામગ્રી, પાણીની બે બતક (ભંભલી) રાખી અને આવશ્યકતા ઊભી થાય ત્યારે કામ આવે એ માટે પગરખાનાં તળિયે સંતાડીને બાર કોરી પણ સાથે રાખી. સત્સંગ કરતા-કરતા બન્નો નીકળ્યા, કચ્છ રસ્તે ભિખારી મળ્યો. તેનો શ્રીહરિના કહેવાથી ભાથુ-ખાદ્યસામગ્રી-આપી દીધી. થોડે આગળ ચાલતા એક મહાપુરુષ સાધુ મળ્યા એનો બતકનું પાણી માગ્યું એટલે આપી દીધું. આગળ જતા બે-ત્રણ ચોર સામા મળ્યા. એણે બન્નોની જડતી-ચકાસણી કરી પણ કશું હાથ ન લાગ્યું. શ્રીહરિ ચોરનો ઉદ્દેશીનો કહે કે ‘તમે નવા લાગો છો. આના પગરખામાં સંતાડેલી કોરી કાઢી લ્યો. હવે ખરા અર્થમાં અકિંચન બનીનો કચ્છ તરફની યાત્રા આરંભી. ભૂખ્યા અનો તરસ્યા હતા. વચ્ચે તૃષા છીપાવવા માટે ખારા પાણીવાળી જગ્યાએ લાલજીનો વીરડો ગાળવાનું કહ્યું. ત્યાંથી મીઠું પાણી નીકળ્યું. એનું પાન કર્યું. પછી શ્રીહરિએ જણાવેલું કે માર્ગમાં મળેલા મહાપુરુષ રામાનંદજી હતા અનો તેમની કૃપાથી જળનો સ્વાદ મીઠો થયેલો. અધોઈ ગામ આવ્યું. ગામનો પાદરે વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠા. શ્રીહરિના ચરણોમાં થોડા કાંટા વાગેલા. એ કાઢવા માટે લાલજીએ શ્રીહરિના ચરણારવિંદ ખોળામાં લઈનો કાંટા કાઢ્યા અનો એ નિમિત્તે ચરણોમાં રહેલા સોળ શુભ ચિહ્નોના સાક્ષાત્ દર્શન કર્યા.

શ્રીહરિ લાલજીનો કહે ‘હવે ગામમાંથી ભિક્ષા માગી લાવો, એટલે ભોજન ભેગા થવાય. લાલજી કહે’ પ્રભુ! આ ગામ મારું સાસરું છે. મનો બધા ઓળખે છે, હું ભિક્ષા માગવા જાઉં તો મારી હાંસી થાય. લોક મજાક-મશ્કરી કરે.

શ્રીહરિ કહે, ‘તમનો કોઈ ન ઓળખે એવા કરી દઉં કહીનો લાલજીના માથાના વાળ અનો મૂછ કાતરી નાખ્યા. વસ્ત્રો પણ ઊતારવાનું કહીનો પોતાની ભગવી અલ્ફી અનો કોપીન આપ્યા. દીક્ષા આપીનો નિષ્કુળાનંદ નામકરણ કર્યું. ભગવા વેશે ભિક્ષા માગવા પોતાના શ્વસૂર ગૃહે જ ગયા. કુટુંબ-પરિવારે ઘણું કહ્યું.



સમજાવ્યા પણ નિષ્કુળાનંદ અડગ રીતે ભિક્ષા માટેનો આગ્રહ કરીનો ઉભા રહ્યા. ભિક્ષા લઈનો પરત થયા. શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. દૈવયોગે સાવ સહજ રીતે દીક્ષા પ્રસંગ પ્રગટ્યો એમ જણાય છે. એની પ્રસન્નતાના ચાર પદોની ચોસર એ શ્રીહરિકૃપાનું ફળ. પછી પણ માથે હસ્તકમળ મૂકી આશીર્વાદ આપીનો ‘યમદંડ’ નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી અનો અધોઈ ગામે રહીનો ઉપદેશ આપવા તથા શબ્દસાધનાની આજ્ઞા આપી. ગુરુકૃપાના ફળસ્વરૂપે ૧૮૬૦માં જ ગરુડ પુરાણથી આગવો એવો ‘યમદંડ’ નામે દીર્ઘ ગ્રંથ પદ્યમાં રચ્યો.

નિષ્કુળાનંદે પોતે એમના આત્મવૃત્તાંતમૂલક પદોમાં અનો ‘ભક્તચિંતામણિ’ ગ્રંથમાં એ બધી પ્રસંગ-ઘટનાઓ આત્મચરિત્રાત્મક વિગતોનો આલેખી છે. આ બધી વિગતો સંપ્રદાયના ‘હરિલીલામૃત’ ગ્રંથમાં પણ વર્ણવાઈ હોઈ ઘટનાઓનો અધિકૃત માનવાની રહે.

શ્રીહરિની આજ્ઞાથી પછી અનેક સ્થાનો વિવિધ સંતોનો સાથે રાખીનો બોધ-ઉપદેશ માટે વિચરણની આજ્ઞા કરી હતી. હકીકતે મૂળભૂત રીતે રામાનંદસ્વામીથી સંપર્કિત એવા મુક્તાનંદ, પછીના મહત્ત્વના લાલજી ભગત-નિષ્કુળાનંદ તથા એમના સખા મૂળજી શર્મા તે જ ગુણાતીતાનંદ.

નિષ્કુળાનંદના એક સમકાલીન પાછળથી વિમુખ થયેલા રઘુનાથ નામના પૂર્વાશ્રમના ગુરુબંધુનો પોતો અમદાવાદના દરિયાખાનની આખલીઓ નીચે ભજન-ધ્યાન અનો સત્સંગમાં રત હતા ત્યારે એ સાધુવેશધારી રઘુનાથ એની શિષ્યમંડળી સાથે તોની પાસો આવીનો નિષ્કુળાનંદ સાથે વડછડ કરેલી અનો પ્રશ્ન કરેલો કે રામાનંદ પાસો નહીં પણ સહજાનંદ પાસો દીક્ષા લીધી, તમનો પ્રભાવમાં ભુરખી નાખીનો કે આ દુષ્કાળમાંથી ભૂખમરાથી પાર ઉતરવા માટે ? ત્યારે એ સાધુવેશધારી રઘુનાથ અનો એની મંડળી સમક્ષ સદ્ય પ્રતિભાવરૂપપદ ગાન રજૂ કરેલું.

*‘સંતો સાંભળો સાચી વારતા, નથી લીધો આ ભુખ્યે ભેખ રે,*
*જનનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે. સંતો સાંભળો... ૧*
*ગાડુ બળદ ગાય ને ઘોડી, ડોબા હતાં દશ-બાર રે,*
*પાંચ મળીને પૂછતા મુને, કરતો હું કારભાર રે... સંતો સાંભળો... ૨*
*અન્ન, ધન ગામ ઘરણી, પરણી હતી પેર રે,*
*છોટાં મોટાં છોકરાં હતાં, હતી માતાજીની મેર રે... સંતો સાંભળો... ૩*
*ખાવા પીવાનું ખૂબ જ હતું, વસ્ત્રનો નહીં પાર રે,*
*જોઈએ તેવા જોડા જડતા, તકે-તકે તૈયાર રે... સંતો સાંભળો... ૪*
*ઓલુ મેલી અહીં આવ્યો છું, ઉરમાં કરી વિચાર રે,*
*ભુખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહીં એની હાર રે...*
*સંતો સાંભળો... ૫*
*જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ચોટ્યું નહીં ક્યાંય ચિત્ત રે,*
*નિષ્કુળાનંદ કે નહીં કહું તો, જોડશે મારું ગીત રે... સંતો સાંભળો... ૬*

શ્રીહરિના આશીર્વાદથી સાહિત્યસર્જન તરફ વળેલા નિષ્કુળાનંદનો પૂર્વાશ્રમમાં શાસ્ત્રોના શ્રવણપાન તથા અભ્યાસ, સત્સંગ અનો સ્વાધ્યાભિમુખપણું અનો ઉદ્ધવપંથીમાંથી એમનો નવ્યરૂપો નીખરેલા સંપ્રદાયના સિદ્ધાન્તો અનો સાધનાનો કાવ્યાભિવ્યક્તિનું રૂપ અર્પવામાં સહાયભૂત થયા જણાય છે. એનો પરિચય ‘યમદંડ રચનામાંથી મળી રહે છે. સાધુ સાથે વિચરણ, સંતસત્સંગ અનો શ્રીહરિનું સાંનિધ્ય તેમના વૈરાગી વ્યક્તિત્વનો સાહિત્ય સાધના અનો ઉપાસનામાં રત રાખનારું પરિબળ છે. સમૂહ-પ્રશંસાની અનો પદની કશી સ્પૃહા ન રાખતા. અધોઈમાં દીક્ષિત થયા એ તરત જ સ્વાધ્યાય-લેખન તરફ વળવાનું બન્યું. અધોઈથી શ્રીહરિ કચ્છ તરફ નીકળ્યા અનો નિષ્કુળાનંદે શેખપાટ મુકામે રહીનો પૂજા-પાઠ ગરુડ પુરાણનો સ્વાધ્યાય અનો ‘યમદંડ’નું લેખન આરંભ્યું. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# તમારા પતિ જીવિત છે, તમે નિશ્ચિંત રહો, તમારા પતિ અમર છે, તેઓ સુરક્ષિત છે, તેમને કંઈ નહીં થાય

(ગતાંકથી ચાલુ)

**દેવર્ષિ** નારદની આરાધનાનો સ્વર સમગ્ર સંસારમાં પહોંચવા લાગ્યો. ત્વષ્ટા ઋષિને એ સ્વરથી કંપન થવા લાગી. ત્વષ્ટા ઋષિ માતા શક્તિને કહે છે, ‘હે માતા શક્તિ હે ભગવાન શિવ, મને દેવર્ષિ નારદના સ્વરનો ભય લાગવા માંડયો છે, મારી ભૂલ થઈ હતી. હું તેમને શ્રાપથી મુક્ત કરવા માગું છું. જો મેં સંસારમાં ધર્મ અને ભક્તિ ફેલાવવા કોઈ યોગદાન આપ્યું હોય તો એ મારા કર્મનું ફળ દેવર્ષિ નારદને મને અને તેઓ ફરી માનવ મુખ પ્રાપ્ત કરે.’ આટલું સાંભળતાં જ ભગવાન શિવ ‘તથાસ્તુ’ કહે છે. એ જ ક્ષણે દેવર્ષિ નારદ વાનર મુખથી માનવ મુખ પ્રાપ્ત કરે છે. દેવર્ષિ નારદ ફરી માનવ મુખ મળતાં તેઓ કૈલાસ પહોંચે છે અને માતા પાર્વતી અને ભગવાન શિવના ચરણે આશીર્વાદ લઈ બ્રહ્મલોક તરફ પ્રયાણ કરે છે. બ્રહ્મલોક ખાતે માતા સરસ્વતી અને બ્રહ્માજીના આશીર્વાદ લઈ તેઓ વૈકુંઠધામ તરફ પ્રયાણ કરે છે. વૈકુંઠધામ જઈ માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુના આશિર્વાદ લે છે. માતા લક્ષ્મી દેવર્ષિ નારદને કહે છે કે, ‘દેવર્ષિ નારદ, હું ઇચ્છું છું કે તમે પહેલાની જેમ જ ફરી નારાયણ.. નારાયણ...ના સ્વર સાથે પૃથ્વીલોક પર ધર્મના પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત થઈ જાઓ.’ પ્રસન્ન દેવર્ષિ નારદ નારાયણ.. નારાયણ...ના સ્વર સાથે પૃથ્વીલોક તરફ આગળ વધે છે. બીજી તરફ ઋષિ ત્વષ્ટા માતા શક્તિ પાસેથી વરદાન મેળવે છે કે તેઓને યજ્ઞમાંથી એક પુત્ર મળશે જે સમસ્ત સંસારમાં અસુરોના ભટકી રહેલા આત્માઓના સંયોજનથી બનેલો હશે અને તે બળશાલી અને વિનાશકારી હશે. વરદાન મળતાં ઋષિ ત્વષ્ટા યજ્ઞકુંડમાં પુત્ર કામનાથી આહુતિ આપવાનું શરૂ કરે છે થોડા જ સમયમાં સમસ્ત સંસારની ભટકી રહેલી આત્માઓ એક પછી એક યજ્ઞકુંડમાં પ્રવેશે કરે છે. ભટકતી આત્માઓનું પ્રવેશવાનું બંધ થતાં એક મહાકાય અસુર વૃત્રાસુર પ્રગટ થાય છે ઋષિ ત્વષ્ટા વૃત્રાસુરને આદેશ આપે છે કે, પહેલા તમે એક અજ્ઞાત સ્થળે બ્રહ્માજીની આરાધના કરી વરદાન મેળવો અને ત્યારબાદ સ્વર્ગલોક પર રહેતા સમસ્ત દેવગણનો વિનાશ કરો. ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર દેવગણો સાથે આક્રમણ કરે છે પણ વૃત્રાસુરની તપસ્યા વિચલીત થતી નથી. છેલ્લે બ્રહ્માજી વૃત્રાસુર પર પ્રસન્ન થતાં વરદાન આપે છે. સ્વર્ગલોક કે અન્ય લોકના કોઈપણ દેવ કે પુરુષ તેનો વધ ન કરી શકે તેવું વરદાન મેળવી ઘમંડી વૃત્રાસુર પોતાના સૈન્યને લઈ સ્વર્ગલોક પર આક્રમણ કરવા પ્રસ્થાન કરે છે.

* * *

વૃત્રાસુરનું મહાકાય સૈન્યની આગેકૂચ જોઈ સમગ્ર દેવ સેના આતંકિત થઈ જાય છે. તેઓ તુરંત દેવરાજ ઇન્દ્ર સમક્ષ પ્રગટ થઈ આવનારા સંકટની જાણ કરે છે. ઉત્સાહિત દેવરાજ ઇન્દ્ર સૈન્યને તુરંત આદેશ આપે છે કે, યુદ્ધ માટે કૂચ કરો.



દેવરાજ ઇન્દ્રના આદેશથી દેવસેના કૂચ કરે છે. સામ-સામે આવેલી દેવસેના અને અસુરસેના વચ્ચે ઘમસાણ યુદ્ધ થાય છે. વૃત્રાસુર સામે પહેલા અગ્નિદેવ આક્રમણ કરે છે. વૃત્રાસુર અગ્નિદેવની અગ્નિને પોતાની શક્તિથી ઠારી દે છે. ગભરાયેલા અગ્નિદેવને પલાયન થઈ જતા જોઈ પવનદેવ વૃત્રાસુર સામે પહોંચી જાય છે અને વૃત્રાસુર સમક્ષ જોરદાર પવન ફૂંકે છે. વૃત્રાસુર પોતાના મુખથી પવનદેવના પવનને પોતાના પેટમાં સમાવી લે છે. પોતાના પવનની કોઈ અસર ન જણાતાં પવનદેવ પણ ત્યાંથી પલાયન થઈ જાય છે. પવનદેવને સહકાર આપવા વરૂણદેવ વૃત્રાસુર પર જોરદાર વર્ષાથી આક્રમણ કરે છે. જોરદાર વર્ષાથી થયેલા આક્રમણને ખાળવા વૃત્રાસુર પોતાનું મહાકાય સ્વરૂપ પ્રગટ કરે છે. મહાકાય વૃત્રાસુર પર વર્ષાની કોઈ અસર ન થતાં વૃત્રાસુર ખડખડાટ હાસ્ય કરવા માંડે છે. વૃત્રાસુરના ખડખડાટ હાસ્યથી ગભરાઈને વરૂણદેવ પલાયન થઈ જાય છે. અગ્નિદેવ, પવનદેવ અને વરૂણદેવને પલાયન થતાં જોઈ નાસીપાસ થઈ દેવસેના પણ ત્યાંથી પલાયન થઈ જાય છે. પલાયન થતી દેવસેના અને મહાકાય વૃત્રાસુરને જોઈ દેવરાજ ઇન્દ્ર ગભરાઈ જાય છે.

વૃત્રાસુરઃ ‘દેવરાજ ઇન્દ્ર તમે મારા યજ્ઞ પિતાને અસહનીય દુઃખ આપ્યું છે, હવે સમય થઈ ગયો છે તમને સજા આપવાનો. હું તમને જીવિત જ ગળી જઈશ.’

દેવરાજ ઇન્દ્રઃ ‘અસુર રાજ વૃત્રાસુર તમે શું ઇચ્છો છો.’

વૃત્રાસુરઃ ‘દેવરાજ ઇન્દ્ર તમે મારા યજ્ઞ પિતાને અસહનીય દુઃખ આપ્યું છે, હવે સમય થઈ ગયો છે તમને સજા આપવાનો. હું તમને જીવિત જ ગળી જઈશ.’

દેવરાજ ઇન્દ્રઃ ‘વૃત્રાસુર સમજવાની કોશિશ કરો, હું મારા હથિયાર અહીં જ છોડી દઉં છું આપણે બેસીને વાત કરી શકીએ.’

શબ્દોની જાળમાં પોતે ફસાઈ જવાની બીકે વૃત્રાસુર દેવરાજ ઇન્દ્રને ઉંચકીને ગળી જાય છે. આ જોઈ દેવી સચિ ત્યાંથી પલાયન થઈ દેવગુરુ બૃહસ્પતિ પાસે પહોંચે છે.

દેવી સચિઃ ‘દેવગુરુ રક્ષા કરો, તમે જ મારા પતિનું રક્ષણ કરી શકો છો.’

દેવગુરુ બૃહસ્પતિઃ ‘દેવી કહો તો ખરા શું થયું.’

દેવી સચિઃ (રડતાં રડતાં) ‘દેવગુરુ વૃત્રાસુર માતા પતિને ગળી ગયો છે. તમે જ એમની રક્ષા કરી શકશો.’

દેવગુરુ બૃહસ્પતિઃ ‘દેવી ધીરજ ધરો, તમારા પતિને કંઈ નહીં થાય.’

દેવી સચિઃ ‘દેવગુરુ તમે વૃત્રાસુરને સજા આપો અને મારા પતિને બચાવો.’

દેવગુરુ બૃહસ્પતિઃ ‘દેવી સમજવાની કોશિશ કરો, વૃત્રાસુરને બ્રહ્માજીનું વરદાન પ્રાપ્ત છે.’

દેવી સચિઃ ‘શેનું વરદાન’

દેવગુરુ બૃહસ્પતિઃ ‘વૃત્રાસુરે બ્રહ્માજીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું છે કે, સ્વર્ગલોક કે અન્ય લોકના કોઈપણ દેવ કે પુરુષ તેનો વધ ન કરી શકે. હવે કોઈ પુરુષ તેનો વધ કરી શકશે નહીં, દેવી તમારે માતા શક્તિના શરણે જવું જોઈએ.’

દેવી સચિ ત્વષ્ટા ઋષિએ સ્થાપેલ શક્તિ મંદિર પહોંચે છે અને માતાની આરાધના કરવા માંડે છે, તેમની સાથે દેવગુરુ બૃહસ્પતિ અને દેવગણો પણ ત્યાં જ આરાધના કરવા માંડે છે. ઘણો સમય વ્યતિત થતાં દેવી સચિ પોતાનું માથું માતા શક્તિના ચરણોમાં પછાડવા માંડે છે. આનાથી વ્યથિત થઈ માતા શક્તિ ત્યાં પ્રગટ થાય છે.

માતા શક્તિઃ ‘સચિ તમે આ શું કરી રહ્યા છો. આ યોગ્ય નથી.’

દેવી સચિઃ ‘માતા શક્તિ મારા પતિ દેવરાજ ઇન્દ્રને વૃત્રાસુર ગળી ગયો છે, તમે જ એમની રક્ષા કરી શકો છો.’

માતા શક્તિઃ ‘સચિ તમારે ફિકર કરવાની જરૂર નથી, તમારા પતિનો અંત અસંભવ છે, તમારા પતિ જીવિત છે, તમે નિશ્ચિંત રહો, તમારા પતિ અમર છે, તેઓ સુરક્ષિત છે, તેમને કંઈ નહીં થાય. હું કંઈક એવું કરું છું કે થોડા જ સમયમાં દેવરાજ ઇન્દ્ર પરત ફરશે’

માતા શક્તિનો આભાર માની દેવી સચિ અને દેવગણો ફરી માતા શક્તિની આરાધનામાં લીન થઈ જાય છે. માતા શક્તિના આભામંડળમાંથી એક ગોળો નીકળી વૃત્રાસુરના આભામંડળમાં લુપ્ત થઈ જાય છે. ગોળાની અસર થતાં વૃત્રાસુરને ઊંઘ આવવા માંડે છે અને થોડા જ સમયમાં વૃત્રાસુર ઉંઘી જાય છે. મહાકાય શરિરધારી ઊંઘી ગયેલો વૃત્રાસુર જોરશોરથી ઘોરવા માંડે છે. ઘોરતી વખતે જોરશોરથી થઈ રહેલા અવાજ વખતે વૃત્રાસુરનું મુખ પણ થોડું ખુલવા માંડે છે. તક જોઈ દેવરાજ ઇન્દ્ર ખુલેલા મુખમાંથી બહાર આવી જાય છે. દેવરાજ ઇન્દ્રને મુખમાંથી બહાર આવેલા જોઈ અસુરસેના ફરી તેમના પર આક્રમણ કરે છે. સૂતેલા વૃત્રાસુરને જોઈ દેવસેના પણ ઉત્સાહમાં આવી અસુરસેના પર આક્રમણ કરે છે. આ વખતે અસુરસેના પર દેવસેના પ્રભાવી થઈ પડતાં અસુરસેના પલાયન કરે છે.


દેવરાજ ઇન્દ્ર દેવી સચિ પાસે પહોંચે છે.

દેવી સચિઃ ‘સ્વામી, પ્રથમ તમે દેવગુરુ બૃહસ્પતિના આશીર્વાદ લો તેમની સલાહથી મેં માતા શક્તિની આરાધના કરી અને માતા શક્તિએ જ તમને વૃત્રાસુરના ઉદરમાંથી બહાર કાઢયા છે. આપણે તેમના આશીર્વાદ પણ તુરંત લેવા જોઈએ. દેવી સચિ અને દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિના આશીર્વાદ લે છે.

દેવગુરુ બૃહસ્પતિઃ ‘દેવરાજ તમે અહીં સ્વર્ગલોકમાં સુરક્ષિત નથી, માતા શક્તિની કૃપાથી વૃત્રાસુર નિદ્રાધીન થયો છો. નિદ્રાથી બહાર આવતાં જ એ તમને લક્ષ્ય બનાવશે, તમે પૃથ્વીલોક જઈ છુપાઈ જાવ.’

દેવરાજ ઇન્દ્રઃ ‘જેવી તમારી આજ્ઞા દેવગુરુ.’

આટલું કહી દેવરાજ ઇન્દ્ર, દેવી સચિ અને દેવગણો ત્યાંથી પૃથ્વીલોક તરફ પ્રસ્થાન કરે છે. (ક્રમશઃ)■




■ એચ. એન. ગોલીબાર

જીમીએ મુન્નાને ખતમ કરી નાખવાનું નક્કી કરી લીધું અને એ મુન્નાને ખતમ કરવા માટે આગળ વધ્યો. એની પત્ની રોઝીને એણે પૈસા માટે જ ખતમ કરાવી નાખી હતી અને એ તો એની પત્ની હતી છતાંય એણે પૈસા ખાતર એને ખતમ કરાવી નાખી હતી અને વળી આ તો કજલીના પેટે જન્મેલો ચમત્કારિક મુન્નો હતો.... અને હવે એ વધુ ચમત્કાર પણ જોવા માગતો નહોતો.

જીમી બાજુના કમરાના દરવાજા પાસે પહોંચ્યો. પલંગ પર મુન્નો ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો.

જીમી પાછો ફર્યો, એણે એક-એક રૂમ - એના એક-એક ખૂણા-ખાંચરા જોયા, ક્યાંક ગોગિયો તો ભરાઈ બેઠો નહોતોને?

ગોગિયો ખરેખર જતો રહ્યો હતો. જીમીએ ઘરનો મુખ્ય દરવાજો બંધ કર્યો. બીજાં બારીબારણાં પણ એણે બંધ કર્યાં અને ધીમે-ધીમે ચાલતાં રસોડામાં પહોંચીને એણે એક ઝડપી નજર દોડાવી. ખૂણામાં એક પોણા ફૂટ જેટલી લાંબી છરી પડી હતી. એ છરી ચપ્પુ જેવી હતી. એ છરીની આગળની ધાર એકદમ અણીદાર હતી. એણે છરી ઉઠાવી અને ધીમા પગલે - બિલ્લી પગે મુન્નાના કમરા તરફ આગળ વધ્યો.

જીમી મુન્નાના કમરાના દરવાજા પાસે પહોંચ્યો. જીમીએ મુન્નાના ચહેરા પર જોવાને બદલે એના પેટ છાતી પર નજર રાખી અને ધીમે-ધીમે મુન્ના તરફ આગળ વધ્યો.

એક...બે...ત્રણ...ચાર....પાંચ...છ....સાત....આઠ...નવ અને દસમા પગલે એ મુન્નાના પલંગ પાસે પહોંચી ગયો.

અને એણે વધુ સમય વિચારવાને કે રોકાવાને બદલે છરી અધ્ધર ઉપાડી અને મુન્નાના પેટની આરપાર કરી દીધી. મુન્નાએ ફક્ત એક જ ચીસ પાડી અને પછી એકદમ શાંત થઈ ગયો. એના શરીરમાંથી ઘાટું લોહી પણ પલંગ પર ફેલાવા લાગ્યું.

જીમીએ મુન્નાના શરીરમાંથી છરી બહાર કાઢી અને ચાદરથી જ એણે એ છરી સાફ કરી નાખી.

મુન્નો પલંગ પર મરેલી હાલતમાં પડ્યો હતો, પરંતુ એના ચહેરા પર છરીનો પેટમાં ઘા થયો હોય એવી પીડા નહોતી, એના ચહેરા પર શાંતિ હતી.

જીમી છરી લઈને પાછો રસોડામાં પહોંચ્યો, અને નળ ચાલુ કરીને એણે ઝડપથી છરી ધોઈ નાખી અને પાછી એની જગ્યા પર મૂકી દીધી.

એણે ઘડિયાળમાં જોયું લગભગ પાંચ વાગ્યા હતા.

હવે જીમી વહેલી તકે અહીંથી રૂપિયાનાં બંડલો લઈને ભાગી જવા માગતો હતો. એ મુન્નાના કમરામાં આવ્યો. મુન્નો એ જ હાલતમાં પડ્યો હતો.

જીમી બેડરૂમ તરફ દોડ્યો. હવે ઝડપ કરવાની જરૂર હતી. અજવાળું થાય એ પહેલાં અહીંથી એ નીકળી જવા માગતો હતો. રૂપિયા લઈને એ દૂર....દૂર....જ્યાં કોઈ એને ઓળખી ન શકે, એવી જગ્યાએ એ પહોંચી જવા માગતો હતો.

એણે ચાવી ફેરવી અને કબાટનું તાળું ખોલ્યું, અને પછી કબાટ ખોલ્યું. કબાટમાં રૂપિયાનાં બંડલો એ જ રીતે પડ્યાં હતાં.

એ પલંગ પાસે પહોંચ્યો અને એણે પલંગ નીચેથી પેટી કાઢી. એ પેટી ખાસ્સી એવડી મોટી હતી. એ પેટીનાં કપડાં એણે કાઢી નાખ્યાં અને બીજી નાનકડી પેટીમાં ઠાંસી-ઠાંસીને જેમતેમ કરીને ભર્યાં. પછી એ ખાલી પેટી લઈને કબાટ પાસે પહોંચ્યો અને મશીનની ઝડપે એણે કબાટની નોટો પેટીમાં ભરવા માંડી. પેટી પોણા ભાગ જેટલી ભરાઈ ગઈ. જીમીએ પેટી બંધ કરી અને બીજી પેટી પણ એણે હાથમાં લઈ લીધી અને ઘરના મુખ્ય દરવાજા પાસે પહોંચ્યો ત્યાં જ તેના મગજમાં એક સવાલ સળવળ્યો.

જો એ મુન્નાને આ કમરામાં આવી ખૂન થયેલી હાલતમાં મૂકી જશે અને કાલ સવારે પોતાને અહીંયાં નહીં જુએ, અને ચોકીદાર ઘરમાં આવશે અને મુન્નાની લાશને જોશે તો....? તો એના નામે ખૂન ચઢી જશે, અને પછી પોલીસ એની પાછળ લાગી જશે. એના કરતાં એણે મુન્નાની લાશને પોતાની સાથે લઈ લેવી જોઈએ અને પછી રસ્તામાં કોઈ ખાઈમાં ગબડાવી દેવી જોઈએ. આ વિચાર એને સાચો લાગ્યો.

એ બન્ને પેટી લઈને મુન્નાના કમરામાં પહોંચ્યો. એણે બન્ને પેટી નીચે જમીન પર મૂકી અને પછી મુન્ના પાસે આવ્યો. મુન્નો એ જ હાલતમાં પડ્યો હતો. જીમીએ પલંગની ચાદરમાં જ, પોટલાની જેમ મુન્નાને - મુન્નાની લાશને લપેટી લીધી.

પછી એણે નોટોનાં બંડલોવાળી પેટી ખોલી, અને મુન્નાની લાશને એણે નોટોનાં બંડલ પર લેટાવી દીધી. અને એક ઝાટકા સાથે એણે પેટી બંધ કરી પણ પેટી બંધ થઈ નહીં એટલે એ પેટી પર ચઢી ગયો અને મહામહેનતે પેટી બંધ થઈ. પેટીને એણે તાળું માર્યું. એ ઊભો થયો અને પેટી હાથમાં ઊંચકી જોઈ, પેટી ખૂબ જ વજનદાર થઈ ગઈ હતી. એણે પેટી પાછી નીચે મૂકી અને પલંગ પરના લોહીથી ભીનું થયેલું ગાદલું એણે ઊંધું કરી નાખ્યું અને એની પર પેટીમાંથી લાલ રંગની ચાદર કાઢીને બિછાવી દીધી.

જીમીએ આ બધું એકીશ્વાસે કર્યું હતું. એ ખૂબ જ થાકી ગયો હતો, એ બે ઘડી શ્વાસ ખાવા માટે બેઠો, પરંતુ પછી એ તરત જ ઊભો થઈ ગયો. બહાર સવારનું અજવાળું ફેલાવાનું શરૂ થઈ ચૂક્યું હતું અને એની જેમ બને એમ અહીંથી ભાગી જવામાં જ ભલાઈ હતી. એણે બન્ને પેટી ઉઠાવી અને ઘરના મુખ્ય દરવાજા પાસે પહોંચ્યો, બન્ને પેટી એણે નીચે મૂકી - દરવાજો ખોલ્યો અને બહાર ઝાંકીને જોયું તો ચોકીદાર પાટલી પર બેઠો-બેઠો જ સૂઈ ગયો હતો. એની નજર મુખ્ય ઝાંપા પર પડી તો ઝાંપા પાસે જ એને એક ટૅક્સી ઊભેલી દેખાઈ.

જીમીના મનમાં એક ખુશીની લહેર દોડી ગઈ. એના માટે ભગવાન ઈશુએ જાણે ટૅક્સી પણ મોકલી આપી હતી, હવે એને ઝડપથી અહીંથી ટૅક્સીમાં બેસીને દૂર....દૂર ભાગી જવાનું હતું.

જીમીએ સાવધાનીથી બન્ને પેટી ઉઠાવી અને પછી ઘરની બહાર નીકળ્યો. એણે પગથી ધીમેથી દરવાજો બંધ કરી દીધો અને ખૂબ જ ધીમેથી ચાલતો-ચાલતો મુખ્ય દરવાજા પાસે પહોંચ્યો. અવાજ ન થાય એવી સાવધાની સાથે એણે મુખ્ય ઝાંપો ખોલ્યો અને બહાર આવ્યો.

ટૅક્સીવાળો ટૅક્સીની આગલી સીટ પર ગરમ કામળો ઓઢીને બેઠો હતો.

'જમ્મુ જવું છે?' જીમીએ પૂછ્યું.

'ચાલો....!' ટૅક્સી-ડ્રાઈવરે કહ્યું.

જીમીએ ભાડા વિષે કંઈ જ માથાકૂટ ન કરી. એ ટૅક્સીમાં બેસી ગયો. ટૅક્સીવાળાએ નીચે ઊતરીને જીમીની બન્ને પેટીઓ પાછળ ડીકીમાં મૂકી દીધી.

અને પછી આગળ આવીને ટૅક્સી ચાલુ કરીને ટૅક્સી રસ્તા પર દોડાવી મૂકી.

દિવસનું અજવાળું ફેલાઈ ચૂક્યું હતું, અને વધુ ને વધુ અજવાળું ફેલાઈ રહ્યું હતું.

જીમીએ એક નિરાંતનો શ્વાસ લઈને પીઠ સીટ પર ટેકવી અને મુન્નાની લાશ કઈ રીતે ઠેકાણે પાડવી એના વિચારોમાં ખોવાઈ ગયો.... અને ટૅક્સી પૂર ઝડપે દોડતી રહી - દોડતી રહી. ખાસ્સા સમય સુધી દોડતી રહી.

અચાનક જીમી ચોંકી ઊઠ્યો, એનું દિલ ગભરાઈ ઊઠ્યું. એણે જોયું કે સામે બોગદા પાસે થોડેક દૂર પંદરેક જેટલા પોલીસવાળાઓ ઊભા હતા અને એમાંથી એક ટૅક્સી રોકવા માટે હાથ હલાવી રહ્યો હતો અને જ્યારે જીમીની નજર ઇન્સ્પેક્ટર ખાન પર પડી ત્યારે એનું હૃદય જાણે ધડકતું બંધ થઈ ગયું.

'રોકો.... રોકો....'

અને એક લાંબી બ્રેકની ચિચિયારી સાથે ટૅક્સી રોકાઈ.

ઇન્સ્પેક્ટર ખાન પોતાની ગુરૂરભરી ચાલ સાથે ટૅક્સી પાસે પહોંચ્યા અને પાછલી બારીએથી અંદર ઝાંક્યું: 'ઓહ....મિસ્ટર જીમી તમે....તમને તો અમે રજા વિના શ્રનગરની બહાર પગ મૂકવાની ના પાડી

> **અજવાળું થાય એ પહેલાં અહીંથી એ નીકળી જવા માગતો હતો. રૂપિયા લઈને એ દૂર....દૂર....જ્યાં કોઈ એને ઓળખી ન શકે, એવી જગ્યાએ એ પહોંચી જવા માગતો હતો.**

હતીને?' પછી એનો અવાજ કડક થયો. 'મને શક હતો જ કે તમે જ મિસ નિશાનું ખૂન કર્યું હોવું જોઈએ, અને તમે અત્યારે એટલે જ ભાગી રહ્યા છોને? ચાલો બહાર નીકળો, એ વિષે તો હું પછી બરાબર તપાસ કરું છું, પહેલાં બૅંકમાંથી ચોરાયેલા બે કરોડ રૂપિયા માટે તો તમારો સામાન ચેક કરી લઉં! કૉન્સ્ટેબલ, ગાડી ચેક કરો....' કૉન્સ્ટેબલ તરફ ફરતાં ઇન્સ્પેક્ટર ખાને કહ્યું અને પછી પાછા જીમી તરફ જોયું: 'ચાલો, બહાર નીકળો....' જીમી પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. જો ખાન સામાન ચેક કરશે તો.... પેટીમાં બે કરોડ રૂપિયા પણ હતા અને મુન્નાની લાશ પણ....

જીમી બહાર નીકળ્યો. એણે પોતાની જાતને સંભાળી લીધી હતી.

'સાહેબ! આમને તમે ખોટા હેરાન કરી રહ્યા છો.' ડ્રાઈવર અત્યારે પહેલી વાર બોલ્યો.

'ચૂપ કર સાલ્લા! તું તારું કામ કર, ડીકીની ચાવી કૉન્સ્ટેબલને આપ....' ખાને ગુસ્સામાં કહ્યું.

જીમીએ પહેલી વાર ધ્યાનથી ટૅક્સી-ડ્રાઈવર તરફ જોયું સવારથી જ ડ્રાઈવરે પોતાના શરીર ફરતે અને માથા પર કામળો લપેટી રાખ્યો હતો, એટલે જીમી એ ડ્રાઈવરના ચહેરાને બરાબર જોઈ શક્યો નહોતો. ટૅક્સી-ડ્રાઈવરે માથા પરથી કામળો હટાવ્યો ત્યાં જ જીમીનું હૃદય ધબકારા ચૂકી ગયું. ટૅક્સી-ડ્રાઈવર બીજો કોઈ નહીં પણ ગુલુ હતો.... ગુલુ....

ગુલુએ સ્મિતભર્યા ચહેરે જીમી સામે જોતાં ચાવી કૉન્સ્ટેબલના હાથમાં આપી અને કૉન્સ્ટેબલ ડીકી તરફ આગળ વધ્યો. ઇન્સ્પેક્ટર ખાનના ચહેરા પર વિજયનું હાસ્ય હતું, અને નજર ડીકી તરફ.

ગુલુએ જીમીને કંઈક ઇશારો કર્યો અને શી ખબર જીમીમાં એટલી તાકાત અને ઝડપ ક્યાંથી આવી કે એણે પાસે ઊભેલા ઇન્સ્પેક્ટર ખાનને એક ધક્કો માર્યો અને ટૅક્સીમાં છલાંગ લગાવીને દરવાજો બંધ કરી દીધો.

ઇન્સ્પેક્ટર ખાન કંઈ સમજે કે કૉન્સ્ટેબલ ડીકીના તાળામાં ચાવી લગાવે એ પહેલાં જ ગુલુએ ટૅક્સી ખતરનાક ઝડપે દોડાવી મૂકી.

જીમી હજુ હાંફી રહ્યો હતો, કાંપી રહ્યો હતો.

ઇન્સ્પેક્ટર ખાન અને પોલીસો ઘણા પાછળ રહી ગયા હતા. ટૅક્સી સાપની જેમ આડા-અવળા વળાંકો લેતી દોડી રહી હતી. ગુલુએ હવે આખો કામળો ઉતારી નાખ્યો હતો અને ખૂબ જ સાવધાની અને ઝડપથી ટૅક્સી દોડાવી રહ્યો હતો. એણે એક નજર ફરીને જીમી પર નાખી અને બોલ્યો: 'બોલો સાહેબ! કેવી મજા આવી?'

'મજા તો આવી પણ મેં ઇન્સ્પેક્ટર ખાનને ધક્કો મારીને ભાગીને સારું નથી કર્યું, એ સરકારી ડ્રેસમાં હતો. અને વળી તું અહીં ક્યાંથી આવ્યો?' જીમીએ ચહેરા પરનો પરસેવો લૂછતાં કહ્યું.

'છોડો એ બધી વાતોને! ઇન્સ્પેક્ટર ખાન તમને હવે કોઈ હાલતે પકડી નહીં શકે.'

'જો ઈન્સ્પેક્ટર ખાને વાયરલેસ મારફત આગળ બીજા પોલીસોને ખબર આપી દીધી તો....?

'આનો ઇલાજ પણ મે વિચારી રાખ્યો છે.' ગુલુએ ડાબી બાજુ સ્ટીયરિંગ ઘુમાવતાં કહ્યું: મને એક એવી સૂમસામ જગ્યાની ખબર છે જ્યાં આપણે દિવસના સમયમાં ટૅક્સી છુપાવી શકીએ.'

'અચ્છા....પણ એ જગ્યા છે ક્યાં?' જીમીએ આશાભર્યા અવાજે પૂછ્યું.

'નીચે ઘાટીમાં....!'

'સારું.... તો તારો આ આઇડિયા સારો છે....' જીમીએ પાછળ ફરી જોયું. પાછળ કોઈ જ આવતું નહોતું. 'ટૅક્સીને ત્યાં જ લઈ ચાલ.... રૂપિયાની ફિકર ન કરતો.... હું તને માલામાલ કરી દઈશ.'

'સારું સાહેબ!' કહેતાં જ ગુલુએ ડાબી બાજુથી નીચે જઈ રહેલા એક કાચા રસ્તા પર ટૅક્સી વાળી લીધી.

પોલીસથી બચવા માટે આ જ સહેલો અને સલામત રસ્તો હતો, પણ હજુ એને મુન્નાની લાશને ઠેકાણે પાડવાની જગ્યા અને મોકો પણ શોધવાનો હતો.

'હું એવી જગ્યાએ ટૅક્સી છુપાવી દઈશ કે દુનિયાનો મોટામાં મોટો જાસૂસ પણ એને શોધી ન શકે.' ગુલુએ જીમીને કહ્યું. જીમીએ ફક્ત હુંકાર જ ભર્યો.

ગુલુએ બે પહાડો વચ્ચેની જગ્યામાં-અંદર ટૅક્સી ઘુસાડી દીધી અને એન્જિન બંધ કર્યું, ત્યાં જ જીમીના મગજમાં સવાલ સળવળ્યો: 'ગુલુ! તેં તો કારની ચાવી કૉન્સ્ટેબલને આપી હતી તો પછી તેં કાર ચલાવી કઈ રીતે?'

'સાહેબ! એ ચાવી તો ડુપ્લિકેટ હતી, અસલી ચાવી તો આ રહી!' કહેતાં ગુલુએ ચાવી કાઢતાં જીમીને બતાવી.

'સરસ!' કહેતાં જીમી ટૅક્સીની બહાર નીકળ્યો.

ગુલુએ ટૅક્સીને ખરેખર બે પહાડો વચ્ચે અંદર એવી રીતે છુપાવી હતી કે, જો પોલીસવાળા હેલિકૉપ્ટર લઈને નીકળે તોપણ એ ટૅક્સીને કોઈ પણ હાલતે જોઈ ન શકે.

જીમી મનોમન ખુશખુશાલ થઈ ગયો. ગુલુ ખરા ટાઇમે એને મળી ગયો એ બદલ મનોમન એણે ભગવાન ઈશુનો આભાર પણ માન્યો અને મનોમન એવું નક્કી પણ કર્યું કે જમ્મુ પહોંચીને એ નોટોનું એક બંડલ ગુલુને એની મહેનત બદલ આપશે.

જીમી પહાડની વચ્ચેથી બહાર આવ્યો. ગુલુ પણ એની પાછળ-પાછળ બહાર નીકળ્યો.

જીમી સવારના સમયે શ્રીનગરથી નીકળ્યો હતો અને અત્યારે લગભગ સાંજના ચારેક વાગ્યા હતા, પરંતુ પહાડી વિસ્તાર હોવાને કારણે સૂરજ પહાડો પાછળ ઢંકાઈ ગયો હતો અને અહીં અંધારું ફેલાઈ રહ્યું હતું.

જીમીના મનમાં હવે ફફડાટ જાગ્યો. જો અહીં રાત પડી જશે તો પછી એ પોતાના રક્ષણની વ્યવસ્થા કઈ રીતે કરી શકશે? (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| ચિતા | CREMATION |
| શબવાહિની | REMAINS |
| અસ્થિ | PYRE |
| અગ્નિદાહ | RITUAL |
| ધાર્મિક વિધિ | HEARSE |

### ઓળખાણ પડી?

આપણા દેશના કયા શહેરમાં રાવણની પૂજા કરતું રાવણગ્રામ - રાવણ મંદિર સ્થિત છે એ ખબર છે? રાવણની પત્ની મંદોદરી એ શહેરની હોવાની માન્યતા છે.



અ) ભુવનેશ્વર બ) વિદિશા ક) કાનપુર ડ) ઈન્દોર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ૨ હ | જિ | ૩ ક | | ૪ મ | ૫ હા | ૬ સા | ગ | ૭ ર |
| ૮ મા | મા | | ળા | | ૯ હા | લ | ત | | ળિ |
| ૧૦ જિ | મ | | ૧૧ ચ | ૧૨ જ | ન | | ૧૩ મ | ૧૪ લા | યા |
| ક | | ૧૫ અ | લ | ગા | વ | | | ૧૬ ગ | મ |
| | ૧૭ મા | ફ | | | ૧૮ લ | ૧૯ ક | | ૨૦ લા | ણી |
| ૨૧ વ | ન | રા | ૨૨ વ | ન | | ૨૩ દિ | ૨૪ મા | ગ | |
| ૨૫ ન | વ | ત | ર | | ૨૬ વા | | ૨૭ વા | ટ | ૨૮ ડી |
| વ | | ૨૯ ફ | ણ | ગા | વે | લાં | | | ટિ |
| ૩૦ ગ | ૩૧ ગ | રી | | | ત | | ૩૨ સ | ૩૩ વા | યું |
| ૩૪ ડો | લી | | ૩૫ કો | ક | ર | વ | ર | ણો | |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | |
| | | ૭ | | | ૮ | | | | ૯ |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | | | ૧૯ | | | |
| | ૨૦ | | | | | ૨૧ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | ૨૬ | | | ૨૭ | ૨૮ | |
| | | ૨૯ | | | | ૩૦ | | | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |
| | | | | ૩૩ | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. મિથ્યા, ખોટાં લાડકોડ (૫)
૪. અભિમાની (૩)
૭. દુકાનનો મુખ્ય ભાગ, ગલ્લો (૨)
૮. સલાહ આપનાર (૫)
૧૦. ડૂબેલો, મગ્ન, લીન (૩)
૧૨. દવા ઘૂંટવાનો વાટકો (૩)
૧૩. સોગંદ (૨)
૧૪. ૪૦ શેર (૨)
૧૬. ક્ષમતા, તાકાત, ગુંજાશ (૩)
૧૭. અમારો એની સાથે --- નો સંબંધ નથી (૩, ૪)
૨૦. --- દીકરા સૌને ગમે (૩)
૨૧. શ્વાસનો એક રોગ (૨)
૨૫. પ્રગતિ (૩)
૨૭. એક ફૂલ (૩)
૨૯. આરામ, નિવૃત્તિ (૩)
૩૦. 'સબ સલામત'નો ચોકીદારનો પોકાર (૪)
૩૧. શુદ્ધ, તદ્દન (૪)
૩૨. ભૂત, દુઃખ, મુસીબત (૨)
૩૩. --- ચાલે ત્યાં સુધી જીવન છે (૨)
૩૪. શિયાળામાં --- પાણી નહાવા માટે જોઈએ (૩)

**ઊભી ચાવી**

૧. આવનજાવન (૫)
૨. પ્રદેશ (૩)
૩. મહિષપુત્ર (૨)
૪. કંકુ, અબીલ, --- પૂજામાં કામ આવે (૩)
૫. મહિનો (૨)
૬. નિકાસ કરનાર (૫)
૮. એક જાતનું તૈલી બી (૪)
૯. ખેલ (૩)
૧૧. લડાઈની હાકલ કે ગર્જના (૪)
૧૫. સ્ત્રીઓ માટેનો આશ્રમ (૬)
૧૮. સ્ત્રી (૨)
૧૯. શાસ્ત્રાર્થ, તકરાર, ચડસાચડસી (૨)
૨૨. મગદૂર (૩)
૨૩. બદલે, સાટે, અવેજીમાં (૩)
૨૪. થાપણ (૪)
૨૬. તેજ, સૌંદર્ય, શોભા (૨)
૨૮. સિપાઈઓની નાની ટુકડીનો અમલદાર (૪)
૨૯. પરિપક્વ, વિદ્વાન, ચતુર (૩)
૩૦. ઊંચું, ઉત્તમ, શ્રેષ્ઠ (૨)
૩૨. ---, હવે બહુ થયું (૨)

### ગુજરાત મોરી મોરી રે

માતૃ તર્પણ વિધિ માટે જાણીતું અને પવિત્ર સરોવર તરીકે હૃદયસ્થ થયેલું બિંદુ સરોવર ગુજરાતના કયા શહેરમાં સ્થિત છે એ કહી શકશો?

અ) ભરૂચ બ) ડાકોર ક) ભુજ ડ) સિદ્ધપુર

### માતૃભાષાની મહેક

શરીર, ઇન્દ્રિયો વગેરેના સમુચ્ચયનો ધારણ કરનારો હોવાથી ધર્મ શબ્દનો એક અર્થ આત્મા પણ થાય છે. એ આત્મા સૂક્ષ્મ છે. અહીં સૂક્ષ્મ એટલે આંખથી ન જોવાય એવો અર્થ નથી. સૂક્ષ્મતાનો અર્થ પવિત્રતાથી ગ્રાહ્ય એવો અનુભવ માનવામાં આવે છે. આત્મા સૂક્ષ્મ છે, એટલે કે મેલા હૃદયવાળાથી કોટિ વર્ષે એ સમજાય તેવો નથી.

### સુડોકુ-૭૦૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૪ | ૫ | | ૭ |
| ૬ | | ૪ | | | ૯ | ૩ | | ૧ |
| | | | ૨ | ૫ | ૧ | | | ૬ |
| | | ૮ | | ૧ | | | | ૪ |
| | | | | | | | | |
| ૫ | | | | ૨ | | ૬ | | |
| ૭ | | | ૯ | ૬ | ૫ | | | |
| ૯ | | ૨ | ૧ | | | ૭ | | ૮ |
| ૧ | | ૫ | ૭ | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૮ | ૨ | ૫ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૮ |

### ઈર્શાદ

*ઊભા રહીને બ્હાર, ઉકેલો આ પાણીના અક્ષરને,*
*કોણ મૂરખ વર્ષાની કવિતા પુસ્તકમાં વંચાવે છે?*
*- હેમેન શાહ*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'વિના કામનું બરકવું ને ધોકો આવે ઘેર' કહેવતમાં બરકવું શબ્દનો અર્થ શું થાય છે એ જણાવો.

અ) નવરાશ બ) બળાપો ક) આળસ ડ) બોલવું

### માઈન્ડ ગેમ

'આંધળી માનો કાગળ' રચનાની પંક્તિમાં ખૂટતો શબ્દ ઉમેરો:
'દન આખો જાય -------- ખેંચવા, રાતે હોટલમાં ખાય'

અ) દોડાદોડ બ) ગાડું ક) દાડિયું ડ) દોરડું

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| તુંગભદ્રા અભયારણ્ય | કર્ણાટક |
| ચિલ્કા અભયારણ્ય | ઓડિશા |
| મુદુમલાઈ અભયારણ્ય | તમિલનાડુ |
| સુલતાનપુર અભયારણ્ય | હરિયાણા |
| રોહિલા અભયારણ્ય | હિમાચલ પ્રદેશ |

ઓળખાણ પડી?
છત્તીસગઢ

માઈન્ડ ગેમ
ભસ્મકણી

ગુજરાત મોરી મોરી રે
રાજકોટ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
લાકડું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશ દલાલ (૧૮) જ્યોત્સના ગાંધી (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ ઠક્કર (૪૧) જગદીશ ઠક્કર (૪૨) હિના દલાલ (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) શિલ્પા શ્રોફ (૪૭) નિતીન બજરિયા (૪૮) રશીક જુઠાણી - ટોરંટો - કેનેડા (૪૯) પુષ્પા ખોના (૫૦) નંદકિશોર સંજાણવાળા (૫૧) વિણા સંપટ (૫૨) વિજય આસર (૫૩) પુષ્પા ખોના

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# નિંદાનું નિંદામણ કરે એ સાચો સાધુ



કેરીના રસથી વધુ સ્વાદિષ્ટ શું હોઈ શકે? તેનો જવાબ આપવો ભાગ્યેજ શક્ય બને. તર્કથી તો સાબિત કરી શકાય તેમ છે કે તેના કરતા વધુ સ્વાદિષ્ટ બીજા અનેક રસ હોઈ શકે, પણ સિદ્ધાંત સમજાવવો હોય તો સૌથી નિકટનો જવાબ છે કે લોકોને કેરીના રસ કરતાંય વધારે મજા નિંદાના રસમાં આવે છે! તેમાં પણ જો બુરાઈ પોતાનાઓની કરવાની હોય ત્યારે તો આ રસ ઘણો વધી જાય છે. નિંદા નામનો આ રોગ પરિવારોમાં પ્રવેશી ગયો છે. પછી તે પરિવારની બહાર જાય છે અને બહારથી ફરી અંદર આવે છે. એકંદરે, નિંદા ખૂબ જોખમી છે. તો પછી તેની સાથે કેવી રીતે વ્યવહાર કરવો? રામાયણના લંકા કાંડમાં જ્યારે રાવણે રામજીની નિંદા કરી અને અંગદે તે સાંભળીને જે પ્રતિક્રિયા આપી હતી, તેના માટે તુલસીદાસજીએ લખ્યું છે, ‘જબ તેહિં કીન્હી રામ કૈ નિંદા, ક્રોધવંત અતિ ભયઉ કપિંદા; હરિ હરિ નિંદા સુનઈ જો કાના, હોઈ પાપ ગોઘાત સમાના’ . રાવણના મુખમાંથી શ્રીરામની નિંદા સાંભળીને અંગદ ખૂબ ગુસ્સે થયા કારણ કે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જે ભગવાન (વિષ્ણુ અને શિવ)ની નિંદા સાંભળે છે, તે ગોહત્યા સમાન પાપ કરે છે. અહીં અંગદ એ સંદેશ આપવા માંગે છે કે કોઈની નિંદા સાંભળવી એ પાપ છે, કારણ કે આપણે વિષ્ણુ અને શિવની જેમ દરેક વ્યક્તિ સાથે સંબંધ રાખવો જોઈએ.

નિંદાનો રસ એવો છે કે તે અહંકારની લાગણીથી ભરેલો છે, હું સર્વોપરી છું, આ લાગણી વ્યક્તિને ટીકા કરવા પ્રેરે છે. ટીકાની ઉત્પત્તિ હીનતા અને નબળાઈમાંથી થાય છે. માણસ પોતાની હીનતાથી દબાઈ જાય છે. બીજાની ટીકા કરીને તેને લાગે છે કે તે બધા નીચા છે અને પોતે તેમના કરતા સારા છે. આનાથી તેનો અહંકાર સંતુષ્ટ થાય છે. નિંદાનું બીજું પાસું ઈર્ષ્યા છે. જે વ્યક્તિ પોતે કંઈ કરી શકતી નથી, અન્યની પ્રગતિ ન જોઈ શકવાને કારણે તેમની ટીકા કરે છે.

પરંતુ નિંદા કરવી એ સજજનતાનું લક્ષણ નથી. શ્રીમદ ભગવદ ગીતામાં ભક્તોના જે લક્ષણો ગણાવ્યા છે તેમાં એક લક્ષણ એ પણ છે કે ભક્ત કોઈની નિંદા નથી કરતો. આ વાતનો પડઘો પાડતા ભક્ત કવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવ જનમાં લખ્યું છે, ‘નિંદા ન કરે કેની રે.’ નિંદા આપણા મનને કલૂષિત કરે છે. નિંદા આપણામાં ગુણગ્રાહી દ્રષ્ટિકોણ નષ્ટ કરીને દોષદ્રષ્ટિ સર્જે છે. માટે સાધુ પુરુષે જીવનમાંથી નિંદાનું જ નિંદામણ કરવાની જરૂર છે.

પણ જ્યારે આપણી નિંદા થાય ત્યારે શું કરવું?! ત્યારે પેલી વાત યાદ રાખવી, હાથી રસ્તે ચાલે ત્યારે શ્વાન તો અવાજ કરવાના જ છે. પણ હાથી તેનાથી વિચલિત થતો નથી. આપણે પણ અન્યોની નિંદાને નજરઅંદાજ કરવાની. હા, કોઈ આપણી રચનાત્મક ટીકા કરે તો તેને લક્ષમાં જરૂર લઈએ. કબીર સાહેબે તો અદભુત વાત કરી છે, ‘નિંદક નિયરે રાખીએ, આંગણ કુટી છવાય; બિન પાની, સાબુન બિના, નિર્મલ કરે સુભાય.’ કબીર સાહેબ કહે છે, નિંદા કરનારને પોતાની પાસે રાખવા જોઈએ. જે વ્યક્તિ હંમેશા તમારામાં ખામીઓ શોધે છે તેને હંમેશાં તમારી સાથે રાખવી જોઈએ. કારણ કે એ જ વ્યક્તિ સાબુ કે પાણી વગર તમારા સ્વભાવને શુદ્ધ બનાવી શકે છે.

તકલીફ એ છે કે આજના જમાનામાં રચનાત્મક ટીકા કરનાર ઓછા અને નિંદા કરનારની ભરમાર છે. આપણા રાજકારણ તરફ જ નજર કરો. એવું લાગે, જાણે આપણે નેતાઓને નહીં, નિંદકોને ચૂંટીને સંસદમાં મોકલ્યા છે. ધર્મના ક્ષેત્રમાં નજર કરો, તો સર્વ ધર્મની ભાવના એક જ છે. એ વાત ક્યાંય નથી રહી, એકમેકની નિંદા કરવાંથી ઊંચા નથી આવતા. જાતિ, ભાષા, કે અન્ય કોઈ પણ નામે એકબીજાની નિંદા કરવાની જાણે કે સ્પર્ધા જામી છે. જ્યાં સુધી નિંદાનો ત્યાગ કરીને આપણે ગુણગ્રાહી નહીં બનીએ ત્યાં સુધી સજજનતા માત્ર અંચળો બનીને રહેશે, આપણો આત્મા નહીં. ■

---


અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# નરસિંહ મહેતાને નામે ગવાતી એક જ રચના- ત્રણ પાઠ

બીજા પાઠની શબ્દાવલીમાં ગોપી અન્ય કોઈને આદેશ આપે છે કે – ‘મારે પ્રિયતમને મળવા જવું છે માટે તમે વેલડું તૈયાર કરાવો.. મારી દેરાણી-જેઠાણી છૂપી રીતે મારા પર નજર રાખે છે અને નણંદ મેણાં બોલે છે, છતાં મારે મલપતાં મલપતાં સાસરે જવું છે. મારે પિયરમાં રહીને નિર્લજ્જ નથી થવું. જેનો ઘડનારો ઘટમાં જ છૂપાયો છે એવી પાંચ તત્ત્વની વહેલને ઓહં સોહં-શ્વાસ-ઉચ્છવાસના બે ધોરીથી ચલાવી રહ્યો છે.. એમાં બેસીને હું મલપતાં મલપતાં જઈશ..’ એવી અધ્યાત્મની પારિભાષિક શબ્દાવલીનો વિનિયોગ પણ બે કડીમાંથી પ્રાપ્ત થાય છે.

*મારું રે મહીયરિયું, એવું મારું રે પિયરિયું, માધવપુરમાં, મથુરા નગરમાં,*
*વેલડિયું જોડો તો મળવા જાંઈ....*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*આલા ને લીલા રે રૂડા, વાંસ રે વઢાવો વ્હાલા*
*એની રે પાલખિયું ઘડાવો રે વ્હાલા એના તે રથડા ઘડાવો રે વ્હાલા..*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*સાચા અતલસના રૂડા માફા સીવડાવો વ્હાલા*
*સોનેરી ઘુઘરીયે મઢાવો રે વ્હાલા*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ઈ રે વેલડિયે ધવળા ધોરી રે જોડાવો વ્હાલા*
*એને ચટકંતી ચાલથી ચલાવો રે વ્હાલા*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ધોળા ને ધવળા ધોરી રથડે જોડાવો વ્હાલા*
*પળમાં પિયરથી પહોંચાડે રે વ્હાલા...*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*સાસરીયાનાં રૂઠયાં રે બેની અમે પિયરિયે ના રહીએ વ્હાલા*
*નફટ નાર તો કહેવાઈયે રે હાં...*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*દેરાણી જેઠાણી મારી, હેરણાં તે હેરે રે વ્હાલા*
*નણદલ મેણલાં બોલે રે વ્હાલા*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*પાંચ તત્ત્વની વહાલે, વહેલડી બનાવી રે વ્હાલા*
*એનો ઘડનારો ઘટડા માંહી રે વ્હાલા ...*



*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ઓહંગ સોહંગ ધોરી લીધા છે જોડી વ્હાલા*
*આપ બેઠો ને આપે હાંકે રે હાં....*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ભલે રે મળ્યો રે મહેતા નરસૈંનો સ્વામી રે વ્હાલા*
*સાસરિયે મલપતાં જઈયે રે હાં..*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*

ત્રીજો પાઠ માધવપુર કે બાદલપુરને બદલે માધવકુળ કે જાદવકુળ શબ્દ આપે છે. જેનાથી સમગ્ર રચનાનો સંદર્ભ બદલી જાય છે. અને યાદવકુળમાં-મથુરા વિસ્તારમાં જન્મેલી કોઈ વિવાહિત ગોપીને નાયિકા તરીકે સ્થાપી આપે છે. અને વેલડી જોડાવીને પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને મળવા માટે દ્વારિકા જવાની ઝંખના દર્શાવે છે. અનેક સંકટો સહન કરવા છતાં સાસરે રહેવાનું સ્વીકારતી આ ગોપી અંતે આનંદસુખ પામે છે.

સ્વાભાવિક રીતે જ બે કડીઓ પાછળથી જીવ અને બ્રહ્મના જોડાણને દર્શાવવા માટે કોઈ અનામી સર્જક કે ભજનિક દ્વારા જોડવામાં હોય એવો સંભવ છે. નરસિંહ મહેતા કૃત મૂળ પાઠમાં એ કડીઓ કદાચ નહીં જ હોય. પરંતુ આ સમગ્ર રચનાનો ચાવી રૂપ શબ્દ છે-‘ગોપી આનંદ સુખ પામી..’

*મારું રે મહીયરિયું, એવું મારું રે પિયરિયું,*
*માધવકુળમાં, મથુરા નગરમાં,વેલડિયું જોડો તો મળવા જાંઈ ....*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*મારું રે મહીયરિયું, એવું મારું રે પિયરિયું,*
*જાદવ કુળમાં, મથુરા નગરમાં, વેલડિયું જોડો તો મળવા જાંઈ....*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*આલા ને લીલા રે રૂડા, વાંસ રે વઢાવો વ્હાલા*
*એની રે પાલખિયું ઘડાવો રે વ્હાલા એના તે રથડા ઘડાવો રે વ્હાલા..*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*સાચા અતલસના રૂડા માફા સીવડાવો વ્હાલા*
*સોનેરી ઘુઘરીયે મઢાવો રે વ્હાલા*
*ઈ રે વેલડિયે ધવળા ધોરી રે જોડાવો વ્હાલા*
*એને ચટકંતી ચાલથી ચલાવો રે વ્હાલા*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ધોળા ને ધવળા ધોરી રથડે જોડાવો વ્હાલા*
*પળમાં પિયરથી પહોંચાડે રે વ્હાલા...*
*સાસરીયાનાં રૂઠયાં રે બેની અમે પિયરિયે ના રહીએ વ્હાલા*
*નફટ નાર તો કહેવાઈયે રે હાં...*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*દેરાણી જેઠાણી મારી, હેરણાં તે હેરે રે વ્હાલા*
*નણદલ મેણલાં બોલે રે વ્હાલા*
*પાંચ તત્ત્વની વહાલે, વહેલડી બનાવી રે વ્હાલા*
*એનો ઘડનારો ઘટડા માંહી રે વ્હાલા...*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦*
*ઓહંગ સોહંગ ધોરી લીધા છે જોડી વ્હાલા*
*આપ બેઠો ને આપે હાંકે રે હાં....*
*ભલે રે મળ્યો રે મહેતા નરસૈંનો સ્વામી રે વ્હાલા*
*ગોપી આનંદ સુખ પામી રે વ્હાલા..*
*–એવું મારું રે પિયરિયું, મારું રે મહીયરિયું.....૦* ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# પ્રભુની પ્રભુતા



ગત અંકમાં ભગવાનના મહિમાની વાત આરંભીને ભગવાન કૃષ્ણ હજી આગળ એ મહિમાને દૃઢ કરાવે છે.

ભગવાનની સાર્વભૌમ સત્તાનો જાણે શંખનાદ કરતા હોય તેમ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે પરમાત્મા આ સમગ્ર જગતના આધાર છે. તેઓ જ સમગ્ર સૃષ્ટિના પ્રાણદાતા છે. તેઓ સદા અને સર્વત્ર વિદ્યમાન છે.

આ મહિમાના શબ્દો આજના માનવીમાં જિજ્ઞાસા પ્રેરીને તેને સંદેહના વમળમાં વિચારવા મજબૂર કરે છે કે આપણે તો ભગવાનને ક્યાંય જોયા નથી. જે કંઈ જોયું છે તે મંદિરોમાં રહેલી મૂર્તિઓ છે. તે શું ત્યાં ખરેખર ભગવાન છે ?

શું આ વિશ્વના રચયિતા ભગવાન મૂર્તિમાં છે ? સદીઓથી આ સવાલ માનવને સતાવી રહ્યો છે... કે, ખરેખર ભગવાન નામનું કોઈ તત્ત્વ છે ? જો છે તો મૂર્તિમાન છે કે અમૂર્ત ? શું તે મૂર્તિમાન હોઈ શકે?

‘ભગવાન મૂર્તિમાન નથી.’ આવી માન્યતા ધરાવતાં ચિત્તોડના એક સંબંધીએ મીરાંબાઈનો ખૂબ વિરોધ કર્યો, ખૂબ હેરાન-પરેશાન કર્યા. કારણ કે, મીરાંબાઈ સાથે શ્રીનાથજી, વૃંદાવનવિહારીજી અને દ્વારકાધીશજીની મૂર્તિઓ સાક્ષાત વાતચીત કરતી. પણ તે સંબંધીને આ બધુ ઢોંગ-ધતીંગ લાગતું કે, શું ભગવાન મૂર્તિમાં રહીને પ્રત્યક્ષ વાતચીત કરે! પણ મીરાંએ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારિકાના રણછોડજીના નિજમંદિરમાં બે કીર્તનો ગાયાં ને કૃષ્ણમાં લીન થઈ ગયાં. ત્યારે ન કેવળ તે સંબંધી, પણ આવી માન્યતા ધરાવતા સૌની આંખ ઉઘાડી દીધી અને પ્રતીતિ કરાવી કે ભગવાન મૂર્તિમાન છે.

આજની ૨૧મી સદીમાં પણ પાસે એવા કેટલાંય પુરાવા છે કે, જેમાં એક નહીં, બે નહીં, પણ સેંકડોં લોકોની આંખો સમક્ષ ભગવાન મૂર્તિમાં પ્રત્યક્ષ રહીને તેઓને દર્શન આપ્યા હોય કે ભાવ પૂરા કર્યા હોય.

૨૧ સપ્ટેમ્બર ૧૯૯૫ ને દિવસે દિલ્હીમાં એક સામાન્ય માણસે વહેલી સવારે ગણપતિને દૂધની ચમચી ધરી અને આશ્ચર્ય સર્જાયું. દૂધ ગાયબ થઈ ગયું. ત્યાર પછી તો વીજળી વેગે આ સમાચાર સમગ્ર ભારતમાં ફેલાઈ ગયા. બપોર સુધીમાં તો સમગ્ર વિશ્વમાં સમાચાર ફેલાઈ ગયા. ગણપતિની મૂર્તિ દ્વારા દૂધ પીવાના પ્રસંગોએ ચકચાર જગાવી દીધી હતી. બધાને એક સરખો અનુભવ થયો. દિલ્હીમાં રોજ કરતાં ૩૦ ટકા વધારે દૂધ વેચાયું. ઈંગ્લેન્ડના એક ગેટ વે સ્ટોરમાંથી ૧૪,૨૦૦ લિટર દૂધ વેચાઈ ગયું. ગણેશજીએ દૂધ પીધું એ ચમત્કાર તો હતો જ, પરંતુ એક શાશ્વત સિદ્ધાંતની પ્રતીતિ પણ હતી.

આ જ વાત આપણાં શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે. ભગવાન સ્વામિનારાયણ પોતાના વચનામૃતમાં શ્રીમદભાગવતના ૧૧માં સ્કંધના ૨૭મા અધ્યાયનો ૧૨મો શ્લોક ટાંકીને કહે છે કે, મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત નામદેવને પણ આવો જ અનુભવ થયેલો. તેમણે જ્યારે પૂર્ણ શ્રદ્ધાથી ભગવાનને થાળ ધરાવ્યો ત્યારે ભગવાન મૂર્તિમાંથી પ્રગટ થઈ નિજહાથે તેમનો થાળ જમ્યા. એટલું નહીં પણ તેની સાથે રમ્યા ને ખૂબ સુખ આપેલું. ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરની મૂર્તિ ૨૪ કિ.મી. દૂર આવેલા ટોડલા ગામના ખુશાલ ભટ્ટ (સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી) સાથે રોજ રમવા આવતી હતી તેના ઐતિહાસિક દસ્તાવેજ આજે પણ તેની ગવાહી પૂરતા રહે છે. આજે પણ દર વર્ષે ભગવાન મૂર્તિમાં રહીને વિવિધ મંદિરોમાં અન્નકૂટ આરોગે છે, એવા પ્રત્યક્ષ ઉદાહરણોના આપણે સાક્ષી છીએ.

જેમ ફક્ત સૂર્યનાં પ્રચંડ કિરણો જોવાથી અગ્નિ દૃશ્યમાન થતો નથી, પરંતુ આ જ કિરણોને બિલોરી કાચ દ્વારા કેન્દ્રિત કરવામાં આવે તો અગ્નિ દૃશ્યમાન થાય છે. ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના પહેલા મંત્ર પ્રમાણે ‘ईशावास्यमिदं सर्व....’ ભગવાન તો અણુ એ અણુમાં છે પણ આપણને દૃશ્યમાન થતા નથી. પણ જ્યારે આપણી શ્રદ્ધા મૂર્તિમાં કેન્દ્રિત થાય ત્યારે જ ભગવાન આપણની સામે દૃશ્યમાન થતા હોય છે.

B.A.P.S. સંસ્થાના પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતાં કે ભગવાન તો પ્રત્યક્ષ છે જ! તે ભક્તોના ભાવ અંગીકાર કરે છે. હા, સ્વામીશ્રીનું જીવન જ શ્રદ્ધાની મૂર્તિ હતું.

મંદિરોમાં પ્રતિષ્ઠિત આ મૂર્તિઓ આજે પણ સેંકડો ભક્તોના ભાવ પૂરા કરે છે, સંકલ્પો સિદ્ધ કરે છે ને પોતાના અભયહસ્ત દ્વારા દર્શનાર્થીઓને અભયદાન અર્પે છે. ભગવાનનો આવો મહિમા સમજીને આવી જ તીવ્ર શ્રદ્ધા દૃઢ કરીએ તો સમાધિ જેવું દુષ્કર સાધન પણ સહજતાથી સિદ્ધ થઈ જાય છે. આપણે પણ જ્યારે કોઈ મંદિરમાં જઈએ ત્યારે ભગવાનની નયનરમ્ય મૂર્તિના દર્શન કરીએ અને અભયદાન પામીએ.... ખરેખર, પ્રભુની પ્રભુતા દરેક જગ્યા ઉપર છે અને છે જ.... ■

---

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# ભાગ્યવાનને જ સત્સંગની પ્રાપ્તિ થાય

શાંત રમણીય વાતાવરણમાં એક સાધુ મહાત્મા નદી કિનારે બેઠા હતા. ત્યાં તેમણે એક બગલાને પોતાની ચાંચ વારંવાર પાણીમાં બોળીને પથ્થર પર ઘસતા જોયો.

– આ જોઈને સાધુ મહાત્માને ગમ્મત પડી.

– તે બોલી ઊઠા:-

*ઘિસ ઘિસ ઘિસ ઘિસ ઘિસતા હૈ,*
*ઉપર લગાવત હૈ પાની;*
*કિસ કારણ કો ઘિસત હૈ,*
*વોહી બાત મૈં જાની!*

– એક રાજા ત્યાંથી પસાર થતા હતા તેણે આ શબ્દો સાંભળ્યા.

– એ શબ્દો ધ્યાનપૂર્વક સાંભળીને યાદ રાખી લીધા.

– સાધુને નમસ્કાર કરીને મહેલે પાછા ફર્યા.

મહેલમાં બીજી ઘટના ઘટી હતી.

– રાજાની રાણી અને રાજાના એક પ્રધાન બંને એકબીજાનાં પ્રેમમાં હતાં. પોતાના માર્ગમાંથી રાજાનો કાંટો કાઢી નાખવા માટે તેમણે ધમકી તેમજ પ્રલોભનો આપી રાજાના હજામને સાધી લીધો. રાજા દાઢી કરતા કરતા રાજાની ગરદન ઉડાવી દેવી એવી યોજના ઘડી હતી.

બીજે દિવસે હજામ દાઢી કરવા આવ્યો.

પોતાના અસ્તરાને ધારદાર કરવા પથરા પર પાણી લગાડીને વારંવાર ઘસવા લાગ્યો. તે દરમિયાન રાજાને સ્વાભાવિકપણે સાધુ મહારાજના મુખે સાંભળેલા શબ્દો જબાને ચડ્યા.

તે બોલવા લાગ્યા, ઘિસ, ઘિસ, ઘિસ ઘિસ ઘિસત હૈ, ઉપર લગાવત પાની; કિસ કારણ કો ઘિસતે હૈ, વો હી બાત મૈં જાની!

... રાજાના આ શબ્દો સાંભળીને હજામ એકદમ ગભરાઈ ગયો. એને થયું કે રાજાને આખા કાવતરાની ખબર પડી ગઈ લાગે છે. તેણે રાજાનાં ચરણોમાં પડીને ક્ષમા માગી. કાવતરાની આખી વાત રાજાને જણાવી પોતે નિર્દોષ છે એમ પણ કહ્યું. રાજાએ હજામને તો માફી આપી, પણ રાણી તેમજ પ્રધાનને ઉચિત સજા કરી.

ગુજરાતી સાહિત્યના એક કવિએ યથાર્થ ગાયું છે કે-

*સંત સંગથી સુખ મળે,*
*સંકટ ટળે સમૂળ;*
*શત્રુ મટી સૌ મિત્ર બને,*
*કંટક બને સૌ ફૂલ...*

વળી, આ કથાનકના સંદર્ભમાં વિચારીએ તો કબીરજીનાં આ બોધવચનો વાંચવા ખૂબ જ યથાર્થ લાગશે:

*કબીર સોઈ દિન ભલા,*
*જા દિન સાધુ મિલાય;*
*અંક ભરૈ ભરિ ભેટિયે,*
*પાપ શરીરાં જાય...*

સત્પુરુષનું એક વચન પણ સાંભળી લેવામાં આવે તો મનુષ્યના જીવનમાં રૂપાંતરણ શરૂ થઈ જાય છે.

સત્સંગ બધા ધર્મોનો સાર છે.

માનસમાં તુલસીદાસ મહારાજે ગાયું છે કે,

*બડે ભાગ પાઈ સત્સંગા,*
*બિનુ પ્રયાસ હોંહિ ભવ ભંગા.*

અર્થાત્: બહુ મોટું ભાગ્ય હોય તો જ સત્સંગની પ્રાપ્તિ થાય છે અને સત્સંગની પ્રાપ્તિ થતાં જ સત્સંગ દ્વારા મનુષ્યને વિના પ્રયાસે ભવબંધનોમાંથી મુક્તિ મળી જાય છે.

સંસારના તાપોથી ઘેરાયેલા મનુષ્યને જ્યારે કોઈ સાચા સંતનું શરણ મળી જાય છે ત્યારે તે સંતની સંન્નિધિના પ્રતાપે તેના તમામ સાંસારિક તાપોનું આપોઆપ નિવારણ થઈ જાય છે.


કદાચ એટલા માટે જ આપણા સંતકવિઓએ ગાયું છે કે,

*સંત ન હોતે જગત મેં*
*તો જલ મરતા સંસાર...*

* સંતો પરમાત્માનો વૈભવ છે.
* સત્પુરુષોની સંગતમાં રહેવું અર્થાત્ સત્સંગ.
* સંતો સંસારી જીવોના સ્વભાવમાં શુભ પરિવર્તન કરાવીને તેમને સંસારના તાપોથી મુક્તિ અપાવે છે.
* મહાત્મા પુરુષોનો સંગ કોની ઉન્નતિ કરતો નથી? તે તો સર્વેની ઉન્નતિ કરે જ છે.
* જેવી રીતે શેરીઓમાં વહેતાં પાણી ગંગા નદીના સંસર્ગમાં આવવાથી દેવતાઓ પણ તેને નમે છે.
* વેદ કહે છે સુસંગતિ લહુ... અર્થાત્ સત્સંગથી લાભ જ થાય.
* નક્કી માનજો, જીવનને જ્યારે સત્સંગ મળે છે, કારણ કંઈ પણ હોય, ત્યારે તેના ઉદ્ધાર નિશ્ચિત બને છે.
* ***સંત, સપૂત ને તૂંબડા***

*ત્રણેનો એક સ્વભાવ,*
*તારે પણ ડૂબાડે નહીં,*
*ઉતારે ભવપાર...*

– પ્રિય શ્રદ્ધાળુ વાચકમિત્રો! જન્મ મરણના ભયથી મુક્ત થવું હોય તો સત્સંગરૂપી તીર્થમાં ડૂબકી મારીને કોઈ સંતનું શરણ સ્વીકારજો. ત્યાં તમને સંસારના તાપોથી મુક્તિ અને અભય પ્રાપ્ત થશે જ એમાં શકની કોઈ ગુંજાઈશ નથી. ■





**શાનદાર ખેલ મહોત્સવ, જાનદાર પૂર્ણાહુતિઃ**

એશિયાના સૌથી જૂના અખબાર મુંબઈ સમાચારે ઈન્ડોર ગેમ્સની સ્પર્ધા યોજવાની પરંપરા આ વર્ષે જાળવી હતી અને કાંદિવલી રિક્રિએશન ક્લબ, માટુંગા ગુજરાતી ક્લબ, ગરવારે ક્લબ, નોર્થ ઈન્ડિયા એસોસિએશન તથા ઘાટકોપર જોલી જિમખાનામાં ટેબલ ટેનિસ, કેરમ, ચેસ, બેડમિન્ટન તેમ જ ડ્રોઈંગની હરીફાઈઓ છેલ્લા બે સપ્તાહમાં યોજી હતી. ગઈ કાલે રવિવારે ઘાટકોપર જોલી જિમખાનામાં ફાઈનલ સાથે ખેલ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ. વિવિધ રમતોમાં વિજયી બનેલા વિજેતાઓ તથા ઘાટકોપર જોલી જિમખાનાના પદાધિકારીઓ. (અમય ખરાડે)

# હવે પાલક પ્રધાનપદાં માટે રસ્સીખેંચ

## ખાતાંની વહેંચણી પૂરી જ થઈ છે ત્યાં મહાયુતિના પ્રધાનો પાલક મંત્રી પદો માટે ઝઘડવા માંડ્યા છે

મુંબઈ : વિધાનસભાનું સત્ર શરૂ હોય એ દરમ્યાન કોઈ અસંતોષનો ગણગણાટ ન થાય ખાસ એ ખાતર સત્ર પૂરું થયા પછી શનિવારે રાત્રે દેવેન્દ્ર ફડણવીસ સરકારના પ્રધાનોને ખાતાંની વહેંચણી કરવામાં આવી. જોકે ગયું આખું સપ્તાહ ફડણવીસ સરકારના ૪૨ પ્રધાન ખાતાં વિના સાવ મૂંઝાયેલા લાગતા હતા. જોકે હવે જ્યારે ખાતાંની વહેંચણી થઈ ગઈ છે ત્યારે પાલક પ્રધાનના હોદ્દા માટે રસ્સીખેંચ શરૂ થઈ છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગૃહ ખાતું રાખ્યું છે જે એકનાથ શિંદે માટે ફટકો સમાન છે. જોકે શિંદેને વજનદાર ખાતા અપાયાં છે એમાં બેમત નથી. એકનાથ શિંદેને હાઉસિંગ અને રોડ ડેવલપમેન્ટની સાથે શહેરી વિકાસના મહત્ત્વના ખાતાઓ સોંપવામાં આવ્યા છે.

શિવસેના શિંદે જૂથના નેતા અને પ્રધાન સંજય શિરસાટે મીડિયા સાથે વાત કરતા મોટો દાવો કર્યો છે કે તેઓ છત્રપતિ સંભાજીનગરના પાલક પ્રધાન હશે. તો બીજી તરફ, ભરત ગોગાવલેએ કહ્યું કે, મને રાયગડના પાલક પ્રધાનનો હોદ્દો મળશે. શિરસાટ અને ગોગાવલેના નિવેદનને કારણે હવે પાલક પ્રધાનપદાં માટે ખેંચતાણ શરૂ થશે એવું માનવામાં આવે છે.

દરમિયાન, રાજ્યના નવા ચૂંટાયેલા પ્રવાસન મંત્રી અને શિંદે-સેનાના નેતા

(જુઓ પાનું ૪) ▶▶

# વધુ પડતા પ્રધાનો અને એમાં કેટલાક નાખુશઃ અજિત પવાર

બારામતી : મહારાષ્ટ્રના પ્રધાનમંડળમાં પ્રધાનોની વધુ પડતી સંખ્યા અને તેમને ખાતાં ફાળવવામાંના નિયંત્રણની સમસ્યા હોવાનું કબૂલતા અજિત પવારે કહ્યું હતું કે, સ્વાભાવિક છે કે કેટલાક નાખુશ છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા વિભાગો ફાળવવામાં આવ્યાના એક દિવસ પછી, પવારે કહ્યું કે બાકી રહેલા પ્રોજેક્ટ્સ પર કામ ટૂંક સમયમાં શરુ થશે.

એનસીપીના વડાએ તેમના મતવિસ્તાર, બારામતીમાં રોડ શોનું નેતૃત્વ કર્યું અને સન્માન કાર્યક્રમોમાં હાજરી આપી. પ્રધાનોની સંખ્યા વધુ

(જુઓ પાનું ૪) ▶▶

## ફડણવીસનો ફતવો

# સીએમની મંજૂરી વિના અંગત સચિવ નીમી નહીં શકે પ્રધાનો

મુંબઈઃ રાજ્યના પ્રધાનોને ખાતાની ફાળવણી બાદ હવે તેમના અંગત સચિવો, પીએ અને વિશેષ કાર્યકારી અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક શરૂ થઈ છે. જોકે, હવે આ નિમણૂકો કેવળ પ્રધાનોનો મુનસફી અનુસાર નહીં કરવામાં આવે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલયમાં (સીએમઓ - ચીફ મિનિસ્ટર્સ ઓફિસ)થી મંજૂરી મળ્યા પછી જ નિમણૂક કરવામાં આવશે. મુખ્ય પ્રધાનના નિયંત્રણ હેઠળ રહેલા ગૃહમંત્રાલયની તપાસ બાદ જ નિમણૂક કરવામાં આવશે એવું જાણવા મળે છે.

ભાજપ સહિત એનસીપી અને શિવસેનાના પ્રધાનોએ તેમના સ્ટાફની નિમણૂક કરતી વખતે મુખ્ય પ્રધાનની પરવાનગી લેવી પડશે. સીએમની મંજૂરી બાદ જ પ્રધાનો પોતાના અંગત સચિવો, પીએ, વિશેષ કાર્યકારી અધિકારીઓ અને અન્ય અધિકારીઓની નિમણૂક કરી શકશે. આ જ પદ્ધતિનો ઉપયોગ દેવેન્દ્ર ફડણવીસે ૨૦૧૪માં પહેલી વાર મુખ્ય પ્રધાન બન્યા ત્યારે કર્યો હતો. હવે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. મંત્રાલયમાં વિવાદિત અધિકારીઓની નિયુક્તિ રોકવાનો પ્રયાસ ફડણવીસ કરી રહ્યા છે.

મહા વિકાસ આઘાડી (એમવીએ) શાસન દરમિયાન મંત્રાલયમાં કામ કરનારા અધિકારીઓની નિમણૂક આ વખતે ન થાય એવી સંભાવના છે. મહા વિકાસ આઘાડી શાસન દરમિયાન પ્રધાન મંડળમાં કામ કરતા અધિકારીઓ મહાયુતિ સરકારના પ્રધાનો સાથે કામ નહીં કરી શકે તેવું જાણવા મળ્યું છે. આવા અધિકારીઓની નિમણૂક ન થાય તે માટે મુખ્ય પ્રધાન કાર્યાલયે નામોની ચકાસણી શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

આ નિયમ માત્ર ભાજપના પ્રધાનોને જ નહીં પરંતુ અજિત પવારની એનસીપી અને એકનાથ શિંદેના શિવસેનાના પ્રધાનોને પણ લાગુ પડશે. ■

# એડવાન્ટેજ એકનાથ શિંદે...

## પ્રધાનમંડળમાં ખાતાંની ફાળવણીએ શિંદેને નંબર ટૂ તરીકે સુનિશ્ચિત કરી દીધાઃ તિજોરીની ચાવી ભલે અજિત પવાર પાસે પણ ખર્ચની સત્તા એકનાથ શિંદે પાસે

મહારાષ્ટ્ર રાજ્ય સરકારના કયા પ્રધાનને કયા ખાતાની ફાળવણી કરવામાં આવી એની જાહેરાત શનિવારે (૨૧ ડિસેમ્બર) કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગૃહ અને સામાન્ય વહીવટ (જીએડી), ઊર્જા, કાયદો અને ન્યાય તેમજ માહિતી - જનસંપર્ક ખાતા સંભાળશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને શહેરી વિકાસ વિભાગ, આવાસ અને જાહેર બાંધકામ ખાતાની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર નાણા અને આવકારી જકાતનો પોર્ટફોલિયો સંભાળશે. મહેસૂલ વિભાગ ચંદ્રશેખર બાવનકુળેને આપવામાં આવ્યો છે.

દેવેન્દ્ર ફડણવીસ પ્રધાનમંડળમાં એકનાથ શિંદે બીજા નંબરે છે. ભાજપ પછી એકનાથ શિંદેની શિવસેના પાસે પ્રધાનમંડળમાં મહત્ત્વના વિભાગો છે. એકનાથ શિંદે શહેરી વિકાસ, આવાસ, જાહેર બાંધકામ વિભાગ તેમજ એમએમઆરડીએ, સિડકો અને એમએસઆરડીએનો અખત્યાર સંભાળશે.શિંદે પાસે રાજ્યની તમામ સ્થાનિક સંસ્થાઓ માટે પણ ભંડોળ હશે. અજિત પવાર પાસે સરકારી તિજોરીની ચાવી છે, તો એકનાથ શિંદે પાસે ખર્ચ કરવાની

(જુઓ પાનું ૪) ▶▶

# વિહાર વખતે જૈન સાધ્વીજી સાથેના ૧૬ વર્ષના મીતને રિક્ષાએ ઉડાવ્યો

## હૉસ્પિટલમાં જીવ ગયોઃ ખોપોલીની ઘટનાઃ ધુમ્મસમાં બ્લૅક સ્વેટર પહેરીને ચાલતો મીત જૈન દેખાયો નહીં એવો રિક્ષાવાળાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈથી ખોપોલી વિહાર કરી રહેલાં બે જૈન સાધ્વીજી સાથે ચાલતા ૧૬ વર્ષના શ્રાવક મીત વિનોદ જૈનને રિક્ષાએ અડફેટે લીધો હોવાની ઘટના રાયગડ જિલ્લામાં બની હતી. સાતારાથી પરિવાર સાથે આવી રહેલા રિક્ષા ડ્રાઈવરે મદદ કરી યુવકને હૉસ્પિટલે પણ પહોંચાડ્યો, પરંતુ સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ થયું હતું. કડકડતી ઠંડીમાં ધુમ્મસને કારણે બ્લૅક જૅકેટ પહેરીને ચાલતો યુવક દૂરથી નજરે ન પડ્યાનો દાવો રિક્ષા ડ્રાઈવરે કર્યો હતો.





ડાબે છે મીત જૈન અને ઉપર છે તેનો જીવ લેનાર રિક્ષા. ધુમ્મસને લીધે મીત દેખાયો નહીં એવું રિક્ષાચાલકનું કહેવું છે.

ખાલાપુર પોલીસે પકડી પાડેલા રિક્ષા ડ્રાઈવરની ઓળખ મહેન્દ્ર શંકર નિકમ (૪૧) તરીકે થઈ હતી. કાંદિવલીના હનુમાન નગર વિસ્તારમાં રહેતો નિકમ પરિવારને લેવા સાતારા ગયો હતો. સાતારાથી પાછા ફરી વખતે રવિવારની વહેલી સવારે ૬ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

મળતી માહિતી અનુસાર સાધ્વજીઓ સુમિતિ મ.સા. અને સમૃદ્ધિ મ.સા. મુંબઈથી વિહાર કરી ખોપોલી જઈ રહ્યાં હતાં. પિતાના નિધન પછી માતા-દાદી સાથે ખોપોલીમાં રહેતો કૉલેજ સ્ટુડન્ટ મીત જૈન સાધ્વીજીને લેવા ચૌક પરિસરમાં ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ચૌક પરિસરથી ખોપોલી તરફ જતી વખતે સાધ્વીજી અને અમુક શ્રાવકો આગળ ચાલી રહ્યાં હતાં, જ્યારે મીત તેમની પાછળ થોડે અંતરેથી ચાલી રહ્યો હતો. ઠંડીને કારણે મીતે બ્લૅક જૅકેટ પહેરી રાખ્યું હતું.

સાતારાથી મુંબઈ આવી રહેલા નિકમે રિક્ષા પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રસ્તાને કિનારે ચાલી રહેલા મીતને રિક્ષાની અડફેટે લીધો હતો. ગંભીર હાલતમાં મીતને ચૌક સ્થિત સરકારી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસે આરોપી નિકમને તાબામાં લઈ તેની વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. નિકમે પોલીસને જણાવ્યું હતું કે જે ભાગમાં ઘટના બની ત્યાં જંગલ પરિસર હતો અને ધુમ્મસને કારણે યુવક તેને નજરે પડ્યો નહોતો. પોલીસે નિકમ વિરુદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

## ફેરી દુર્ઘટનામાં સૌથી મહત્ત્વનો સવાલ

# સ્પીડ બૉટચાલકે ક્રેશ સ્ટોપ બટનનો ઉપયોગ કેમ ન કર્યો?



**ડરી જાય એ બીજાઃ**

હજી ગયા સપ્તાહમાં ગેટવે ઈન્ડિયા નજીક ફેરી દુર્ઘટના થઈ હતી છતાંય ગઈ કાલે રવિવારે ફરી એટલી જ ગિરદી લોકોની જોવા મળી હતી. ફેરીઓ ભરાઈને જતી હતી. હા, એટલી રાહત કે પર્યટકોએ લાઈફ જેકેટ પહેર્યાં હતાં. (અમય ખરાડે)

મુંબઈઃ મુંબઈમાં મધદરિયે નૌકાદળની સ્પીડ બોટ એલિફન્ટા જતી ફેરી સાથે ટકરાયા બાદ ફેરી ઊંધી વળી જતાં ૧૫ જણે જીવ ગુમાવ્યાની ઘટના પછી સલામતી પ્રક્રિયાની સમીક્ષા કરવા નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ ત્રિપાઠી ઈન્ડોનેશિયાથી મુંબઈ આવ્યા હતા અને જરૂરી સૂચનાઓ આપી હતી.

ગેટવે ઑફ ઈન્ડિયાથી થોડે જ અંતરે દરિયામાં પ્રવાસીઓથી ભરેલી ફેરી ઊંધી વળી ગઈ હતી. નેવીની સ્પીડ બોટ ટકરાયા પછી ફેરીમાં પાણી ભરાવા લાગ્યું હતું અને તે ઊંધી વળી હતી. આ ઘટનામાં ૧૫ જણનાં મૃત્યુ થયાં હતાં. આ ઘટનાની નેવી દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. એડમિરલ ત્રિપાઠીએ

(જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-૩ની વરલી સુધીની સેવા માર્ચથી શરૂ કરવાની તૈયારીઓ

મુંબઈ : મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) માર્ચ, ૨૦૨૫ સુધીમાં મેટ્રો-૩ નેટવર્કનો બીજો મહત્ત્વપૂર્ણ તબક્કો શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે, જે મુંબઈના પરાંને મધ્ય મુંબઈ સાથે મેટ્રોથી કનેક્ટ કરશે. આ તબક્કામાં વરલીમાં આચાર્ય અત્રે ચોક સ્ટેશન સુધી સેવાઓનો વિસ્તાર કરવામાં આવશે, જેમાં છ મુખ્ય સ્ટેશનો આવરી લેવામાં આવશે. આ સ્ટેશનોમાં ધારાવી, શીતલાદેવી, દાદર, સિદ્ધિવિનાયક, વરલી અને આચાર્ય અત્રે ચોકનો સમાવેશ થાય છે. આ સ્ટેશનો મહત્ત્વપૂર્ણ શહેરી કેન્દ્રોમાં સ્થિત છે, જે શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, કોર્પોરેટ ઓફિસો અને ધમધમતા વ્યાપારી ઝોનનું ઘર છે. આ વિસ્તરણનો હેતુ આ ઉચ્ચ ગીચતાવાળા વિસ્તારોમાં જાહેર પરિવહન સુલભતા વધારવાનો છે, જે મુંબઈના પરિવહન માળખાને ખૂબ જ જરૂરી પ્રોત્સાહન આપે છે.

એમએમઆરસીના પ્રોજેક્ટ્સ ડિરેક્ટર એસ.કે. ગુપ્તાએ જણાવ્યું હતું કે, ''અમે માર્ચ ૨૦૨૫ સુધીમાં આ ૯.૭ કિમી સેક્શન ખોલવાની યોજના બનાવી રહ્યા છીએ. ટ્રેક-લેઇંગ અને ઓવરહેડ સિસ્ટમનાં કામો પૂર્ણ થઈ ગયા છે, અને બાકીના સ્થાપત્ય અને સિગ્નલિંગ ઇન્સ્ટોલેશન ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.''

સમયસર લોન્ચ સુનિશ્ચિત કરવા માટે, એમએમઆસી અંતિમ મંજૂરી માટે મેટ્રો રેલ સેફ્ટી કમિશનર (સીએમઆરએસ) ને અરજી સબમિટ કરવાની તૈયારી કરી રહ્યું છે. આરે-જેવીએલઆર-બીકેસી સેક્શન માટે ફેઝ-૧ ટ્રાયલ દરમિયાન રોલિંગ સ્ટોક ક્લિયર થઈ ગયો હોવાથી આ પ્રક્રિયા ઝડપથી આગળ વધવાની અપેક્ષા છે. ■

# પુષ્પા-ટૂનો ક્રેઝ ભારે પડ્યોઃ થિયેટરમાં ઘૂસીને પોલીસે ગૅન્ગસ્ટરને પકડ્યો

નાગપુરઃ અલ્લુ અર્જુન અભિનીત સુપરહિટ ફિલ્મ પુષ્પા-૨ જોવાના દર્શકોને થિયેટરમાં વાસ્તવિકતામાં ફિલ્મી સીન જોવા મળ્યો હોવાની ઘટના નાગપુરમાં બની હતી. ફિલ્મ જોવામાં મગ્ન હત્યા અને ડ્રગ્સના કેસોમાં ફરાર ગૅન્ગસ્ટરને પોલીસની ટીમે ઘેરી લીધો હતો અને કોઈ પ્રકારનો પ્રતિકાર કરે તે પહેલાં તેને પકડી લીધો હતો. થિયેટરમાં વાસ્તવિક ભજવાયેલું દૃશ્ય જોઈ દર્શકો દંગ રહી ગયા હતા, પરંતુ પોલીસે હકીકત જણાવ્યા પછી દર્શકોને ફિલ્મની મજા માણવાની સલાહ આપી હતી.

પોલીસે ગુરુવારે મધરાતે પકડી પાડેલા આરોપીની ઓળખ વિશાલ મેશ્રામ તરીકે થઈ હતી. પોલીસ મેશ્રામને છેલ્લા ૧૦ મહિનાથી શોધી રહી હતી. તપાસ દરમિયાન પોલીસે જાણવા મળ્યું હતું કે મેશ્રામને તાજેતરમાં રિલીઝ થયેલી પુષ્પા-૨ ફિલ્મ જોવાનો શોખ છે. પરિણામે પોલીસે થિયેટર્સ પર નજર રાખી આરોપીને ટ્રેસ કરવાનો પ્રયાસ કર્યો હતો, એમ પાંચપાઉલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ગૅન્ગસ્ટર મેશ્રામ ૨૭ જેટલા ગુનામાં સંડોવાયેલો છે, જેમાં બે હત્યાના કેસનો પણ સમાવેશ થાય છે. ડ્રગની તસ્કરી સાથે સંડોવાયેલો મેશ્રામ હિંસક વૃત્તિનો હોવાથી ભૂતકાળમાં તેણે પોલીસ પર પણ હુમલા કર્યા હતા.

પોલીસની ટીમે સાયબર સ્પેસમાં સતત મેશ્રામ પર નિગરાની રાખી હતી. તેનું નવા સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ (એસયુવી) ક્યાં ક્યાં જાય છે તેના પર પણ નજર રાખવામાં આવી હતી.

દરમિયાન ગુરુવારે રાતે મેશ્રામ થિયેટરમાં ફિલ્મ જોવા ગયો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસ થિયેટરમાં પહોંચી ત્યારે ફિલ્મનો ક્લાઈમેક્સ ચાલતો હતો અને મેશ્રામ ફિલ્મ જોવામાં મગ્ન હતો. પોલીસની ટીમે બધી બાજુથી ઘેરી લઈ મેશ્રામને તાબામાં લીધો હતો. તેને નાગપુર સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો છે. ટૂંક સમયમાં જ તેને નાશિક જેલમાં ખસેડવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ઉદ્ધવ-રાજ ફરી સાથે આવ્યા, એક લગ્નમાં



એક સંબંધીના લગ્નમાં રાજ અને ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં તો નહીં પણ એક પારિવારિક કાર્યક્રમમાં પિતરાઇ ઠાકરે બંધુ સાથે જોવા મળ્યા હતા. બંને ભાઈઓ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક સમારોહમાં સાથે જોવા મળ્યા હતા, જ્યારે તેના વીડિયો પણ વાઈરલ થયા હતા.

રવિવારે દાદરમાં રાજ ઠાકરેની બહેન, જયવંતી ઠાકરે-દેશપાંડેના પુત્રના લગ્ન હતા, જેમાં ઉદ્ધવ ઠાકરે પરિવારને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ લગ્નમાં બંને પરિવારો સાથે જોવા મળ્યા હતા. બંને નેતાઓએ વાતચીત પણ કરી હતી. રાજ ઠાકરેની બહેનના પુત્રનો લગ્ન સમારોહ મુંબઈમાં દાદરની રાજે શિવાજી વિદ્યાલયમાં યોજાયો હતો. તેમના ભત્રીજાને લગ્ન પર આશીર્વાદ આપવા માટે બંને કાકા, રાજ અને ઉદ્ધવ સાથે આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ તેમના પરિવાર સાથે સમારોહમાં હાજરી આપી હતી અને વર-કન્યાને આશીર્વાદ આપ્યા હતા. લગ્નના કેટલાક વીડિયો અને ફોટા હવે સામે આવ્યા છે, જેમાં ઉદ્ધવ અને રાજ સાથે ઊભા છે અને દંપતી પર અક્ષત વરસાવી રહ્યા છે.

મનસે પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના જૂથના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે એકસાથે દેખાવાથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. જોકે, રાજકારણમાં તો બંને પિતરાઇ ભાઇ સાથે આવે એવી કોઇ શક્યતા હાલમાં તો દેખાતી નથી.

નોંધનીય છે કે, રાજ ઠાકરેએ તાજેતરમાં જ રશ્મિ ઠાકરેના ભાઈ શ્રીધર પાટણકરના પુત્રના લગ્નમાં હાજરી આપી હતી. શ્રીધર પાટણકરના પુત્ર શૌનકના લગ્ન ગયા રવિવારે મુંબઈની તાજ લેન્ડ્સ હોટેલમાં થયા હતા. રાજ ઠાકરેએ પાટણકર પરિવારના આમંત્રણને માન આપી સમારોહમાં હાજરી આપી હતી. જો કે, આ કાર્યક્રમમાં બંને ઠાકરે ભાઈઓ વચ્ચે સીધી મુલાકાત થઈ ન હતી, કારણ કે બંને નેતાઓ અલગ-અલગ સમયે સમારોહમાં હાજર રહ્યા હતા. ■

# બીએમસીની ચૂંટણી ત્રણ મહિનામાં?

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના ઈલેકશન સંબંધે ફડણવીસનો સંકેત

મુંબઈઃ વિધાનસભામાં મળેલા ભવ્ય વિજય બાદ ભારતીય જનતા પક્ષે હવે રાજ્યની જુદી જુદી પાલિકા સહિતની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટેની તૈયારીઓ ચાલુ કરી દીધી છે. લગભગ પોણા ત્રણ વર્ષથી રાજ્યમાં ચૂંટણી રખડી પડી છે. રાજકીય પક્ષો બાવીસ જાન્યુઆરીના સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા અરજી પણ સુનાવણીની રાહ જોઈ રહ્યા છે, જોકે મળેલ માહિતી મુજબ ચાર જાન્યુઆરીના રોજ આ અરજીની સુનાવણી થવાની શક્યતા છે. એટલે કે આગામી ત્રણેક મહિનામાં મુંબઈ સહિતની જુદી જુદી પાલિકાની ચૂંટણી થઈ શકે છે એવો સંકેત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યો છે.

નાગપુરમાં તાજેતરમાં કાર્યકર્તાઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દેવેન્દ્ર ફડણવીસે 'મન કી બાત' રજૂ કરી હતી. વિધાનસભામાં મળેલી જીત બાદ કાર્યકર્તાઓનો વિશ્વાસ વધ્યો છે અને રાજ્યમાં હાલ જનાદેશ પણ ભાજપની તરફેણમાં છે. વિધાનસભા બાદ હાલ રાજ્યમાં બાજી પલટાઈ ગઈ છે અને સંજોગો પણ ભાજપની તરફેણમાં હોવાનું કહેવાય છે. તેથી તેનો ફાયદો ઉઠાવીને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી યોજીને જીતી લેવાનું આયોજન ભાજપ તરફથી ચાલી રહ્યું હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બોક્સિંગ-ડે ટેસ્ટ પહેલાં જ ભારતને ત્રણ ઝટકાઃ રોહિત, આકાશ, રાહુલને ઈજા





મેલબર્નઃ ઑસ્ટ્રેલિયામાં રવિચંદ્રન અશ્વિનના ઓચિંતા રિટાયરમેન્ટના આઘાતમાંથી ભારતીય ટીમ હજી બહાર નથી આવી ત્યાં એને ત્રણ ઝટકા લાગ્યા છે. ત્રણ ભારતીય ખેલાડીને પ્રેક્ટિસ દરમિયાન ઈજા થઈ છે. જોકે આ ઈજા ગંભીર નથી અને નજીવી હોવાનું જણાવાયું છે.

મેલબર્નમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ ગુરુવાર, ૨૬ ડિસેમ્બરે (બોક્સિંગ-ડે) શરૂ થશે.

પ્રેક્ટિસ દરમ્યાન કેપ્ટન રોહિત શર્માને ડાબા પગના ઘૂંટણમાં નજીક ઈજા થઈ હતી. તેનો ઘૂંટણ સૂજી ગયો હતો અને ઘણીવાર સુધી ઘૂંટણ પર બરફનો શેક કરવામાં આવ્યો હતો. પછીથી તે ઘણીવાર સુધી બેઠો હતો અને બોલિંગ-કોચ મોર્ની મોર્કલ સાથે વાતચીતમાં મગ્ન હતો. પેસ બોલર આકાશ દીપને હાથ પર બોલ વાગ્યો હતો. જોકે તેની ઈજા પણ ગંભીર નહોતી. તેનો હાથ થોડો છોલાઈ ગયો હતો.

આકાશ દીપે પણ ઈજાવાળા હાથ પર પટ્ટી બંધાવી હતી. પછીથી તેણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે અમે જેના પર પ્રેક્ટિસ કરી એ પિચ વાઈટ-બોલ ક્રિકેટ (મર્યાદિત ઓવરોની મેચ) માટેની હતી. એ પિચ પર ઘણી વાર બોલ નીચો રહી જતો હતો. પ્રેક્ટિસમાં આવી નાની ઈજા તો થતી રહે. મને હાથમાં હવે ઘણું જ સારું છે અને ચિંતા કરવા જેવું કંઈ નથી.

ઑસ્ટ્રેલિયા ખાતેની વર્તમાન સિરીઝ દરમ્યાન ભારતના ટોપ બેટિંગ ઓર્ડરમાં એકમાત્ર કેએલ રાહુલ સૌથી સારા ફોર્મમાં છે અને ભારતને પરાજય સામે બચાવવામાં મોટું યોગદાન આપી રહ્યો છે. ત્રણ ટેસ્ટના છ દાવમાં તેણે ૪૭.૦૦ની બેટિંગ સરેરાશે તેણે કુલ ૨૩૫ રન કર્યાં છે.

જોકે તેને મેલબર્નમાં પ્રેક્ટિસ દરમ્યાન જમણા હાથ પર ઈજા થઈ હતી અને તરત જ તેણે ફિઝિયોથેરપિસ્ટની મદદ લેવી પડી હતી. ■

# અશ્વિને ત્રણ વર્ષ પહેલાં સ્ટીવ સ્મિથ સામે બોલિંગ કરવાની ચોખ્ખી ના પાડેલી!

## આઈપીએલ વખતે સ્પિન-લેજન્ડે કહેલું કે સ્મિથ હેલ્મેટ પર કેમેરા લગાડીને બેટિંગ કરવા આવ્યો છે




નવી દિલ્હીઃ જ્યારે કોઈ દિગ્ગજ ક્રિકેટર નિવૃત્તિ લઈ લે ત્યાર પછી તેના ભૂતકાળના કેટલાક યાદગાર અને અજાણ કિસ્સાઓ બહાર આવી જતા હોય છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે કંઈક આવું જ કર્યું. તેણે રવિચંદ્રન અશ્વિન વિશેનો ત્રણ વર્ષ જૂનો રસપ્રદ કિસ્સો જાહેર કર્યો છે.

આ ઘટના ૨૦૨૧ની આઈપીએલની છે, જ્યારે અશ્વિને દિલ્હી કેપિટલ્સ (ડીસી) માટેની નેટ પ્રેક્ટિસમાં સ્ટીવ સ્મિથ સામે બોલિંગ કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી.

મોહમ્મદ કૈફ ત્યારે ડીસીનો સહાયક કોચ હતો અને તેને અશ્વિનનું કારણ વાજબી અને ગળે ઉતરે એવું લાગ્યું હતું. ભારતના એક સમયના સર્વશ્રેષ્ઠ ફીલ્ડર મોહમ્મદ કૈફે 'એક્સ' પર પોતાના અકાઉન્ટ પર લખ્યું છે કે એક દિવસ મેં જ્યારે અશ્વિનને નેટ પ્રેક્ટિસમાં સ્ટીવ સ્મિથ સામે બોલિંગ કરવા કહ્યું ત્યારે તેણે મને ચોખ્ખી ના કહી દીધી, કારણકે સ્ટીવ સ્મિથે પોતાની હેલ્મેટ પર કેમેરા લગાડેલો હતો.

કૈફે વિગતમાં કહ્યું, સ્ટીવ સ્મિથ દિલ્હી કેપિટલ્સની ટીમમાં અમારી સાથે હતો. એક દિવસ તે નેટમાં બેટિંગ માટે મેદાન પર આવ્યો ત્યારે મેં અશ્વિનને કહ્યું કે સ્મિથ સામે તારે બોલિંગ કરવાની છે... તૈયાર થઈ જા. ત્યારે મને અશ્વિનની સતર્કતા અને ક્રિકેટના તેના બારીકાઈભર્યા અવલોકનની જાણ થઈ હતી. અશ્વિને મને સ્પષ્ટ કહી દીધું કે સ્ટીવ સ્મિથે પોતાની હેલ્મેટ પર કેમેરા લગાડ્યો છે જેની મદદથી તે મારી બોલિંગ રેકોર્ડ કરી લેશે અને પછી એનો ઉપયોગ વર્લ્ડ કપ વખતે કરશે. સ્મિથની હેલ્મેટ પરનો કેમેરા મને નહોતો દેખાયો, પણ અશ્વિનને દેખાઈ ગયો હતો. તે આઇપીએલના સાથી ખેલાડી તરીકે સ્મિથને મદદ કરવા તૈયાર હતો, પરંતુ વર્લ્ડ કપ માટે નહીં.

૨૦૨૧ની આઈપીએલ પછી થોડા જ દિવસ બાદ ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો હતો અને અશ્વિન તથા સ્મિથને પોતપોતાના દેશની ટીમમાં સમાવવામાં આવ્યા હતા. અશ્વિને જો ત્યારે નેટમાં બોલિંગ કરી હોત તો સ્ટીવ સ્મિથે એનો ફાયદો ઉઠાવીને વર્લ્ડ કપમાં અશ્વિનનો સારી રીતે સામનો કર્યો હોત.

ઑસ્ટ્રેલિયાએ એ વર્લ્ડ કપ ન્યૂ ઝીલેન્ડને ફાઇનલમાં આઠ વિકેટે હરાવીને જીતી લીધો હતો. ■

# મેકસ્વીનીને તેના કરિયરની શરૂઆતમાં અનેક પડકારનો સામનો કરવો પડ્યોઃ પૂર્વ કેપ્ટન માઇકલ વોન

મેલબોર્નઃ ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઇકલ વોને ભારતના દિગ્ગજ ઝડપી બોલર જસપ્રીત બુમરાહ સામે સંઘર્ષ કરનારા ઓસ્ટ્રેલિયન ઓપનર નાથન મેકસ્વીનીના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું કે તે ભવિષ્યમાં મધ્યમ ક્રમના બેટ્સમેન તરીકે વાપસી કરી શકે છે.

મેકસ્વીનીને ત્રણ ટેસ્ટની છ ઇનિંગ્સમાં ચાર વખત બુમરાહે આઉટ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાના પસંદગીકારોએ મેલબોર્ન અને સિડની ટેસ્ટ માટે તેના સ્થાને યુવા બેટ્સમેન સેમ કોન્સ્ટાસની પસંદગી કરી છે.

વોને 'ફોક્સ સ્પોટ્ર્સ'ને કહ્યું હતું કે, મેકસ્વીની વિશે વાત કરું તો મને નથી લાગતું કે એવો કોઈ ખેલાડી છે જેને તેની કારકિર્દીની શરૂઆતમાં પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કર્યો હોય. છેલ્લા ૧૦ વર્ષમાં મેં જેટલા પણ ખેલાડીઓને ટેસ્ટ ક્રિકેટમાં આવતા જોયા છે, મને નથી લાગતું કે આનાથી વધુ મુશ્કેલ પડકારનો સામનો કોઈએ કર્યો હોય. મેકસ્વિનીએ પર્થમાં રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીની શરૂઆતની ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું. ઓપનિંગ બેટ્સમેન તરીકે ટીમમાં સામેલ થયેલા ૨૫ વર્ષીય ખેલાડીએ છ ઇનિંગ્સમાં ૧૦, શૂન્ય, ૩૯, ૧૦ અણનમ, નવ અને ચાર રન કર્યા હતા. પર્થ ટેસ્ટમાં બોલ ઘણો સ્વિંગ થઈ રહ્યો હતો. એડીલેડમાં પિંક ટેસ્ટમાં ગુલાબી બોલે પણ બેટિંગ માટેની સ્થિતિ મુશ્કેલ બનાવી દીધી હતી. અને બાદમાં બ્રિસ્બેનમાં પણ સ્થિતિ બેટિંગ માટે મુશ્કેલ હતી.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટરે કહ્યું કે ટીમમાંથી બહાર રહેવું મેકસ્વીની માટે સારું સાબિત થઈ શકે છે કારણ કે તે નૈસર્ગિક ઓપનિંગ બેટ્સમેન નથી. ■

# મહિલાઓના પહેલા જુનિયર ટી-૨૦ એશિયા કપની ટ્રોફી પર ભારતની મહોર લાગી

## ફાઈનલમાં બાંગ્લાદેશને હરાવીને નિકી પ્રસાદની ટીમ બની પ્રથમ એશિયન ચેમ્પિયન

કવાલાલમ્પુરઃ અહીં રવિવારે મહિલાઓ માટેની અન્ડર-૧૯ એશિયા કપ ટી-૨૦ સ્પર્ધાની ફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને ૪૧ રનથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.

ઑલરાઉન્ડર નિકી પ્રસાદના સુકાનમાં રમેલી ભારતીય ટીમને બેટિંગ માટે આમંત્રણ મળ્યું હતું. ઓપનર ગોંગાડી ત્રિશા (બાવન રન, ૪૭ બોલ, બે સિક્સર, પાંચ ફોર)ની મદદથી ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૧૭ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશની પેસ બોલર ફરઝાના ઇસ્મીને સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

ભારતીય સ્પિનર્સના તરખાટને કારણે બાંગ્લાદેશની ટીમ ફક્ત ૭૬ રનમાં આઉટ થઈ ગઈ હતી.

ભારતીય સ્પિનર આયુષી શુક્લાએ ત્રણ વિકેટ તેમ જ બીજી સ્પિનર પારુનિકા સિસોદિયા તથા સોનમ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

ત્રિશાને પ્લેયર ઑફ ધ ફાઇનલનો અવોર્ડ આપવામાં આવ્યો હતો. ■



બાંગ્લાદેશ સામે ચેમ્પિયન બનેલી ભારતીય જુનિયરની ટીમ

# વૈભવ સૂર્યવંશીએ પોતાના નામે કર્યો રેકોર્ડ, લિસ્ટ-એ મેચ રમનાર સૌથી યુવા ભારતીય બન્યો



હૈદરાબાદઃ ભારતીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ વિજય હઝારે વન-ડે ટ્રોફી દરમિયાન એક નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વૈભવ લિસ્ટ-એ ક્રિકેટમાં રમનાર સૌથી યુવા ભારતીય બન્યો છે. ૧૩ વર્ષીય બેટ્સમેને બિહાર અને મધ્ય પ્રદેશ વચ્ચે વિજય હઝારે ટ્રોફીની ગ્રૂપ-ઇ મેચ દરમિયાન આ સિદ્ધિ મેળવી હતી. વૈભવે ૧૩ વર્ષ અને ૨૬૯ દિવસની ઉંમરે લિસ્ટ-એ મેચમાં ડેબ્યૂ કર્યું હતું અને અલી અકબરને પાછળ છોડી દીધો હતો. અલી અકબરે ૧૯૯૯-૨૦૦૦ સીઝનમાં વિદર્ભ માટે ૧૪ વર્ષ અને ૫૧ દિવસની ઉંમરે લિસ્ટ-એ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતુ. વૈભવ રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કરનાર અને અંડર-૧૯ સ્તરે રમનાર સૌથી યુવા ભારતીય છે. જો કે, વૈભવનું લિસ્ટ-એ ડેબ્યૂ યાદગાર રહ્યું ન હતું કારણ કે તે તેની ઇનિંગ્સના બીજા જ બોલ પર આઉટ થયો હતો. તેણે પહેલા બોલ પર બાઉન્ડ્રી ફટકારી હતી પરંતુ પછીના બોલ પર આર્યન પાંડેએ તેને પોતાનો શિકાર બનાવ્યો હતો. નોંધનીય છે કે પ્રથમ બેટિંગ કરતા બિહારની ટીમ ૪૬.૪ ઓવરમાં ૧૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મધ્ય પ્રદેશે માત્ર ૨૫.૧ ઓવરમાં જ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. મધ્ય પ્રદેશ માટે હર્ષ ગવલીએ ૬૩ બોલમાં ૮૩ રનની ઇનિંગ રમી અને ટીમને છ વિકેટે જીત અપાવી હતી. નોંધનીય છે કે વૈભવ સૂર્યવંશીને આઇપીએલ ૨૦૨૫ માટે ગયા મહિને યોજાયેલી મેગા ઓક્શનમાં રાજસ્થાન રોયલ્સે ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ■

# રોહિત શર્માએ રણનીતિ બદલી છઠ્ઠા નંબરે વધુ આક્રમક બેટિંગ કરવી જોઇએઃ રવિ શાસ્ત્રી

મેલબર્નઃ કેપ્ટન રોહિત શર્મા બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં રન કેવી રીતે બનાવવા તે સમજવામાં સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે ભારતના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીનું કહેવું છે કે આ સ્ટાઇલિશ બેટ્સમેને સ્પષ્ટ માનસિકતા સાથે મેદાનમાં ઉતરવું જોઈએ અને સાથે પોતાની રણનીતિ બદલીને બોલરો સામે આક્રમકતા અપનાવવી જોઇએ.

રોહિત શર્મા પોતાના બીજા બાળકના જન્મ સમયે તેના પરિવાર સાથે હોવાના કારણે ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ મેચમાં રમી શક્યો ન હતો. ચૂકી ગયો હતો. એવી અપેક્ષા હતી કે તે ઓપનિંગ બેટ્સમેન તરીકે રમશે પરંતુ પર્થમાં ભારતની જીતમાં કેએલ રાહુલની ૭૭ રનની શાનદાર ઈનિંગ બાદ બેટિંગ ક્રમમાં ફેરફાર થયો હતો અને રોહિત શર્મા છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા ઉતર્યો હતો. જો કે, આ ફેરફાર રોહિત માટે ફાયદાકારક સાબિત ન હતો કારણ કે તે છેલ્લી ત્રણ ઇનિંગ્સમાં માત્ર ૧૦, ત્રણ અને છ રન જ કરી શક્યો હતો જ્યારે રાહુલે બ્રિસ્બેનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં પ્રથમ ઇનિંગ્સમાં ૮૪ રન કરીને તકનો ફાયદો ઉઠાવ્યો હતો.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની સમીક્ષા પર શાસ્ત્રીએ કહ્યું હતું કે, હું રોહિત શર્માને સારું પ્રદર્શન કરતા જોવા માંગુ છું. તેની રણનીતિમાં થોડો ફેરફાર કરવો જોઈએ કારણ કે તે હજુ પણ આ છઠ્ઠા સ્થાને ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. ક્રિકેટરમાંથી કોમેન્ટેટર બનેલા રવિ શાસ્ત્રીએ કહ્યું હતું કે, મને લાગે છે કે તેણે પોતાની માનસિકતામાં એકદમ સ્પષ્ટ થવું જોઈએ કે તેણે મેદાન પર જઈને વિપક્ષી ટીમ પર આક્રમણ કરે અને કોઇ અન્યની ચિંતા ના કરે.

શાસ્ત્રીને લાગે છે કે રોહિતે રક્ષણાત્મક માનસિકતાથી દૂર રહેવું જોઈએ. તમે તેમની પાસેથી એક જ વસ્તુ ઇચ્છતા નથી કે તેના મનમાં બે પ્રકારના વિચારો રહે. તેણે બચાવ કરવાનો છે કે આક્રમક બેટિંગ કરવાની છે. મને લાગે છે કે તેણે આક્રમક બેટિંગ કરવી જોઇએ. તેણે આ નંબર પર આક્રમક બેટિંગ કરવી જોઇએ.

તેમણે કહ્યું હતું કે, કારણ કે જો તે પ્રથમ ૧૦-૧૫ મિનિટ ક્રિઝ પર ટકી જશે તો તે પોતાની સ્વાભાવિક રમત કેમ નથી રમતો? અને વિરોધી ટીમ સામે આક્રમક બેટિંગ કરે. શાસ્ત્રીને લાગે છે કે રોહિત માટે ફોર્મમાં પાછા ફરવાનો અને ભારત માટે મેચ જીતવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. તેણે એમ પણ કહ્યું કે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ છઠ્ઠા નંબરના એ બેટ્સમેન છે જે જવાબી હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે. ■

# ભારત પ્રવાસ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર, જો રૂટની વન-ડે ટીમમાં વાપસી



લંડનઃ ઈંગ્લેન્ડે આગામી ભારત પ્રવાસ અને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવામાં આવશે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી) એ ૧૫ સભ્યોની વન-ડે ટીમની જાહેરાત કરી છે. આ ટીમ આગામી ભારતીય પ્રવાસ પર વન-ડે સિરીઝ પણ રમશે અને આ ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ રમશે. ટીમની કેપ્ટનશિપ જોસ બટલરને સોંપવામાં આવી છે. દરમિયાન ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સને વન-ડે ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી.

બીજી તરફ જો રૂટની લગભગ એક વર્ષ પછી વન-ડે ટીમમાં વાપસી થઇ છે. જેણે છેલ્લે ૨૦૨૩ વન-ડે વર્લ્ડકપમાં ૫૦ ઓવરની મેચ રમી હતી. બેન સ્ટોક્સને તાજેતરમાં જ ન્યૂ ઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં ઇજા થઇ હતી. આ કારણથી તેને ભારત સામેની વનડે સિરીઝમાં પસંદ કરવામાં આવ્યો નથી. ફાસ્ટ બોલર માર્ક વૂડ તાજેતરમાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલેન્ડ સામેની શ્રેણીમાં રમ્યો ન હતો. તે ઈંગ્લેન્ડની ટીમમાં પણ વાપસી કરશે.

જોસ બટલરની કેપ્ટનશિપ હેઠળ ઈંગ્લેન્ડ ગયા વર્ષે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ અને પછી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ઈતિહાસ રચવામાં નિષ્ફળ રહ્યું હતું. આમ છતાં જોસ બટલર પર વિશ્વાસ રાખવામાં આવ્યો છે. બટલર ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિકેટ કિપિંગ નહી કરે કારણ કે ફિલ સોલ્ટ સિવાય યુવા જેમી સ્મિથને પણ વિકેટકીપિંગના બે વિકલ્પ તરીકે સામેલ કરાયા છે. ■

### ભારત પ્રવાસ અને ચેમ્પિયન્સ ટ્રોફી માટેની વન-ડે ટીમ

જોસ બટલર (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રૂક, બ્રાયડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશીદ, જો રૂટ, સાકિબ મહમૂદ, ફિલ સોલ્ટ, માર્ક વુડ.

### ભારત પ્રવાસ માટે ઈંગ્લેન્ડની ટી-૨૦ ટીમ

જોસ બટલર (કેપ્ટન), રેહાન અહમદ, જોફ્રા આર્ચર, ગુસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રૂક, બ્રાઈડન કાર્સ, બેન ડકેટ, જેમી ઓવરટોન, જેમી સ્મિથ, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશીદ, સાકિબ મહમૂદ, ફિલ સોલ્ટ, માર્ક વુડ. ■

# ઝડપી બોલર આકાશદીપનો ખુલાસો, 'બ્રિસ્બેન ટેસ્ટમાં ફોલોઓન બચાવવાનું લક્ષ્ય નહોતું'

મેલબોર્નઃ ભારતના ઝડપી બોલર આકાશદીપે જસપ્રીત બુમરાહ સાથે મળીને ઓસ્ટ્રેલિયા સામે બ્રિસ્બેનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ૧૦મી વિકેટ માટે મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરીને ભારતને ફોલોઓનથી બચાવ્યું હતું, પરંતુ આ યુવા ઝડપી બોલરે રવિવારે કહ્યું હતું કે તેમનું લક્ષ્ય માત્ર ફોલો-ઓન બચાવવાનું નહીં પરંતુ ટીમમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવાનું હતું.

ત્રીજી ટેસ્ટ મેચમાં કેએલ રાહુલ અને રવિન્દ્ર જાડેજા સિવાય અન્ય કોઈ ભારતીય બેટ્સમેન સારું પ્રદર્શન કરી શક્યો ન હતો. આવી સ્થિતિમાં ભારત પર ફોલોઓનનો ખતરો તોળાઈ રહ્યો હતો પરંતુ આકાશ અને બુમરાહે દસમી વિકેટ માટે ૪૭ રનની ભાગીદારી કરીને ફોલોઓન ટાળ્યું હતું. વરસાદથી પ્રભાવિત આ મેચ આખરે ડ્રો રહી હતી.

આકાશે અહીં પત્રકારોને કહ્યું હતું કે, અમે નીચલા ક્રમમાં બેટિંગ કરવા આવીએ છીએ અને તેથી ૨૦, ૨૫ અથવા ૩૦ રનનું યોગદાન મૂલ્યવાન છે. ત્યારે હું ટીમમાં યોગદાન આપવા વિશે જ વિચારતો હતો. હું તે દિવસે ફોલોઓન બચાવવા માટે રમી રહ્યો ન હતો. મારું ધ્યાન ફક્ત આઉટ ન થવા પર હતું. અમે ફોલોઓન બચાવવામાં સફળ રહ્યા હતા. આકાશે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સની ઓવરમાં ચોગ્ગો ફટકારીને ફોલોઓન બચાવી લીધું હતું. આ પછી ખેલાડીઓ ભારતીય ડ્રેસિંગ રૂમમાં ઉજવણી કરતા જોવા મળ્યા હતા. તેણે કહ્યું હતું કે, ''જ્યારે તમે આવી પરિસ્થિતિઓમાં મેચ બચાવો છો ત્યારે આખી ટીમનો આત્મવિશ્વાસ વધે છે અને અમારા ડ્રેસિંગ રૂમમાં તેની ઝલક જોવા મળી હતી.'' આકાશે કહ્યું કે ત્રીજી ટેસ્ટ મેચ ડ્રો કર્યા બાદ ભારતીય ટીમનો આત્મવિશ્વાસ વધ્યો છે.

તેણે કહ્યું હતું કે, છેલ્લી મેચમાં ભલે અમે પાછળ હતા, જો તમે ધ્યાન આપશો તો બંને ટીમો બરાબરી પર છે. છેલ્લી મેચના અંતિમ દિવસે અમે જે આત્મવિશ્વાસ મેળવ્યો હતો તે હજુ પણ અમારી સાથે છે, તેથી હું માનું છું કે મેલબોર્ન ટેસ્ટ મેચ બંને ટીમો માટે મહત્ત્વપૂર્ણ છે. આકાશદીપને પ્રથમ બે ટેસ્ટ મેચમાં અંતિમ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો ન હતો પરંતુ ત્રીજી ટેસ્ટ મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો જેમાં તેણે શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ વખત વિદેશી ધરતી પર રમી રહેલા ફાસ્ટ બોલરે ખુલાસો કર્યો કે બુમરાહે તેની મદદ કરી હતી.

તેણે કહ્યું, હું પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં રમી રહ્યો છું. જસ્સી ભાઈ (બુમરાહ)એ અમને અમારી ભૂમિકા કેવી રીતે ભજવવી તે જણાવ્યું અને તેનાથી અમારું કામ સરળ બન્યું હતું. ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોમાં ટ્રેવિસ હેડ ભારત માટે સૌથી મોટો માથાનો દુખાવો છે. તેણે શ્રેણીની પ્રથમ ઈનિંગમાં ૧૧ રન કર્યા બાદ આગામી ત્રણ ઇનિંગ્સમાં ૮૯, ૧૪૦ અને ૧૫૨ રન કર્યા હતા. આકાશે સંકેત આપ્યો કે ભારત આ બેટ્સમેન સામે શોર્ટ પિચ બોલનો ઉપયોગ હથિયાર તરીકે કરી શકે છે. ■

# વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ વન-ડેમાં ૨૧૧ રનથી ભારતની ભવ્ય જીતઃ રેણુકા સિંહની પાંચ વિકેટ

વડોદરાઃ વડોદરા ખાતે રમાયેલી વેસ્ટ ઇન્ડિઝ મહિલા સામેની પ્રથમ વન-ડે મેચમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો ભવ્ય વિજય થયો હતો. ત્રણ વન-ડે સીરિઝની પ્રથમ મેચમાં ભારતીય મહિલા ટીમે ૨૧૧ રનથી જીત મેળવી હતી. ભારત તરફથી રેણુકા સિંહે પાંચ વિકેટ ઝડપી હતી. તે સિવાય પ્રિયા મિશ્રાએ બે વિકેટ અને દીપ્તી શર્માએ એક વિકેટ ઝડપી હતી. વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૯૧ રનની શાનદાર ઇનિંગની મદદથી ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૩૧૪ રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ લાંબો સમય ટકી શકી ન હતી અને ૨૬.૨ ઓવરમાં માત્ર ૧૦૩ રનમાં જ ઓલઆઉટ થઇ ગઇ હતી.

વેસ્ટ ઇન્ડિઝની શરૂઆત ખરાબ રહી હતી અને શૂન્ય રન પર પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. ટીમના ઓપનર હેલી મૈથ્યૂ અને ક્વિના જોસેફ શૂન્ય રન પર આઉટ થયાં હતાં. વેસ્ટ ઇન્ડિઝે ત્રણ રનમાં જ બે વિકેટ ગુમાવી દીધી હતી. જોકે બાદમાં રેણુકા સિંહ સમક્ષ એક પણ બેટ્સમેન ટકી શક્યો ન હતો. વેસ્ટ ઇન્ડિઝ તરફથી અફી ફ્લેચરે સૌથી વધુ ૨૪ રન કર્યા હતા.

અગાઉ પ્રથમ બેટિંગ કરતા ભારતીય મહિલા ટીમ તરફથી સ્મૃતિ મંધાનાએ ૯૧ રનની શાનદાર ઇનિંગ રમી હતી. ભારતે પ્રથમ મહિલા વનડેમાં નવ વિકેટે ૩૧૪ રનનો મોટો સ્કોર કર્યો હતો. મંધાનાએ સતત પાંચમી અડધી સદી ફટકારી (ટી-૨૦ અને વન-ડે) હતી. તેણીએ પ્રતિકા રાવલ સાથે ૧૧૦ રનની ભાગીદારી કરી હતી. બંન્નેએ ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. પ્રતિકા રાવલ તેની ડેબ્યૂ વન-ડે મેચ રમી રહી હતી.

મંધાનાની શાનદાર ઇનિંગ્સ બાદ હરલીન દેઓલ (૫૦ બોલમાં ૪૪ રન), હરમનપ્રીત કૌર (૨૩ બોલમાં ૩૪ રન), રિચા ઘોષ (૧૨ બોલમાં ૨૬ રન) અને જેમિમાહ રોડ્રિગ્સ (૧૯ બોલમાં ૩૧ રન) એ રન કર્યા હતા.

કેપ્ટન હરમનપ્રીત કૌરના ક્રિઝ પર આવ્યા બાદ ભારતીય ટીમનો સ્કોર ઝડપથી બનવા લાગ્યો હતો. તે ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા ફટકારીને ઝડપથી રન કરી રહી હતી પરંતુ રિચાની ભૂલના કારણે તે ૩૪ રન પર રન આઉટ થઇ હતી. જેમિમાહે ૩૪ રનની ઇનિંગમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સ ફટકારી હતી. ભારતીય ટીમે છેલ્લી ત્રણ ઓવરમાં માત્ર ૨૦ રન કર્યા હતા અને ચાર વિકેટ ગુમાવી દીધી હતી. વેસ્ટ ઈન્ડિઝ તરફથી ઝૈદા જેમ્સ શ્રેષ્ઠ બોલર રહી હતી. આ ડાબોડી સ્પિનરે આઠ ઓવરમાં ૪૫ રન આપીને પાંચ વિકેટ લીધી હતી. ■

# નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાંથી હારીને બહાર ફેંકાયો ડિફેન્ડિંગ ચેમ્પિયન ચિરાગ સેન



બેંગલુરૂઃ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચિરાગ સેન શનિવારે અહીં ૮૬મી સિનિયર નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપના ત્રીજા રાઉન્ડમાં ઋત્વિક સંજીવી સામે હારીને બહાર થઈ ગયો હતો. તમિલનાડુનો ખેલાડી ઋત્વિક ચિરાગ સેન સામે પ્રથમ ગેમ હારી ગયો હતો, પરંતુ બાદમાં તેણે વાપસી કરી હતી અને ૧૨-૨૧, ૨૧-૧૯, ૨૧-૧૫થી જીત મેળવી હતી. હવે ક્વાર્ટર ફાઇનલમાં તેનો સામનો રઘુ એમ સામે થશે.

ચિરાગે અગાઉ જીત પટેલને ૨૧-૧૫, ૨૧-૧૫થી હરાવ્યો હતો. વિમેન્સ સિંગલ્સમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન અનમોલ ખાર્બ અને છેલ્લા સ્ટેજની રનર અપ તન્વી શર્માએ પણ સરળતાથી આગળના રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. અનમોલે કૃષિકા મહાજનને ૨૧-૧૪, ૨૧-૧૪થી અને તન્વીએ સ્વાતિ સોલંકીને ૨૧-૧૨, ૨૧-૮થી હરાવ્યા હતા.

અગાઉ અનમોલે દીપાલી ગુપ્તાને ૨૧-૮, ૨૧-૬ અને તન્વીએ ફ્લોરા એન્જિનિયરને ૨૧-૮, ૨૧-૬થી આસાનીથી હરાવ્યા હતા. ભૂતપૂર્વ ચેમ્પિયન મિથુન મંજૂનાથ અને સૌરભ વર્માએ તેમના અનુભવનો ઉપયોગ કરીને બીજા રાઉન્ડની મેચોમાં તેમના યુવા હરીફો સામે સરળ જીત નોંધાવી હતી. ■

# સેન્ટારેલીના સપનાનું સુરસુરિયું: શૅરબજારમાં બે વર્ષનો સૌથી કારમો સાપ્તાહિક કડાકો, માળખું ખખડી ગયું છે!

ભારતીય બજારોએ પાછલા ચાર સપ્તાહના તમામ સુધારાના ધોવાણ સાથે બે વર્ષથી વધુ સમયનો સૌથી મોટો સપ્તાહિક ઘટાડો નોંધાવ્યો છે. ભાવિ રેટ કટની ગતિ અંગે યુએસ ફેડરલ રિઝર્વના સાવચેતીભર્યા વલણ પછી ગ્લોબલ સેલ ઓફ વચ્ચે સ્થાનિક સ્તરે પણ એફઆઈઆઈની વેચવાલીનું દબાણ તીવ્ર બની જતાં શેરબજારમાં તોફાની ધોવાણનો માહોલ સર્જાયો અને તમામ શેરઆંક રેડ ઝોનમાં ધકેલાઇ ગયા હતા.

આ સપ્તાહે સેન્સેક્સ ૪,૦૯૧.૫૩ પોઈન્ટ્સ અથવા ૪.૯૮ ટકાના જોરદાર ધોવાણ સાથે ૭૮,૦૪૧.૫૯ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો, જ્યારે નિફ્ટી૫૦ ઈન્ડેક્સ ૧,૧૮૦.૮ પોઈન્ટ્સ અથવા ૪.૭૬ ટકાના તોતિંગ કડાકા ૨૩,૫૮૭.૫૦ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

અદાણી ગ્રીન એનર્જી, એલટીઆઇમાઇન્ડટ્રી, સીમેન્સ, જીઓ ફાઇનાન્શિઅલ સર્વિસિસ, હિન્દુસ્તાન એરોનોટિક્સ, પાવર ફાઇનાન્સ કોર્પોરેશન, એબીબી ઈન્ડિયા જેવા શેરોમાં પ્રત્યેકમાં ૧૦ ટકા જેવો કડાકો બોલી જતાં બીએસઇનો લાર્જ કેપ ઇન્ડેક્સ પાંચ ટકા તૂટ્યો હતો.

પીરામલ એન્ટરપ્રાઈઝ, ટોરેન્ટ પાવર, ડેલ્હીવેરી, એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસ, ફીનક્સ મિલ્સ, ફેડરલ બેન્ક, બેન્ક ઓફ ઈન્ડિયા, એનએમડીસી, યુપીએલ, એસીસી, કમિન્સ ઈન્ડિયા, એયુ સ્મોલ ફાઈનાન્સ બેન્ક, એસ્કોર્ટ્સ કુબોટા જેવા શેરોમાં આઠ ચકાથી ૧૨ ટકા જેટલો કડાકો બોલી જતાં મિડકેપ ઇન્ડેક્સ ત્રણેક ટકા તૂટ્યો હતો.

બીજી તરફ, જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ઓબેરોય રિયલ્ટી, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની, ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરન્સ, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટાર હેલ્થ ફળા; એલાઈડ ઈન્સ્યોરન્સ કંપની જેવા શેરોમાં ચાર ટકાથી ૧૬ ટકાનો સુધીનો ઉમેરો થયો છે.



બજારના પીઢ અભ્યાસુએ જણાવ્યું હતું કે, નજીકની ગાળાની બજારની રચના નબળી પડી છે, જેમાં એફઆઇઆઇએ ઉછાળે વેચવાલીની નીતિ અપનાવી છે. સમીક્ષા હેટળના સપ્તાહમાં કેશ માર્કેટમાં એફઆઇઆઇની જંગી વેચવાલીનો આંકડો દર્શાવે છે કે બજારના બાઉન્સ સામે વિદેશી ફંડો વધુ વેચવાલી માટે તૈયાર છે.

સપ્તાહ દરમિયાન નવ કંપની આઇપીઓ મારફત રૂ. ૩,૫૦૦ કરોડ એકત્ર કરવા બજારમાં પ્રવેશી હતી, જેમાં કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ લિમિટેડ, પાવર સેકટરની કંપની ટ્રાન્સરેલ લાઈટિંગ લિમિટેડ, ડેમ કેપિટલ એડવાઈસર લિમિટેડ અને સનાથન ટેકસટાઇલ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે અને સેનોરેસ ફાર્માસ્યુટિકલ્સ, કેરારો ઇન્ડિયા લિમિટેડ તથા વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડ ૨૦મીએ મૂડીબજારમાં પ્રવેશી હતી.

યુનિકેમ એરોસ્પેસ લિમિટેડનો રૂ. ૫૦૦ કરોડના બુક બિલ્ટ ઇશ્યુ ૨૩મી ડિસેમ્બરે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૬મીએ બંધ થશે. એચડીપીઇ અને પીપી બેગ્સ, ઝિંક સલ્ફેટ ફર્ટિલાઇઝર્સ અને કૃષિ જરૂરિયાતો માટે માઇક્રોન્યટ્રિઅન્ટ મિક્સ્ચરની ઉત્પાદક, અન્યા પોલિટેક એન્ડ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ ૨૬ ડિસેમ્બરે રૂ. ૪૪.૮૦ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩થી ૧૪ પ્રતિ શેર છે અને લોટ સાઇઝ દસ હજાર શેરનો છે.

નિષ્ણાતો માને છે કે મૂડીબજારમાં હલચલ ચાલુ રહેશે. કમર્શિઅલ અને ઔદ્યોગિક ગ્રાહકોને ઇપીસી સોલર એનર્જી સોલ્યુશન પ્રોવાઇડર ચાર આઇઆઇટી સ્નાતકો દ્વારા પ્રમોટ કરવામાં આવેલી સોલાર૯૧ ક્લીનટેક લિમિટેડ ૨૪મી ડિસેમ્બરે રૂ. ૧૦૬ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૮૫થી રૂ. ૧૯૫ પ્રતિ શેર અને મિનિમમ લોટ ૬૦૦ શેરનો છે. આ સપ્તાહે અનેક કંપનીઓનું લિસ્ટિંગ પણ થયું હતું. બુધવારે માર્કેટનો માહોલ ડહોળાયેલા રહ્યો હોવા છતાં વન મોબિક્વીક સિસ્ટમ્સ ૫૮ ટકાના પ્રીમિયમ સાથે, સાઇ લાઇફ સાયન્સ ૨૦ ટકાના અને વિશાલ મેગા માર્ટ ૪૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

કોર્પોરેટ હલચલમાં સીએસઆર અંતર્ગત એસબીઆઇ સિક્યોરિટીઝે ૧૦૦ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવા માટે સ્વદેશ ફાઉન્ડેશનને રૂ. ૮૪ લાખ આપ્યા છે. પાવરગ્રીડના બોર્ડે બોન્ડ ઇશ્યૂ મારફત રૂ. ૪૨૫૦ કરોડ એકત્ર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. બીસીએલ ઇન્ડસ્ટ્રીઝ રૂ. ૧૫૦ કરોડના રોકાણ સાથે પશ્ચિમ બંગાળમાં બાયોએનર્જી પ્લાન્ટ સ્થાપી રહી છે. ટીવીએસ હોલ્ડિંગ્સ લિમિટેડ, રેડિઅલ આઇટી પાર્કના ફેઝ ટુ અને ફેઝ થ્રીને રૂ. ૫૭૫ કરોડમાં હસ્તગત કરવાની યોજના જાહેર કરી છે. ઇન્ડોકો રેમેડિઝને યુએસએફડીએ તરફથી ગોવા પ્લાન્ટ માટે વોર્નિંગ લેટર મળ્યો છે. કોરોમન્ડલ ઇન્ટરનેશનલ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ડ્રોન સ્પ્રેઇંગ સર્વિસ પૂરી પાડવા ભાગીદારી કરાર કર્યા છે.

બજારના નિષ્ણાતો અનુસાર એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ પર નકારાત્મક અસરો દર્શાવતા ઐતિહાસિક વલણો સાથે યુએસ ફેડના વ્યાજ દરમાં ઘટાડો અને યીલ્ડ કર્વ સંભવિત મંદી અને વધુ કરેકશનનો સંકેત આપે છે. રોકાણકારોએ સાવચેતી રાખવી જોઈએ અને પોર્ટફોલિયોને પુનઃસંતુલિત કરવું જોઈએ. તાજેતરમાં યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજ દરોમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરીને ૪.૫૦ ટકા રેટ જાહેર કર્યો છે. આ પગલાએ એસએન્ડપી૫૦૦માં ૨.૮૫ ટકાનો જે તીવ્ર કડાકો બોલાવ્યો તેને કારણે રોકાણકારો ફફડી ગયા છે અને નિષ્ણાતો એવી આગાહી કરી રહ્યાં છે કે હજુ વધુ કડાકા સંભવ છે. આ અંગે સમજ આપતા ટોપના માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે જ્યારે પણ ફુગાવામાં વધારો અંકુશ બહાર જાય છે, ત્યારે ફેડરલ રિઝર્વ ઉપાય માટે વ્યાજ દરોમાં વધારો કરે છે. આ વધારો મુખ્યત્વે ટૂંકા ગાળાના દરોને અસર કરે છે જે ત્રણ મહિનાની ઊંચી બોન્ડ ઉપજમાં પ્રતિબિંબિત થાય છે. દરમાં વધારો કરવાનું આટલું લાંબું ચાલુ રાખવાથી કેટલીકવાર લાંબા ગાળાના યુએસ ૧૦-વર્ષના સરકારી બોન્ડની ઉપજ ઓછી થાય છે. લાંબા ગાળાની ઉપજ બજાર આધારિત છે અને ફેડરલનું તેના પર મર્યાદિત નિયંત્રણ છે. વધતા જતા ફુગાવાને નિયંત્રિત કરવા અર્થતંત્રમાં મંદી જરૂરી છે. પરિણામે ઉપરોક્ત ઉપાય અજમાવતા લાંબા ગાળે અર્થવ્યવસ્થાને મંદીની અસર થવાની સંભાવના વધે છે. આ મંદીનો સામનો કરવા અને અર્થતંત્રને ઉત્તેજન આપવા માટે, કેન્દ્રીય બેંકોએ વ્યાજ દરોમાં ઘટાડો કરવો પડે છે અને ટૂંકા ગાળાના બોન્ડ ઉપજમાં ઘટાડો થાય એવા પગલાં લેવા પડે છે. સરવાળે મંદીવાળાને હાવી થવા માટે ઘણાં કારણો મળી રહે એવો માહોલ છે. ■

## રોકાણકારોની સંપત્તિનું ₹ ૧૮.૪૩ લાખ કરોડનું ધોવાણ, સેન્સેક્સના ત્રીસેત્રીસ શૅર રેડ ઝોનમાં ધકેલાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજાર માટે પાછલું સપ્તાહ ભયાનક સુનામી ધોવાણ જેવું રહ્યું છે. એક સપ્તાહમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ.૧૮.૪૩ લાખ કરોડનું ધોવાણ જોવા મળ્યું હતું, ટેક સિવાય તમામ ઈન્ડેક્સ ઘટ્યા છે. બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૨,૧૩૩.૧૨ના બંધથી ૪,૦૯૧.૫૩ પોઈન્ટ્સ (૪.૯૮ ટકા) ઘટ્યો હતો.

સેન્સેક્સ ૧૬ ડિસેમ્બર અને સોમવારે ૮૨,૦૦૦.૩૧ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૦,૦૮૨.૮૨ સુધી અને શુક્રવાર ૨૦ ડિસેમ્બરે નીચામાં ૭૭,૮૭૪.૫૯ સુધી જઈ સપ્તાહ અંતે ૭૮,૦૪૧.૫૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ આઈપીઓ ૧.૯૩ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૦.૯૭ ટકા ઘટ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૪૦.૯૯ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૫૯.૪૨ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧૮.૪૩ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૪.૮૨ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૪.૬૮ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૪.૫૩ ટકા, બીએસઈ મિડકેપ ૩.૨૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૩.૧૭ ટકા ઘટ્યા હતા.

સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ ટેક ૦.૧ ટકા વધ્યો હતો, જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૬.૮૬ ટકા, ઓટો ૬.૬૭ ટકા, બેન્કેક્સ ૬.૨૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૬.૧૭ ટકા, કેપિટલ ગુડ્સ ૫.૯૩ ટકા, હેલ્થકેર ૫.૧૭ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૫.૦૪ ટકા, મેટલ ૫.૦૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૪.૫૫ ટકા, પાવર ૩.૯૨ ટકા, પીએસયુ ૨.૪૨ ટકા, અને રિયલ્ટી ૨.૨૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી એક પણ સ્ક્રિપ પોઝિટિવ ઝોનમાં ટકી શકી નહોતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં ટાટા મોટર્સ ૯.૨૦ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૯.૦૧ ટકા, તાતા કન્સલ્ટન્સી ૭.૩૩ ટકા, એનટીપીસી ૭.૨૦ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૭.૧૫ ટકા તુટ્યો હતો.

'એ' ગ્રુપની ૭૨૪ કંપનીઓમાંથી ૧૦૩ કંપનીઓના ભાવ વધ્યા, ૬૨૧ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૧૯૫ કંપનીઓમાંથી ૨૫૭ વધી હતી, ૯૩૭ ઘટી હતી અને એક સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ત્રીસે ત્રીસ સ્ક્રિપ્સ ઘટી હતી. બીએસઈ ૧૦૦માં માત્ર ચાર કંપનીઓ વધી, ૯૬ કંપનીઓ ઘટી હતા.

બીએસઈ ૨૦૦માં પણ માત્ર ૨૧ કંપનીઓ વધી, ૧૭૯ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૧૭ કંપનીઓ વધી, ૧૩ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૭૧ કંપનીઓ વધી, ૪૨૯ કંપનીઓ ઘટી. મિડકેપ ૨૬ કંપનીઓ વધી, ૧૦૬ કંપનીઓ ઘટી. સ્મોલ કેપમાંની ૧૬૯ કંપનીઓ વધી, ૭૭૬ કંપનીઓ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૧૧,૧૪૧.૭૨ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૧૩,૪૯૨.૭૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

## સાત કૃષિ કોમોડિટીના વાયદા પરના પ્રતિબંધને વધુ ચાલીસ દિવસ લંબાવાયો

મુંબઈ : સાત કૃષિ કોમોડિટીસના ડેરિવેટિવ્સ કોન્ટ્રેકટસમાં વેપાર પ્રતિબંધને સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી લંબાવ્યો છે. પ્રતિબંધ માત્ર ચાલીસ દિવસ સુધી જ લંબાવાતા આવતા વર્ષમાં પ્રતિબંધ ઉઠાવી લેવાશે તેવી ટ્રેડરોને અપેક્ષા છે.

સેબી દ્વારા બુધવારે મોડી રાતે જારી કરાયેલા નોટિફિકેશનમાં જણાવાયા પ્રમાણે, ડાંગર (નોન-બાસમતિ), ઘઉં, ચણા, સરસવ અને તેના ડેરિવેટિવ્સ, સોયાબીન અને તેના ડેરિવેટિવ્સ, ક્રુડ પામ ઓઈલ અને મગ પરના વાયદા વેપાર પરનો પ્રતિબંધ જે ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યો છે તેને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી લંબાવાયો છે. વાયદા વેપાર પરનો પ્રતિબંધ થોડાક સમય પૂરતું જ લંબાવાયો હોવાથી નવા વર્ષમાં તે ઉઠાવી લેવાશે તેવી ટ્રેડરોને આશા જાગી છે. ડિસેમ્બર, ૨૦૨૧માં સેબીએ પ્રારંભમાં પાંચ કૃષિ કોમોડિટીસ ઘઉં,સોયાબીન, ક્રુડ પામ ઓઈલ, ડાંગર અને મગના વાયદા વેપારને એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. તે પહેલા ૧૭ ઓગસ્ટ, ૨૦૨૧ના ચણા અને ૮ ઓકટોબર, ૨૦૨૧ના સરસવ તથા સરસવ તેલના વાયદાને સસ્પેન્ડ કરાયા હતા.

ત્યારબાદ સેબી આ વેપાર પ્રતિબંધને સતત લંબાવતું રહ્યું છે. કોમોડિટીના ભાવમાં સમયાંતરે આવતા ઉછાળા પર અંકૂશ રાખવાના ભાગરૂપ આ પ્રતિબંધ મુકાયા હોવાનું માનવામાં આવે છે. આ પ્રતિબંધ છતાં સદર કોમોડિટીસના ભાવમાં ભાગ્યે જ ઘટાડો જોવા મળ્યો હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું, જે કૃષિ કોમોડિટીસના ભાવ માગ-પૂરવઠાની સ્થિતિ પ્રમાણે વધઘટ થઈ રહ્યાનું સૂચવે છે, તેમ ટ્રેડરો દાવો કરી રહ્યા છે. ■

## મર્ચન્ટ બેન્કર્સ માટે આકરો સમય: ફંડ મેનેજરોએ મહિનાની અંદર એનએફઓના ભંડોળનું રોકાણ કરવું પડશે

મુંબઈ : કેપિટલ માર્કેટ નિયામક આકરા મૂડમાં છે. સેબીએ નિયમોને વધુ કડક બનાવ્યા છે, જેમાં એસએમઈ કંપનીઓના પ્રમોટર્સ, પ્રમોટર જૂથ અથવા કોઈપણ સંબંધિત પાર્ટીની લોનની પરત ચૂકવણીના ઉદ્દેશ માટે આઈપીઓ લાવી શકશે નહીં એ જ રાતે, મ્યુ. ફંડ મેનેજરોએ ૩૦ દિવસની અંદર એનએફઓ દ્વારા એકત્ર કરાયેલા ફંડનું રોકાણ કરવું પડશે. ઉપરાંત પ્રોસ્પેક્ટસ ફાઈલિંગ સમયે પાછલા ત્રણ નાણા વર્ષમાંથી બે વર્ષમાં નફો કર્યો હોવો જરૂરી બનાવવામાં આવ્યો છે.

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ લિસ્ટિંગ માટે મૂડી બજારમાં આઈપીઓ લાવતી સ્મોલ, મીડિયમ એન્ટરપ્રાઈસીઝ-કંપનીઓ (એસએમઈ) માટે નિયમો કડક કર્યા છે. આ સાથે મર્ચન્ટ બેંકરો માટેના નિયમોને પણ આકરા બનાવ્યા છે.

જ્યારે મ્યુચ્યુઅલ ફંડ મેનેજરો માટે નવી ફંડ ઓફરો (એનએફઓ) દ્વારા એકત્ર કરાયેલા ફંડને રોકવા માટેનો સમયગાળો નિર્દિષ્ટ કર્યો છે અને ભાવ સંવેદનશીલ ઘટનાઓ તરીકે ધ્યાનમાં લેવાતી ઘટનાઓની યાદીને પણ વિસ્તારવામાં આવી છે. આ સહિતના સંખ્યાબંધ નિર્ણયો સેબી બોર્ડની મીટિંગમાં લેવાયા છે.

સેબીએ તમામ નિયમન હેઠળની સંસ્થાઓ જેવી કે ફંડ હાઉસ, એક્સચેન્જ, ડિપોઝિટરીઝ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરતા કસ્ટોડિયનને તેના યોગ્ય ઉપયોગ માટે જવાબદાર બનાવી છે, જેમાં રોકાણકારોના રક્ષણ અને ડેટાના ઉપયોગને નિયંત્રિત કરતાં નિયમોનો સમાવેશ થાય છે. સેબી બોર્ડે જણાવ્યું છે કે, એસએમઈ કંપની માત્ર ત્યારે જ આઈપીઓ લાવી શકશે, જો ભંડોળ ઊભું કરવા માટે પ્રોસ્પેક્ટસ ફાઈલિંગ સમયે તેને અગાઉના ત્રણ નાણાકીય વર્ષમાં કોઈપણ બે વર્ષમાં કામગીરીમાં ઓછામાં ઓછો રૂ.એક કરોડનો ઓપરેટીંગ નફો (વ્યાજ, ઘસારા અને કરવેરા પૂર્વેની કમાણી) હોય. આ ઉપરાંત આઈપીઓમાં ઓફર ફોર સેલ (ઓએફએસ)ના કિસ્સામાં ઓએફએસનું કદ, કુલ ઈસ્યુ કદના ૨૦ ટકાથી વધુ નહીં હોવું જોઈએ. આ સાથે વેચાણ કરતાં શેરધારકો તેમના હોલ્ડિંગના ૫૦ ટકાથી વધુ ઓફર થકી વેચી શકશે નહીં.

સેબીએ આ સાથે પ્રમોટરોનું હોલ્ડિંગ જે, ન્યુનતમ પ્રમોટર કોન્ટ્રીબ્યુશન (એમપીસી) કરતાં વધુ હોય એ હોલ્ડિંગનું લોક-ઈન માત્ર તબક્કાવાર છુટ્ટુ થઈ શકશે. નિયામક તંત્રએ એમપીસી કરતાં વધુ પ્રમોટરોના ૫૦ ટકા હોલ્ડિંગને લિસ્ટિંગના એક વર્ષ પછી છુટ્ટા કરવાની મંજૂરી આપી છે અને બાકીના ૫૦ ટકા બે વર્ષ પછી રીલિઝ કરી શકાય છે.

આ સાથે મહત્વના લેવાયેલા નિર્ણયમાં સેબીએ ઓફરના ઉદ્દેશમાં પ્રમોટર્સ, પ્રમોટર જૂથ અથવા કોઈપણ સંબંધિત પાર્ટીને લોનની ચૂકવણી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવાના ઉદ્દેશથી એસએમઆઈ આઈપીઓ લાવી શકાશે નહીં. શેર બજારો સાથે ફાઈલ કરવામાં આવેલ આઈપીઓ પ્રોસ્પેક્ટસ ૨૧ દિવસ માટે પબ્લિક માટે તેમની ટિપ્પણી મેળવવા ઉપલબ્ધ રહશે.

આ દરમિયાન સેબીએ આ સાથે ભારતમાં મર્ચન્ટ બેંકરોના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે. જેમાં બે પ્રકારના મર્ચન્ટ બેંકરો હશે. કેટેગરી ૧માં ઓછામાં ઓછી રૂ.૫૦ કરોડની નેટવર્થ ધરાવતા લોકો હશે. જેમને સેબી દ્વારા મંજૂરી આપવામાં આવેલી તમામ મર્ચન્ટ બેંકિંગ પ્રવૃતિઓ હાથ ધરવાની પરવાનગી આપવામાં આવશે. આ સિવાય કેટેગરી ૨ મર્ચન્ટ બેંકર્સ હશે, જેમને શેર બજારના મેઈન બોર્ડમાં કંપનીઓ દ્વારા ફંડ ઊભું કરવાના સંચાલન સિવાયની પરવાનીત પ્રવૃતિઓ કરી શકવાની મંજૂરી રહેશે. આ પ્રવૃતિઓમાં આઈપીઓ, રાઈટ્સ ઓફર્સ, ઓફર ફોર સેલ (ઓએફએસ), ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ ઓફર્સ (ક્યુઆઈપી) વગેરેનો સમાવેશ છે.

સેબીએ હવેથી મ્યુચ્યુઅલ ફંડ મેનેજરોને ૩૦ દિવસની અંદર એનએફઓ દ્વારા એકત્ર કરાયેલા ફંડનું રોકાણ કરવાનું રહેશે. જો આમ કરવામાં નિષ્ફળ જાય તો તેમણે કોઈપણ એક્ઝિટ લોડ વિના તેમના રોકાણને રિડીમ કરવા માટે તેના તમામ રોકાણકારોને એક્ઝિટ વિકલ્પો આપવા પડશે.

આ સાથે નિયમનકારે કહ્યું છે કે, જો કોઈ રોકાણકાર વર્તમાન મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાંથી એનએફઓમાં રોકાણ સ્વિચ કરી રહ્યો હોય, તો ડિસ્ટ્રીબ્યુટરને બે સ્કિમોની ઓફરમાંથી જેમાં ઓછું હોય એ કમિશન મળશે. જે રીતે ડિસ્ટ્રીબ્યુટરને ઊંચા કમિશનની લાલચને અટકાવવા અને બિનજરૂરી મ્યુચ્યુઅલ ફંડ રોકાણોના સ્વિચિંગને નિરૂત્સાહી કરવા માટે છે. ■

## ફાઇવજી સ્માર્ટ ફોનના મામલે ભારત ચીનની નિકટ

મુંબઇ: ફાઇવજી સ્માર્ટ પોનના મામલે ભારત ચીનની નિકટ પહોંચી ગયું છે. ભારતે છેલ્લા ૧૨ મહિનામાં ફોર-જીથી ફાઇવ-જી સ્માર્ટફોન શિપમેન્ટમાં ચીન સાથેનું અંતર નોંધપાત્ર રીતે ઘટાડયું છે અને તેની નજીક પહોંચી ગયું છે. ભારતના કુલ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઇવ-જી ફોનનો હિસ્સો ગત નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫૭ ટકાથી વધીને ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૮૩.૪ ટકા થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, ચીનની ફાઇવ-જી ફોન શિપમેન્ટ ૮૯.૫ ટકાથી વધીને ૯૫.૬ ટકા થઈ ગઈ છે.આ સમયગાળા દરમિયાન, ચીને ત્રિમાસિક ધોરણે કોઈ નોંધપાત્ર વધારો નોંધાવ્યો નથી. ભારતથી વિપરીત, ફાઇવ-જી ફોનનો ચીનનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૯૩.૨ ટકાથી ઘટીને ચોથા ક્વાર્ટરમાં ૮૯.૮ ટકા થયો હતો.

ભારતમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તમામ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફાઇવ-જી ફોનનો હિસ્સો ૭૭ ટકા હતો, જેનો અર્થ છે કે અગાઉના ક્વાર્ટરની તુલનામાં બીજા ક્વાર્ટરમાં સાત ટકાથી વધુનો વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫જ સ્માર્ટફોન શિપમેન્ટ ૩.૮૪ કરોડ સુધી પહોંચી ગયું છે, જે કોઈપણ ક્વાર્ટરમાં સૌથી વધુ છે. આ એક ક્વાર્ટર પહેલાની સરખામણીએ ૪૩ ટકા અને એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીમાં ૫૩ ટકાનો વધારો દર્શાવે છે. એવો અંદાજ છે કે દેશમાં પહેલેથી જ ૨૫ કરોડ ફાઇવ-જી સ્માર્ટફોન છે. ભારતનો સ્માર્ટફોન બેઝ, જે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૬૦ કરોડ હતો, તે નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં વધીને ૬૯૫ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં ૯૧૫ કરોડ થવાની ધારણા છે અને તે બજારનો ઘણો મોટો હિસ્સો આવરી લેશે. દરમિયાન, ટુ-જી ગ્રાહકોની સંખ્યામાં વધુ ઘટાડો થવાની ધારણા છે. ■

## ચાઈનીઝ સ્ટીલની સસ્તી આયાત સામે એન્ટી ડમ્પિંગ ડ્યૂટી તપાસ શરૂ

મુંબઈ : ચીન ખાતેથી ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત વિક્રમી સપાટીએ પહોંચતા ઉદ્યોગની ચિંતામાં વધારો થયો છે. સ્ટીલ ઉદ્યોગની સતત માગને ધ્યાનમાં રાખી છેવટે સરકારે સ્ટીલની આયાત પર સેફગાર્ડ ડ્યૂટી લાગુ કરવી કે કામચલાઉ ટેકસ લાગુ કરવો તેની તપાસ શરૂ કરી છે.

ભારતમાં નોન એલોય તથા એલોય સ્ટીલ ફ્લેટ પ્રોડકટસની સસ્તી આયાત સામે સ્ટીલ ઉદ્યોગ દ્વારા લાંબા સમયથી સરકાર સમક્ષ રજૂઆત કરાતી હતી અને યોગ્ય પગલાં લેવાની માગણી કરવામાં આવી હતી.

તાજેતરના દિવસોમાં આયાતમાં જોરદાર વધારો થયાનું ધ્યાનમાં આવતા આ તપાસ કરવાનું જરૂરી બની ગયું હોવાનું ડાયરેકટર જનરલ ઓફ ટ્રેડ રેમેડિસના સુત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનાના સ્ટીલ આયાતના ડેટા જણાવે છે, કે ચીન ખાતેથી ભારતની ફિનિશ્ડ સ્ટીલ આયાત વિક્રમી સ્તરે રહી છે. આયાતમાં વધારો થતાં ઘરઆંગણેની સ્ટીલ મિલોની ચિંતામાં વધારો થયો છે.

ફિનિશ્ડ સ્ટીલની આયાત વધી આઠ વર્ષની ટોચે રહી છે. વિશ્વના બીજા મોટા ક્રુડ સ્ટીલ ઉત્પાદક ભારત વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્ટીલનો નેટ આયાતકાર બની ગયો છે. આ ગાળામાં ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત ૨૬.૬૦ ટકા વધી ૬૫ લાખ ટન રહી છે.

આ ગાળામાં ચીને ભારત ખાતે ૧૯.૬૦ લાખ ટન ફિનિશ્ડ સ્ટીલ નિકાસ કર્યું છે, જે વાર્ષિક ધોરણે ૨૨.૮૦ ટકા વધુ છે, એમ પ્રાપ્ત ડેટા જણાવે છે. સ્ટેનલેસ સ્ટીલ, એચઆર કોઈલ, પાઈપ્સ, સળિયા સહિતના સ્ટીલનો ચીન મોટો નિકાસકાર દેશ છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ભારતની કુલ ફિનિશ્ડ સ્ટીલ આયાતમાંથી ૭૯ ટકા આયાત ચીન, જાપાન તથા દક્ષિણ કોરિઆ ખાતેથી થઈ હતી. ■

## અમેરિકાના રેડ કટને કારણે ભારતીય શૅરબજારને ફટકો, વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ એક્ઝિડ મોડમાં!

મુંબઇ: અમેરિકામાં૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડવાના સંકેત બાદ શેરબજારમાં માનસ ખરડાયું છે. ૨૦૨૪માં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી દાયકાની ટોચે પહોંચી છે. એફપીઆઇની નેટ રૂ. ૨.૯૧ લાખ કરોડની વેચવાલી નોંધાઇ છે. જોકે, ઈક્વિટીમાં રૂપિયા પાંચ લાખ કરોડની નેટ ખરીદી સાથે ડીઆઈઆઈનો બજારને ટેકો મળ્યો છે.

૨૦૨૪નું વર્ષ સમાપ્ત થવાની નજીકમાં છે ત્યારે ભારતીય શેરબજાર કેશમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) સતત ચોથા વર્ષમાં નેટ વેચવાલ જોવા મળી રહ્યા છે. બીજી બાજુ ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની વર્તમાન વર્ષમાં સતત ચોથા વર્ષે નેટ લેવાલી જોવા મળે છે.

વર્તમાન વર્ષનો એફપીઆઈનો વેચવાલીનો આંક દાયકાની ઊંચી સપાટીએ જોવા મળી રહ્યો છે. શેરબજારની દ્રષ્ટિએ ૨૦૨૪ના હવે છ સત્ર બાકી છે, ત્યારે સમાપ્ત થઈ રહેલા વર્ષમાં ડિસેમ્બરની ૨૦ સુધીમાં ભારતીય ઈક્વિટીસમાં એફપીઆઈની રૂપિયા ૨૯૧૩૫૫.૯૯ કરોડની નેટ વેચવાલી રહી છે.

વર્તમાન વર્ષની કુલ નેટ વેચવાલીમાંથી રૂપિયા ૧.૧૪ લાખ કરોડની વેચવાલી એકલા ઓકટોબરમાં જ જોવા મળી હતી. ૨૦૧૫થી છેલ્લા એક દાયકામાં ભારતીય ઈક્વિટીસમાં ૨૦૧૯ તથા ૨૦૨૦ના વર્ષને બાદ કરતા એફપીઆઈ દરેક વર્ષમાં નેટ વેચવાલ રહ્યા હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે.

એફપીઆઇની રૂ. ૨.૯૧ લાખ કરોડની ચોખ્ખી વેચવાલી સાથે ૨૦૨૪ની નેટ વેચવાલીનો આંક દાયકાની ઊંચી સપાટીએ છે. એકતરફ વિદેશી ફન્ડોની નેટ વેચવાલી રહી છે જ્યારે બીજી બાજુ ડીઆઈઆઈની વર્તમાન વર્ષમાં રૂપિયા પાંચ લાખ કરોડથી વધુની નેટ લેવાલી જોવા મળે છે.

૨૦૨૦ને બાદ કરતા છેલ્લા એક દાયકામાં ડીઆઈઆઈ ઈક્વિટી કેશમાં નેટ લેવાલ રહ્યા છે. વર્તમાન વર્ષની રૂપિયા પાંચ લાખ કરોડની ઘરેલુ રોકાણકારોની ખરીદી દાયકાની ઊંચી સપાટીએ છે.

ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારતીય ઈક્વિટીસમાં નેટ ખરીદી કર્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) ડિસેમ્બરમાં હવે નેટ વેચવાલ બની રહ્યા છે. વર્તમાન વર્ષમાં હવે ભારતીય શેરબજારમાં કામકાજના છ સત્ર બાકી છે ત્યારે વિદેશી ફન્ડોની વર્ષના અંતિમ ભાગમાં કેવી ચાલ રહે છે, તેના પર વિશ્લેષકોની નજર રહેલી છે. અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડશે તેવા આપેલા સંકેત બાદ શેરબજારોમાં ખેલાડીઓનું માનસ ખરડાયું હતું. ■

# ભાવનગર એસપી દ્વારા પાંચ પીઆઈ, ત્રણ પીએસઆઇ સહિત ૩૧ અધિકારી-કર્મચારીની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લા પોલીસ વડા દ્વારા એક સાથે પાંચ પી.આઇ., ત્રણ પી.એસ.આઇ.ની આંતરિક બદલી કરવામાં આવી હતી. બે પ્રોબેશનરી પી.એસ.આઇ.ની પણ બદલી કરી હતી. ૧૨ મહિલા પોલીસ કર્મચારી અને ૧૬ પુરુષ અને ૩ મહિલા પોલીસ કર્મચારીને પોલીસ સ્ટેશન સાથે હેડ ક્વાર્ટરનો વધારાનો ચાર્જ સોપવામાં આવ્યો હતો. કુલ ૩૧ કર્મચારીઓની બદલી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ભાવનગર જિલ્લા પોલીસ વડા ડો. હર્ષદ પટેલ દ્વારા થોડા સમય અગાઉ અમદાવાદ પી.સી.બી. પી.આઇ. તરીકે ફરજ બજાવી ચુકેલા એમ.સી. ચૌધરીને આઈયુસીએડબલ્યૂ યુનિટમાં મુકાયા હતાં. ભરતનગર પોલીસમાં અગાઉ ફરજ બજાવતા પી.આઇ. ઠાકોરની જગ્યાએ એન. એચ. કુરેશીને ભરતનગર પો.સ્ટેનો કાયમી ચાર્જ સોંપાયો હતો. એ.બી.ગોહિલને વલ્લભીપુરથી તળાજા, પી. એલ. ધામાને તળાજાથી બગદાણા, એચ. બી. ચૌહાણને લીવ રીઝર્વમાંથી વલ્લભીપુર પોલીસ મથકે બદલી કરાઇ હતી. તેમજ પી. એસ. આઇ. સી. એચ.મકવાણાને તળાજાથી દાઠા, એચ. એસ. તિવારીને દાઠાથી પાલિતાણા ટાઉન અને સી. પી. રાઠોડને બોરતળાવથી ભરતનગર પોલીસ મથકે મૂકવામાં આવ્યા છે. બે પ્રોબેશરની પી.એસ.આઇ. જયદીપસિંહ ઇશ્વરજી ગોહિલને પાલિતાણા ટાઉનથી ગારીયાધારની મોટી વાવડી પોલીસ ચોકી, હિતેશભાઇ પ્રતાપભાઇ બારડને ઘોઘાથી તળાજાના દિહોર ઓ.પી. ખાતે મુકાયા છે.

ઉપરાંત ૧૬ પુરુષ પોલીસ કર્મચારી અને ૩ મહિલા પોલીસ કર્મચારીને પોલીસ સ્ટેશન ઉપરાંત ૩૧-૩-૨૦૨૫ સુધી જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફરજ બજાવવાની રહેશે. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફરજ બજાવતા ૧૨ મહિલા પોલીસ કર્મચારીની જાહેર હિતમાં જુદા જુદા પોલીસ મથકે બદલી કરાઇ છે. જેમાં બે મહિલા કર્મીને તળાજા, એક કર્મીને બગદાણા, બે કર્મીને વલ્લભીપુર, એક કર્મીને ઉમરાળા, બે મહિલા કર્મીને ગારીયાધાર અને ચાર કર્મચારી પૈકા બેને પાલિ. રૂરલ અને બેને પાલિતાણા ટાઉનમાં બદલી કરાઇ છે. ■

# માંગરોળમાં થયેલા મગફળી કૌભાંડ મુદ્દે સરકારે તપાસના આદેશ આપી દીધા છેઃ કૃષિપ્રધાન રાઘવજી પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જૂનાગઢ ખાતે બેઠક યોજી છ નગરપાલિકાની આગામી સમયમાં યોજાનારી ચૂંટણી મુદ્દે સમીક્ષા કરી શહેરમાં નગરપાલિકાની ચૂંટણી બાબતે ભાજપના નેતાઓ અને આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં જે નાગરિકોના પ્રશ્નો હોય કે વહીવટી તંત્રના પ્રશ્નો હોય તે માટે તાત્કાલિક નિરાકરણ લાવવા ચર્ચા કરવામાં આવી હતી.

માંગરોળ માર્કેટીંગ યાર્ડમાં મગફળીમાં કોભાંડ થયાના આક્ષેપો મુદ્દે રાઘવજી પટેલે કહ્યું હતું કે, આ બાબતે મને જાણ થતા મેં તાત્કાલિક તપાસ કરવાના આદેશો આપ્યા છે. તેમજ મગફળી મામલે કોઈ કૌભાંડ આચરતું હોય તો તેના વિરુદ્ધ નિયમો અનુસાર કાર્યવાહી થાય તે માટે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે. આવી કોઈપણ પ્રવૃત્તિ થતી હશે તો તેને સાખી લેવામાં આવશે નહીં. સરકાર આવા તત્વોનો બદ ઇરાદો પાર પાડવા નહીં દે. ખેડૂતોને જે યુરિયા અને ખાતરના જથ્થાની જરૂરિયાત છે તે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવવામાં આવ્યો છે. હાલ યુરિયાની અછતનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.

જુનાગઢના તમામ તાલુકાઓના અધિકારીઓને પદાધિકારીઓ દ્વારા વણઉકેલ્યા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જે મામલે આ તમામ પ્રશ્નોની વ્યવસ્થિત નોંધ કરી તમામ કક્ષાએથી પ્રશ્નોનું નિરાકરણ આવે તેવી સૂચના આપવામાં આવી હતી. તેમ જ રાજ્ય કક્ષાના પ્રશ્નો છે તેની પ્રભારી મંત્રી તરીકે આ પ્રશ્નનો નિરાકરણ લાવવા શહેરી વિકાસ કમિશનર અને મુખ્ય પ્રધાનને રજૂઆત કરી વહેલી તકે ઉકેલ આવશે તેવી ખાતરી આપી હતી. ■

# ઝિંઝુવાડા રણમાં નર્મદાનું પાણી ફરી વળતાં મીઠું પકવતા અગરિયાઓની કફોડી સ્થિતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છનું નાનુ રણ સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી અને ઝિંઝુવાડા વિસ્તારમાં પથરાયેલું છે. આ રણમાં નર્મદા કેનાલનું વેસ્ટ પાણી ફરી વળતા રણનો ૩૦ કિ.મી. નો વિસ્તાર બેટમાં ફેરવાઈ જવાથી મીઠું પકવતા અગરીયાઓના પાટા ધોવાઈ ગયા હતાં. ઝૂંપડા અને અને સોલાર પેનલ સુધી પાણી ફરી વળતા મીઠુ પકવતા ગરીબ અગરિયાઓ પાયમાલ બન્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા અને પાટડી તાલુકાના નિમકનગર, કોપરણી, કુડા, ખારાઘોડા, સહિતના અંદાજે પાંચ હજાર અગરિયાઓ રણમાં પાટા ભરી મીઠાની ખેતી કરે છે. આ રણ વિસ્તારમાં નર્મદાનું વેસ્ટ પાણી ફરી વળવાના અહેવાલ પ્રાપ્ત થતાં જ નર્મદા વિભાગના અધિકારીઓની ટીમ રણમાં દોડી આવી હતી. આ ટીમે ઝીંઝુવાડા રણમાં કઈ કેનાલમાંથી પાણી આવ્યું એ જાણવા કેનાલની રૂબરૂ મુલાકાત લઇને સ્થિતિની સમીક્ષા કરી હતી. ઝીંઝુવાડા રણમાં નર્મદાના આલા અધિકારીઓ પહોંચ્યા ત્યારે જ રણમાં કેનાલના પાણીની આવક વધતાં તાકીદે કેનાલનું પાણી બંધ કરવાની કડક સૂચનાઓ આપી હતી. કચ્છના નાના રણમાં અંદાજે ત્રણસો જેટલા મીઠાના પાટા નર્મદાનું પાણી ફરી વળતા પાણીમાં ગરકાવ થયા હતાં. અગરિયાઓએ પકવેલું મીઠું ધોવાઈ જતાં મોઢામાં આવેલો કોળયો છીનવાઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. ■

# સિંચાઈ સમિતિની બેઠકમાં તાલાલાના ખેડૂતોને શિયાળુ અને ઉનાળુ વાવેતર માટે પાણી આપવાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથના તલાલા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનો નિર્ણય કરાતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ હતી. ઉમરેઠી ગીર સ્થિત હિરણ એક અને બે તથા કમલેશ્વર ડેમમાંથી ઉનાળુ વાવેતર માટે તેમજ કોડીનાર શિંગોડા ડેમમાંથી શિયાળુ વાવેતર માટે સિંચાઈનું પાણી આપવા સિંચાઈ સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર યુ. વી. રખાસીયાએ કહ્યું હતું કે, સિંચાઈ સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ઉમરેઠી સ્થિત હિરણ- ૨ ડેમ હેઠળના તાલાલા-વેરાવળ તાલુકાનાં કેનાલ આધારિત ૨૦ ગામોને ઉનાળુ વાવેતર માટે પાણી આપવા સિંચાઈ સમિતિની બેઠકમાં માગણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઉનાળુ વાવેતર માટે ડેમમાંથી પ્રથમ વખત નવ પાણ આપવાનો ખેડૂતો માટે અતિ ઉપયોગી નિર્ણય લેવાયો હતો. કોડીનાર સહિત શિંગોડા ડેમમાંથી પણ સિંચાઈ માટે પાણી આપવા નિર્ણય થતાં પાણી આપવાનું શરૂ કરી દેવાયું છે. ગીર સોમનાથનાં સૌથી મોટા ડેમ શિંગોડા સિંચાઈ યોજનામાંથી શિયાળુ પાક માટે ખેડૂતોને સિંચાઈ માટે પાંચ પાણી આપવાનું સિંચાઈ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. કોડીનાર તાલુકાના ખેડૂતોનાં ખેતર રવિપાક માટે તૈયાર થઈ ચૂક્યા છે. ઘઉં તેમજ ચણા અને રાઈડો સહિતના પાકોનું વાવેતર થઈ રહ્યું છે. આ પાક માટે જરૂરી પાણી શિંગોડા ડેમમાંથી સિંચાઈ માટે અપાઈ રહ્યું છે. ■

# માંડવી વિસ્તારમાંથી 30 વીજ જોડાણોમાં ૧૨.૭૧ લાખની વીજ તસ્કરી ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વીજતંત્ર દ્વારા વીજતસ્કરો પર લગામ લાવવાના પ્રયાસ અર્થે શરૂ કરી દેવામાં આવેલી રાજ્યવ્યાપી ઝુંબેશ અંતર્ગત વીતેલા પખવાડિયાથી વીજ વિભાગની ટુકડીઓ દ્વારા કચ્છમાં વ્યાપક સરપ્રાઈઝ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની રાજકોટ સ્થિત કોર્પોરેટ ઓફિસમાંથી આવેલી ટુકડીઓ દ્વારા બંદરીય માંડવી વિભાગમાં વીજ જોડાણોનું નિરીક્ષણ કરાયું હતું જેમાં માંડવી શહેર અને ગ્રામ્ય પેટા વિભાગ કચેરી હેઠળના વિસ્તારમાં વીજચેકિંગ માટે ઉતરેલી વિવિધ ૨૧ ટુકડીએ ૨૨૭ ઘર વપરાશના અને ૯૧ જેટલા વાણિજ્યિક વીજ જોડાણ તપાસ્યાં હતાં જે પૈકી ૩૦ વીજ જોડાણોમાં જુદી-જુદી રીતે વીજચોરી થતી હોવાનું માલૂમ પડતાં રૂ. ૧૨.૭૧ લાખના દંડ સહિતના બિલ આપવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીજચોરીની વ્યાપક ફરિયાદો વચ્ચે સમયાંતરે પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા આ પ્રકારની ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય છે.

આ ઝુંબેશ હજુ પણ ચાલુ રહેવાનું પીજીવીસીએલના સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. ■

# દીન દયાલ પોર્ટના નોકરીયાતને છ મહિલાઓ સહિત ૧૧ જણની ગેંગે હની ટ્રેપમાં ફસાવી ૨૩ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કંડલા ખાતે નોકરી કરનારા આધેડ વયના નોકરીયાતને હની ટ્રેપમાં ફસાવી ભુજ, માધાપર, ગાંધીધામ અને અંજારની છ કુખ્યાત મહિલાઓ અને અન્ય પાંચ યુવકોએ બ્લેકમેઈલ કરીને રૂ.૨૩ લાખ પડાવી લીધા હોવાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. દીન દયાળ પોર્ટ ઓથોરોટીના ૫૫ વર્ષીય આધેડ કર્મચારીને બ્લેકમેઇલ કરી, સૌપ્રથમ નવેમ્બર ૨૦૨૩માં આ ગેંગે ૮ લાખ રૂપિયા પડાવ્યા હતા.



(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

અંજારના મેઘપર બોરીચીની નીલકંઠ પાર્ક સોસાયટીમાં રહેતી ૪૦ વર્ષીય રત્ના ઊર્ફે આરાધના કાળુ રાણાએ આધેડને ઘરે બોલાવ્યો હતો. ફરિયાદી આરાધનાના ઘરે ગયો ત્યારે તેનો દિવ્યા નામની છોકરી સાથે પરિચય કરાવ્યો હતો. આ દરમ્યાન સુમિત રાણા નામના શખ્સે ફરિયાદીનો નગ્ન હાલતમાં રહેલો વીડિયો રેકોર્ડ કરી લીધો હતો અને બ્લેકમેઇલ કરી રૂ.૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ ગત ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ દેહ વ્યાપારનો વ્યવસાય કરતી ફાલ્ગુની પ્રહલાદ મકવાણા નામની મહિલાએ આધેડના કહેવાથી એક યુવતીને તેના ઘરે મોકલાવી હતી જ્યાં અગાઉની મોડ્સ ઓપરેન્ડી મુજબ અશ્લીલ વીડિયો કલીપ રેકોર્ડ કરાવીને બળાત્કારની ખોટી ફરિયાદમાં ફીટ કરવાની અને ન્યૂડ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને ૩૦ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. રકઝકના અંતે ૧૩ લાખ રૂપિયામાં પતાવટ કરવાનું નક્કી થતાં ત્રણ લાખ રૂપિયા ચૂકવી દીધા, બાકીના ૧૦ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવા માટે આધેડે સ્ટેટ બેન્કમાંથી ૯ લાખ રૂપિયાની કેસ લોન,પગાર અને બચતના એક લાખ રૂપિયા ઉમેરીને પૂરા ૧૩ લાખ આપી દીધા હતા. એકાદ માસ બાદ ફરી આરાધનાએ ભોગ બનનારને ફોન કરીને 'મારી પાસે હજુ તમારા વીડિયો છે' કહીને ત્રાસ આપવો ચાલુ કરી દીધો હતો. ડીપીએના કર્મીએ નોંધાવેલી ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસે આરાધના ઊર્ફે રત્ના, ફાલ્ગુની મકવાણા, જાનકી ચાવડા, કુસુમ વરસાણી, કુલદીપ મકવાણા અને રાજ જરુની ધરપકડ કરી લીધી છે. હજુ દિવ્યા, સુમિત રાણા, જહાનવી, મિતુલ સુથાર અને પોતાને ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકના ડી સ્ટાફમાં હોવાની ઓળખાણ આપનારા નકલી પોલીસમેન બનેલા રાજ પટેલની ધરપકડ કરવાની બાકી હોવાનું પોલીસે ઉમેર્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, જાનકી ચાવડા અને કુસુમ વરસાણી વિરુદ્ધ હની ટ્રેપના અનેક ગુનાઓ નોંધાઈ ચુક્યા છે. સ્વરૂપવાન જાનકીએ સાત વર્ષ અગાઉ ભુજના ઓધવપાર્ક ૦૨માં આવેલા રહેણાંકમાંથી બે સાગરીતો સાથે મળીને આંગણામાં પડેલી ચાવીથી તાળું ખોલીને ૨૫ હજાર રોકડાં અને ૩૦ હજારના દાગીના મળી ૫૫ હજારની ચોરી કરી હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૨૨માં જાનકીએ અન્ય પાંચ સાગરીતો સાથે મળીને મુંદરાના બારોઈના યુવકને ભુજના સંસ્કારનગરના મકાનમાં લઈ જઈને હની ટ્રેપ કરી, પતાવટ માટે અઢી લાખ રૂપિયાની માંગણી કરેલી. જે અંગે ૨૪-૦૫-૨૦૨૨ના રોજ ભુજ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ચકચારી ગુનાના ત્રણ માસ અગાઉ જાનકીએ કુસુમ વરસાણી સાથે મળીને સુખપરના એક યુવકને આ જ રીતે હની ટ્રેપ કરી નકલી પોલીસના નામે રેઈડ પડાવી ૧૨.૧૬ લાખ રૂપિયા પડાવ્યાં હતાં. કુસુમે ત્રણેક વર્ષ અગાઉ ભુજના પત્રકાર સાથે મળીને માંડવી નજીક આવેલા ગુરુકુળના એક યુવાન સંતને પણ હની ટ્રેપ કરી, ફોન સેક્સની કિલપના આધારે ખંડણી માંગી હતી. ■

# ભુજની અદાણી મેડિકલ કોલેજના રસોડામાં સાહાર રાંધવાની સાથે મિજબાનીનો વીડિયો ફરતો થતાં હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજસ્થિત અદાણી મેડિકલ કોલેજના રસોડામાં માંસાહાર રાંધવાની સાથે મિજબાની કરવામાં આવી હોવાનો એક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે ઊહાપોહ મચી ગયો હતો.

છાત્રો માટેના રસોડામાં માંસાહારની મિજબાનીનો અજ્ઞાત વ્યક્તિ દ્વારા કેપ્ચર કરવામાં આવેલો વીડિયો વાયરલ થતાં અદાણી મેડિકલ કોલેજના મેનેજમેન્ટ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

આ મામલે અદાણી મેડિકલ કોલેજના આલાપ જોબનપુત્રાએ જણાવ્યું હતું કે, વીડિયો બહાર આવ્યા બાદ આંતરિક તપાસમાં રસોડાના સુપરવાઇઝરની ગેરહાજરીમાં ચાર જેટલા સાફ-સફાઈ કરનારા પરપ્રાંતિય કામદારોએ આ માંસાહાર બનાવીને તેને આરોગ્યું હોવાનું જાણવા મળ્યા બાદ આ ચારેય કામદારોને છૂટા કરાયા હતાં.

આ પરપ્રાંતિય મજૂરો દ્વારા રાંધવામાં આવેલી નોનવેજ વાનગીનો વીડિયો હોવાનું અને કથિત મિજબાનીમાં કોલેજનો કોઈ પણ છાત્ર તેમાં સામેલ ન હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. રસોઈ ઘરનું મેનેજમેન્ટ કરનારી જોજન પેઢીને પણ કારણદર્શક નોટિસ આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.■





તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ

## રાજકોટમાં ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાતા વાહનચાલકોને મુશ્કેલી

ગુજરાત પર વરસાદી સિસ્ટમ સક્રિય થતા ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. અરબસાગર પરથી આવતા ભેજને કારણે ગુજરાતના તાપમાનમાં વધારો નોંધાયો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં રવિવારે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. રાજકોટમાં બે દિવસથી ધુમ્મસ છવાયું હતું. જેના કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# કચ્છના નાના રણમાં વચ્છરાજ દાદાના મંદિરની આઠ હજાર ગાયો માટે ચાર ગામના લોકોએ ૧૧૩ ટ્રેક્ટર ચારો આપ્યો



(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની વૈશ્વિક ઓળખ સમા નાના રણમાં બિરાજતા વચ્છરાજ દાદાના મંદિર હસ્તકની હજારો ગૌમાતાની જઠરાગ્નિ ઠારવા માટે ચાર ગામના સેવાભાવીઓ દ્વારા ૧૧૩ ટ્રેક્ટર ભરીને મગફળીનો ભૂકો દાનમાં આપીને અનોખો સેવાયજ્ઞ ચલાવ્યો છે.

કચ્છના નાના રણમાં વીર વચ્છરાજ દાદાના મંદિરના સાંનિધ્યમાં વર્ષોથી ૮૫૦૦થી વધુ ગૌમાતાને આશરો આપી નિરંતર સેવા થઇ રહી છે ત્યારે ગૌમાતાઓ માટે ધ્રાંગધ્રા તાલુકાના કોંઢ, કૈલાસનગર, કલ્યાણપુર અને કનકેશ્વર ગામના સેવાભાવી લોકો દ્વારા ૧૧૩ જેટલા ટ્રેક્ટરોને ભરીને ગૌશાળા માટે મગફળીનું પાનું મોકલી આપવામાં આવ્યું હતું.

વીર વચ્છરાજ દાદાનું મંદિર લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. ત્યારે અહીં રહેલી ગાયોના નિભાવ માટે સેવાભાવી આગેવાનોએ સેવાની સરવાણી વહાવી છે જેની વિશ્વના પ્રત્યેક જીવદયા પ્રેમીએ નોંધ લીધી છે. ■

# ભાવનગર નારી જીયોનલ સાયન્સ સેન્ટર ખાતે દેશની સૌથી મોટી ઝોનલ લેવલ ક્વિઝનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ભારતની સૌથી મોટી સ્ટેમ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝ માટેના મોક ટેસ્ટ રાઉન્ડ અને પ્રિલીમરી રાઉન્ડ ઓનલાઈન લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ ઝોનલ લેવલ ક્વિઝનું આયોજન રીજીયોનલ સાયન્સ સેન્ટર ભાવનગર ખાતે આજરોજ કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર, બોટાદ, અમરેલી અને ગીરસોમનાથના તમામ તાલુકામાંથી કુલ ૩૨ તાલુકાના ૩૨૦ વિદ્યાર્થીઓ, તાલુકા કોર્ડીનેટર અને સીએસસી કોર્ડીનેટર સાથે આરએસસી ભાવનગર ખાતેની ઝોનલ લેવલની ક્વિઝમાં ભાગ લીધો હતો. ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા ઇનામો આપવામાં આવ્યાં હતાં. જેમાંથી તાલુકાવાર ટોપ ૪ વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી હતી, જે ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ લેવલમાં ભાગ લેશે. ફાયનલ વિજેતા ને રૂપિયા ૨ કરોડ સુધીના ઇનામો આપવામાં આવશે.



(તસવીર, વિપુલ હિરાણી)

# પ્રોહિબિશનના ૫૬થી વધુ ગુનાના કુખ્યાત બુટલેગરને સ્ટેટ મોનિટરિંગ સેલે ભુજમાંથી દબોચ્યો

ભુજઃ જેના પર શરાબ સંબંધિત ૫૬ જેટલા ગુના નોંધાયેલા છે તેવા કુખ્યાત વાગડના બુટલેગરને ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને ભુજમાંથી ઝડપી લીધો હતો. મૂળ રાપર હાલ ભુજ એરપોર્ટ રોડ ખાતે રહેતા કુખ્યાત બુટલેગર પુના ભરવાડ વિરુદ્ધ ૫૬થી વધુ પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે. આવા જ ચાર ગુના અને પાસાની અટકમાં પણ છેલ્લા નવ માસથી તે નાસતો-ફરતો હતો. ભુજમાં જ રહેતા આ આરોપીને સ્થાનિક પોલીસ અગમ્ય કારણોસર પકડી ન શકતા ગાંધીનગરથી એસએમસીને ભુજ આવવું પડ્યું હતું અને ખાનગી બાતમીના આધારે પુના ભરવાડને ભુજ-મુંદરા રોડ પર આવેલી એક ખાનગી હોસ્પિટલ પાસેથી ઝડપી લીધો હતો. ■

# ભાવનગરમાં ગૌશાળા ખાતે બે સિંહોનો ગાય પર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના તળાજા પંથકમાં સિંહનો ગૌશાળામાં ગાય પર હુમલો અને મથાવડા ગામની ખુલ્લી જગ્યા પવનચક્કી નજીક એક દીપડાનો મૃતદેહ મળ્યો હતો. જે ફોટા વાયરલ થયા હતા એ જોતા દિપડાને જમીનમાં અડધો દાટ્યો હોવાનું સામે આવ્યું હતું.

દાતરડ ભેગાળી ગામ વચ્ચે લાલ ટીમબા આશ્રમ ખાતે આવેલ ગૌશાળાની ગાય પર બે સિંહો એ હુમલો કર્યો હતો. આ વિસ્તારમાં આ પ્રકારની પ્રથમ ઘટના બની હતી. આર.એફ.ઓ રાજુ ઝીંઝુવાડિયા એ જણાવ્યું હતું કે બે પાઠડા સિંહ રાજસ્થળી તરફથી આવ્યા હતાં અને ગાય પર હૂમલો કરી ઇજા પહોંચાડી હતી. મથાવડા ગામની ખુલ્લી જમીનમા એક દીપડાનો મૃતદેહ ગ્રામજનોની નઝરે ચડ્યો હતો. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું હતુ કે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં વિદ્યાર્થીઓ આ તરફથી નીકળ્યા ત્યારે તેમની નઝરે મૃત દીપડો મળ્યો હતો. જેને લઈ ગ્રામજનો દોડી ગયા હતા.■